દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 272 ■ વિક્રમ સંવત ૨૦૮૨
કાર્તિક વદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 November 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૧૮ નવેમ્બર ૨૦૨૫ (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## શેખ હસીનાને સજા-એ-મોત

ઢાકા : બાંગ્લાદેશનાં પદભ્રષ્ટ કરવામાં આવેલાં વડાં પ્રધાન શેખ હસીનાને તેમની ગેરહાજરીમાં સ્પેશ્યલ ટ્રિબ્યૂનલે ગયા વર્ષે વિદ્યાર્થીઓની આગેવાની હેઠળના વિરોધ પ્રદર્શન પર અત્યાચારી તવાઈ કરવાના તેની સરકારના 'માનવતા વિરુદ્ધના ગુના' બદલ ફાંસીની સજા કરવામાં આવી છે.

એક મહિના ચાલેલા ખટલા બાદ દેશના ઈન્ટરનેશનલ ક્રાઈમ ટ્રિબ્યૂનલે (આઈસીટી) અવામીના ૭૮ વર્ષનાં નેતાને સેંકડો દેખાવકારો પરના હિંસક દમનના 'સૂત્રધાર અને મુખ્ય ઘડવૈયા' ગણાવ્યા હતા. વ્યાપક દેખાવો બાદ પાંચ ઑગસ્ટે બાંગ્લાદેશમાંથી નાસીને હસીના ભારતમાં રહે છે. અગાઉ અદાલતે તેમને ભાગેડુ જાહેર કર્યાં હતાં.

.ફેબ્રુઆરીમાં યોજાનારી ચૂંટણીમાં અવામી લીગના લડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

ઢાકામાં પ્રચંડ સુરક્ષા વચ્ચે આઈસીટીએ ચુકાદો વાંચી સંભળાવ્યો હતો. તેણે કહ્યું હતું કે એમાં કોઈ બે મત નથી કે ગયા વર્ષે જુલાઈ-ઑગસ્ટના વિરોધ પ્રદર્શન પર જીવલેણ દમન પાછળ શેખ હસીના હતાં. (એજન્સી)■



### ચુકાદો રાજકીય બદઈરાદાવાળો છે

નવી દિલ્હી : બાંગ્લાદેશમાં પોતાની ગેરહાજરીમાં ચાલેલા ખટલામાં ટ્રિબ્યૂનલે આપેલી ફાંસીની સજાના ચુકાદા પર પ્રતિક્રિયા આપતાં હસીનાએ કહ્યું હતું કે આ ચુકાદો બિનચૂંટાયેલી સરકાર જેની પાસે લોકતાંત્રિક જનાદેશ નથી એના દ્વારા રચાયેલી ઘાલમેલવાલી ટ્રિબ્યૂનલે આપ્યો છે. આ ચુકાદો પક્ષપાતી અને રાજકીય બદઈરાદાવાળો છે. તેમણે એક નિવેદનમાં કહ્યું હતું કે મને ફાંસીની સજા આપીને વચગાળાની સરકારની અંદરના અંતિમવાદીઓના બાંગ્લાદેશનાં છેલ્લાં ચૂંટાયેલા વડા પ્રધાનને કાઢવાના અને અવામી લીગને રાજકીય પરિબળ તરીકે ખતમ કરવાના હત્યારા અને બેશરમ ઈરાદા છતા થાય છે. હું મારા પર ખોટા આરોપ કરનારાથી ગભરાતી નથી અને યોગ્ય ટ્રિબ્યૂનલમાં તેમનો સામનો કરવા તૈયાર છું જ્યાં પુરાવાને નિષ્પક્ષતાથી ધ્યાન પર

(જુઓ પાનું ૨) ▶▶

## ટૅરિફની ખેંચતાણ વચ્ચે એલપીજી માટે અમેરિકા સાથે ભારતના ઐતિહાસિક કરાર

નવી દિલ્હી: અમેરિકા પાસેથી લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગૅસ (એલપીજી)ના આયાત કરવા ભારતે સોમવારે ઐતિહાસિક કરાર પર સહી કરી હોવાનું સત્તાવાર કરવામાં આવેલી જાહેરાતમાં જણાવવામાં આવ્યું હતું.

ભારતના પેટ્રોલિયમ અને કુદરતી ગૅસ ખાતાના પ્રધાન હરદીપ સિંહ પુરીએ આને ભારતીય બજાર માટે એલપીજી મેળવવા અમેરિકા સાથે ભારતના પ્રથમ માળખાગત કરાર લેખાવ્યા હતા.

અમેરિકાના સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં પુરીએ લખ્યું હતું કે અમેરિકા માટે વિશ્વના સૌથી મોટા બજારોમાંનું એક અને સૌથી ઝડપી વિકસી રહેલું એલપીજી બજાર ખૂલી ગયું છે.

ભારતના લોકોને સુરક્ષિત અને પરવડી શકે તેવા ભાવે એલપીજી પૂરો પાડી શકાય તે માટે અમે અમારા એલપીજી સ્રોતોમાં વિવિધતા આણી રહ્યા છીએ.

આ પગલાંને મહત્ત્વનું લેખાવતાં પૂરીએ કહ્યું હતું કે ભારતની જાહેરક્ષેત્રની તેલ કંપનીઓએ સફળતાપૂર્વક આયાત માટેના એક વર્ષ લાંબા આ કરાર કર્યા છે.

આ કરાર અંતર્ગત ભારત વર્ષે પચીસ લાખ ટન એલપીજી આયાત કરશે જે ભારતની કુલ આયાતી જરૂરિયાતના ૧૦ ટકા હશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

## દિલ્હી બ્લાસ્ટ

## શૂ બૉમ્બર ઉમરનો ઓર એક સાથી પકડાયો

### આમિર રાશિદે સૅફ હાઉસ અને બીજા સપોર્ટ ઉમરને પૂરા પાડ્યા હતા

નવી દિલ્હી: ગયા અઠવાડિયે દિલ્હીના લાલ કિલ્લાની નજીક કરવામાં આવેલા કાર બૉમ્બ બ્લાસ્ટને મામલે તપાસ કરી રહેલી નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ આત્મઘાતી બૉમ્બર ઉમર નબીના સક્રિય સહયોગી કાવતરાંખોર જાસિર બિલાલ વાણીની શ્રીનગરથી ધરપકડ કરી હોવાનું અધિકારીઓએ સોમવારે કહ્યું હતું. આ બ્લાસ્ટમાં ૧૫ જણનાં મોત થયાં હોવા ઉપરાંત અનેક જણ ઘાયલ થયા હતા.

દિલ્હી લાલ કિલ્લા નજીક કરવામાં આવેલા અને ૧૫ વ્યક્તિનો ભોગ લેનારાં બ્લાસ્ટ કેસને મામલે ચાલી રહેલી તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે જૈસ-એ-મોહંમદ સાથે સંકળાયેલો આત્મઘાતી હુમલાખોર

(જુઓ પાનું ૨) ▶▶

### પાતાળમાંથી પણ ગુનેગારોને શોધી કાઢીશું: અમિત શાહ

ફરીદાબાદ: કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સોમવારે દિલ્હી વિસ્ફોટ માટે જવાબદાર લોકોને શોધી કાઢવાની પ્રતિજ્ઞા લીધી હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે ગુનેગારોને પાતાળના તળિયેથી પણ શોધી કાઢવામાં આવશે અને શક્ય તેટલી કડક સજા અપાશે. અહીં ઉત્તરી ઝોનલ કાઉન્સિલ (એનઝેડસી)ની ૩૨મી બેઠકને સંબોધતા શાહે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં

(જુઓ પાનું ૨) ▶▶

## સાઉદીમાં અકસ્માત ૪૨ ભારતીય યાત્રાળુનાં મોત

### બસ ઑઈલ ટેન્કર સાથે અથડાઈ : આમાં એક જ પરિવારના ૧૮ના જીવ ગયા

હૈદરાબાદ/જેદ્દાહ : સાઉદી અરેબિયાના મદીનામાં તેલંગણાની રાજધાની હૈદરાબાદના જાત્રાળુઓને લઈ જતા બસ સાથે ઑઈલ ટેન્કર અથડાતા ઓછામાં ઓછા ૪૪ જણનાં મોત થયાં હતાં. આમાંથી ૪૨ જણ તેલંગણાથી ઉમરાહની યાત્રાએ જનારા ભારતીયો છે. સ્થાનિક સત્તાવાળાઓ એ વાતને સમર્થન આપ્યું હતું કે એક ભારતીય બચી ગયો છે અને તેનો ઉપચાર ચાલુ છે. બસમાં રહેલા બે સ્થાનિક કર્મચારીના પણ મરણ થયાં છે. મૃતદેહને કિંગ ફહાદ હૉસ્પિટલ, કિંગ સલમાન હૉસ્પિટલ અને અલ મિકત હૉસ્પિટલમાં રાખવામાં આવ્યા છે. ભારતીય મિશનના અધિકારીઓ જેદ્દાહમાં સ્થાનિક સત્તાવાળાઓ સાથે સંકલન કરી રહ્યા છે.

મૃતકોની ઓળખાણ થાય પછી તેમના કુટુંબીજનો પાસે બે વિકલ્પ હશે. એક, કે અવશેષોને ભારત લઈ જવામાં આવે અથવા તો સ્થાનિક રૂઢી પ્રમાણે જન્નતુલ બકી કબ્રસ્તાનમાં તેમની દફનવિધિ થાય.

ભારતીય સમય મુજબ સવારના સાડાઅગિયાર વાગ્યે

(જુઓ પાનું ૨) ▶▶





**આરતી:**
બેંગલૂરુમાં સોમવારે કડાલેકાઈ પારિશે (મગફળી મેળા) દરમિયાન ભગવાન શિવજીના પવિત્ર નંદીની આરતી કરી રહેલો પૂજારી. (એજન્સી)

## 'ઑપરેશન સિંદૂર' તો પાકિસ્તાન માટે ૮૮ કલાકનું ટ્રેલર હતું: લશ્કરી વડા

નવી દિલ્હી: તાત્કાલિક કાર્યવાહી અને સંરક્ષણ ક્ષમતાએ ઑપરેશન સિંદૂરના સ્વરૂપે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવાની તક પૂરી પાડી હોવા પર ચીફ ઑફ આર્મી સ્ટાફ (સીઓએએસ) ઉપેન્દ્ર દ્વિવેદીએ સોમવારે પ્રકાશ પાડ્યો હતો. ઑપરેશન સિંદૂરને '૮૮ કલાકનું ટ્રેલર' લેખાવતાં તેમણે કહ્યું હતું કે જો એવા સંજોગો ઊભા થાત તો પાકિસ્તાનની સેનાને પડોશી દેશ સાથે જવાબદારીપૂર્વક કેમ વર્તવું તેનાં પાઠ ભણાવવા ભારતીય સશસ્ત્ર દળ તૈયાર હતું. ભારત આતંકવાદીઓ અને તેમના સમર્થકોને સમાન રીતે ધ્યાનમાં લેવાનું ચાલુ રાખશે, અને તે આતંકવાદનો કડક જવાબ આપશે, એમ સેનાધ્યક્ષ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ સોમવારે પાકિસ્તાનને એક કડક સંદેશ આપતા જણાવ્યું હતું. એક ઇન્ટરેક્ટિવ સત્રમાં, એમણે વ્યાપકપણે એમ પણ કહ્યું કે બંને દેશના નેતૃત્વ વચ્ચેની વાતચીત બાદ છેલ્લા એક વર્ષમાં ચીન સાથે ભારતના સંબંધોમાં સુધારો થયો છે.

પાકિસ્તાન તરફથી સરહદ પારના આતંકવાદ પર, જનરલ દ્વિવેદીએ કહ્યું કે નવી દિલ્હી પાકિસ્તાન સાથે વ્યવહાર કરવામાં નવી સામાન્ય નીતિનું પાલન કરી રહ્યું છે, અને જો તે ભારતને નિશાન બનાવતા આતંકવાદી જૂથોને સમર્થન આપવાનું ચાલુ રાખશે તો તે પડોશી દેશ માટે એક પડકાર હશે. "ભારત પ્રગતિ અને સમૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જો કોઈ આપણા માર્ગમાં અવરોધો ઉભા કરે છે, તો આપણે તેમની સામે કેટલીક કાર્યવાહી કરવી પડશે," એમ તેમણે કહ્યું. "અમે કહ્યું છે કે વાતચીત અને આતંકવાદ એકસાથે થઇ શકતા નથી; લોહી અને પાણી એકસાથે વહી શકતા નથી. અમે શાંતિપૂર્ણ પ્રક્રિયા માટે છીએ, જેમાં અમે સહયોગ કરીશું. ત્યાં સુધી, અમે આતંકવાદીઓ અને તેમના પ્રાયોજકો સાથે સમાન વર્તન કરીશું," તેવું એમણે કહ્યું. "આજે, ભારત એવી સ્થિતિમાં છે કે તે કોઈપણ બ્લેકમેઇલિંગથી ડરતું નથી." "આતંકવાદ સામે લડવામાં આપણી નવી સામાન્યતા પાકિસ્તાન માટે એક પડકાર હશે,"એમ તેમણે કહ્યું. (એજન્સી)■

## અલ-ફલાહ યુનિવર્સિટીના અનધિકૃત બાંધકામને તોડી પાડવાની તૈયારી

નવી દિલ્હી: અલ ફલાહ યુનિવર્સિટીમાં આતંકી કાવતરાના ખુલાસા બાદ હવે જમીન પર દબાણ અને નિર્માણ સબંધી ગેરરીતિઓનો પણ ખુલાસો થવા માંડ્યો છે. તપાસ બાદ યુનિવર્સિટીમાં ગેયકાયદે થયેલા બાંધકામને તોડી પાડવાની યોજના બનાવવામાં આવી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વહીવટી તંત્ર દ્વારા નિયમોના ઉલ્લંઘનને લઈને ગંભીર આરોપોની તપાસ આદરી દેવામાં આવી છે. સૂત્રો જણાવ્યા અનુસાર, યુનિવર્સિટી વહીવટી તંત્રએ લગભગ ૮૦ એકર પરિસરમાં માત્ર સરકારી કે ગ્રામ્ય માર્ગો પર કબજો જ નહીં પરંતુ અનેક ગેરકાયદે ઇમારતનું નિર્માણ કરી દીધું છે. આ મામલે ડીટીઓ એન્ફોર્સમેન્ટ, મામલતદાર યુનિવર્સિટીના માપણીના આધારે ગેરકાયદે બાંધકામ તોડી પાડે તેવી શક્યતા છે.

ગ્રામલોકોનો આરોપ છે કે જ્યારે ૧૯૯૦ માં યુનિવર્સિટી કેમ્પસનું વિસ્તરણ શરૂ થયું, ત્યારે કુલપતિએ મનસ્વી રીતે અનેક ગ્રામ્ય માર્ગો પર દબાણ કર્યું હતું, જેના કારણે ખેડૂતો માટે તેમના ખેતરોમાં જવું જ મુશ્કેલ બન્યું હતું. શરૂઆતમાં, એન્જિનિયરિંગ કોલેજ ૩૦ એકર જમીન પર બનાવવામાં આવી હતી, પરંતુ બાદમાં, ઇમારતોનું વિસ્તરણ કરવા અને રસ્તાઓને કેમ્પસમાં સમાવવા માટે આસપાસની જમીન ખરીદવામાં આવી હતી. ■

## પાકિસ્તાનમાં જાફર એક્સપ્રેસ પર ફરી હુમલો, બીઆરજી જૂથે લીધી જવાબદારી

ઇસ્લામાબાદ : પાકિસ્તાનમાં રેલવે પર વારંવાર થતા હુમલાઓ વચ્ચે ફરી એક વખત જાફર એક્સપ્રેસને નિશાન બનાવવામાં આવી છે. આ વખતે ક્વેટાથી પેશાવર જતી આ ટ્રેન પર સિબી જિલ્લાના નસીરાબાદ વિસ્તારમાં આઈઈડી વિસ્ફોટ કરવામાં આવ્યો હતો. જેના કારણે ટ્રેનની અનેક બોગીઓ પાટા પરથી ઊતરી ગઈ હતી. આ ઘટનાએ પાકિસ્તાની અધિકારીઓને ચિંતામાં મૂકી દીધા છે, કારણ કે આ પહેલા પણ આ ટ્રેન પર અનેક વખત હુમલા થયા છે.

આ વિસ્ફોટ સિબી જિલ્લાના નસીરાબાદ વિસ્તારમાં થયો હતો, જ્યાં આઈઈડીનો ઉપયોગ કરીને જાફર એક્સપ્રેસને નુકસાન પહોંચાડવામાં આવ્યું. પરિણામે ટ્રેનની અનેક બોગીઓ પાટા પરથી ખસી ગઈ અને રેલવે ટ્રેકને પણ મોટું નુકસાન થયું છે. પાકિસ્તાની અધિકારીઓએ આ વાતની પુષ્ટિ કરી છે કે હુમલા પછી તરત જ સુરક્ષા દળોને મોટી સંખ્યામાં તહેનાત કરવામાં આવ્યા છે, જેથી વધુ કોઈ અનિચ્છનીય ઘટના ન બને. બલૂચ રિપબ્લિકન ગાર્ડ્સ (બીઆરજી) નામના જૂથે આ હુમલાની જવાબદારી લીધી છે. તેમના પ્રવક્તા દોસ્તૈન બલૂચે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું કે તેમના સ્વતંત્રતા સેનાનીઓએ રિમોટ કંટ્રોલથી આ વિસ્ફોટ કર્યો છે. તેઓએ દાવો કર્યો કે આમાં અનેક પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા છે, પરંતુ પાકિસ્તાની અધિકારીઓએ કોઈ જાનહાનિની પુષ્ટિ કરી નથી. બીઆરજીએ કહ્યું કે બલૂચિસ્તાનની આઝાદી મળે ત્યાં સુધી આવા હુમલા ચાલુ રહેશે.

જાફર એક્સપ્રેસ પાકિસ્તાન રેલવેની મુખ્ય યાત્રી ટ્રેન છે, જે ક્વેટાથી પેશાવર વચ્ચે દરરોજ એક-એક ફેરો કરે છે. આ ટ્રેન રોહરી-ચમન અને કરાચી-પેશાવર રેલ્વે લાઇન પરથી પસાર થઈને ૧,૬૩૨ કિલોમીટરનું અંતર કાપે છે, જેમાં લગભગ ૩૪ કલાક અને ૧૦ મિનિટ લાગે છે. આ ટ્રેન પર અગાઉ પણ અનેક વખત હુમલા થયા છે, જેના કારણે આ વિસ્તારમાં સુરક્ષાના પગલાં વધારવાની જરૂર છે.■

## ભારત-અમેરિકા વેપારી કરાર મંત્રણા અંતિમ તબક્કામાં

નવી દિલ્હી: ભારત-અમેરિકા વચ્ચેના વેપારી કરાર માટેની મંત્રણા અંતિમ તબક્કામાં હોવાનું સરકારી અધિકારીઓએ સોમવારે કહ્યું હતું. વેપારી કરારમાં પચીસ ટકા રેસિપ્રોકલ ટૅરિફ અને ભારત પર લાદવામાં આવેલા પચીસ ટકા ઓઈલ ટૅરિફની સમસ્યાને સંબોધવામાં આવી છે.

ભારત પર લાદવામાં આવેલા રેસિપ્રોકલ ટૅરિફ અને અમેરિકાની બજારને ઍક્સસ આપવાના મુદ્દા સંબંધિત પૅકેજને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)■



**કવાયત:**
ઈન્ડિયા ઍર ફૉર્સ (આઈએએફ) અને ફ્રેન્ચ ઍર ઍન્ડ સ્પેસ ફૉર્સ (એફએએસએફ) દ્વારા યોજવામાં આવેલી સંયુક્ત હવાઈ કવાયત 'ગરુડા ૨૦૨૫' દરમિયાન સુખોઈ એસટૂ-30 એમકેઆઈ અને રફાલ ઍરક્રાફ્ટ. (એજન્સી)

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# નૌગામનો બ્લાસ્ટ, વિસ્ફોટકોને કાશ્મીર કેમ લઈ જવાયા?

**દિલ્હીમાં** ૧૩ લોકોનો ભોગ લેનારા બૉમ્બ વિસ્ફોટને લગતી ઘણી બધી બાબતોના જવાબ હજુ મળી રહ્યા નથી ત્યાં જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરના નૌગામ પોલીસ સ્ટેશનમાં થયેલા વિસ્ફોટે નવું રહસ્ય ઊભું કર્યું છે. શ્રીનગરના નૌગામ પોલીસ સ્ટેશનમાં ૧૪ નવેમ્બરના રોજ રાત્રે ૧૧:૨૨ વાગ્યે થયેલા વિસ્ફોટમાં ૯ લોકો માર્યા ગયાં હતાં અને ૩૨ લોકો ઘાયલ થયા હતા. માર્યા ગયેલા નવ લોકોમાં એક ઇન્સ્પેક્ટર, ફોરેન્સિક ટીમના ત્રણ સભ્યો, ક્રાઇમ બ્રાન્ચના બે ફોટોગ્રાફર, બે મહેસૂલ અધિકારીઓ અને એક દરજીનો સમાવેશ થાય છે. જમ્મુ અને કાશ્મીરના ડીજીપી એટલે કે નલિન પ્રભાતે દાવો કર્યો છે કે, બ્લાસ્ટ અકસ્માતે થયો હતો. દિલ્હીમાં બ્લાસ્ટના એક દિવસ પહેલાં ફરીદાબાદમાંથી ૨૯૦૦ કિલો વિસ્ફોટકો પકડાયાં હતાં. આ વિસ્ફોટકો શ્રીનગર લવાયાં હતા અને તેમના સેમ્પલિંગ દરમિયાન વિસ્ફોટકો ફૂટ્યાં તેમાં ૯ લોકો ઉપર પહોંચી ગયા.

કાશ્મીરના પોલીસ વડાએ બ્લાસ્ટ અંગે જે વાતો કરી એ એકદમ હમ્બગ છે અને તેમની વાતો પરથી લાગે છે કે, દાળમાં કંઈક કાળું છે. સેમ્પલિંગ દરમિયાન વિસ્ફોટ કઈ રીતે બ્લાસ્ટ થયો ત્યાંથી માંડીને હરિયાણાના ફરીદાબાદમાં પકડાયેલા વિસ્ફોટકો શ્રીનગર શું કરવા લવાયાં ત્યાં સુધીના મુદ્દે સત્તાવાર રીતે કરાયેલી ચોખવટો ગળે ઉતરે એવી જ નથી. સેમ્પલિંગ વખતે વિસ્ફોટકો કઈ રીતે ફૂટી ગયાં એ અંગે તો પોલીસ વડા કોઈ સંતોષકારક ખુલાસો કરી શક્યા જ નથી પણ બીજી વાતો પણ ગોળ ગોળ કરી છે એ જોતાં આખો મામલો શંકાસ્પદ બની ગયો છે.

સૌથી મોટો સવાલ તો ફરીદાબાદમાં પકડાયેલા વિસ્ફોટકો શ્રીનગર શુ કરવા લવાયાં એ જ છે. ૯-૧૦ નવેમ્બરના રોજ દરોડા દરમિયાન ફરીદાબાદમાંથી ૨૯૦૦ કિલો વિસ્ફોટકો પકડાયાં હતાં અને ૪ ડોક્ટર પણ પકડાયા હતા. પોલીસનું કહેવું છે કે, તમામ પ્રોટોકોલનું પાલન કરીને ટાટા ૪૦૭ વાહનમાં નાની બેગમાં આ વિસ્ફોટકોને કાશ્મીર લઈ જવામાં આવ્યા હતા કેમ કે ૧૯-૨૦ ઓક્ટોબરે નૌગામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક કેસની પ્રોપર્ટી સાથે ફરીદાબાદમાંથી જપ્ત કરાયેલા વિસ્ફોટકો જોડાયેલા હતા. આ કારણે તેમનાં સેમ્પલ લેવા માટે નૌગામ પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા.

આ આખી વાત જ ગધેડાને તાવ આવી જાય એવી છે. સામાન્ય રીતે કોઈ પણ કેસમાં પકડાયેલા મુદ્દામાલને જ્યાંથી પકડાયો હોય ત્યાં જ રાખવામાં આવે છે. તેની સાથે સંકળાયેલા બીજા કેસોની તપાસ કરતા અધિકારી આવીને તપાસ કરે, ચકાસણી કરે એ શિરસ્તો છે. કોડ ઓફ ક્રિમિનલ પ્રોસીજર (સીઆરપીસી)ની કલમ ૪૫૧ હેઠળ મુદ્દામાલને એક જગાએથી બીજી જગાએ ખસેડી શકાય છે પણ એ માટે કોર્ટની પરવાનગી જરૂરી છે. ફરીદાબાદનાં વિસ્ફોટકો ખસેડવા માટે એ મંજૂરી લેવાઈ હશે એવું માની લઈએ તો પણ સવાલ એ છે કે ખરેખર એવી જરૂર હતી ખરી ? બિલકુલ નહોતી. આતંકવાદગ્રસ્ત કાશ્મીરમાં વિસ્ફોટકો લઈ જવા જેવી મૂર્ખામી બીજી કોઈ ના કહેવાય.

શ્રીનગરમાં કેસ નોંધાયો હતો તો શ્રીનગરના પોલીસ અધિકારી ફરીદાબાદ આવીને સેમ્પલ લઈ શક્યા હોત કે મુદ્દામાલની ચકાસણી કરી શક્યા હોત. ખાલી સેમ્પલ લેવા માટે સાડા આઠસો કિલોમીટર દૂર વિસ્ફોટકો મોકલવાની જરૂર શું હતી એ જ સમજાતું નથી. દિલ્હી ફરીદાબાદથી માંડ ૩૦ કિલોમીટર દૂર છે અને આ કેસ આતંકવાદનો છે એ જોતાં બધો મુદ્દામાલ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ને સોંપીને દિલ્હી ભેગો કરી દેવાયો હોય તો પણ હજુ સમજાય પણ વિસ્ફોટકોને શું કરવા કાશ્મીર મોકલાયાં એ સમજવું અઘરું છે. વાહન, ઢોર કે બીજો કોઈ મુદ્દામાલ હોય તેને ૪૦૭ મિનિ ટ્રકમાં મોકલાય એ સમજાય પણ વિસ્ફોટકો જેવો મોતનો સામાન શું કરવા કાશ્મીર મોકલાયો એ ખબર પડતી નથી તેથી આખો મામલો ભેદી લાગે છે.

દિલ્હીમાં ૧૩ લોકોનો ભોગ લેનારા વિસ્ફોટકો ફરીબાદાબમાંથી પકડાયેલાં વિસ્ફોટકોના જથ્થાના જ હતા એવું કહેવાય છે. આ મોતનો સામાન આતંકવાદીઓ કે અસામાજિક તત્ત્વો પોલીસ સ્ટેશન પર ત્રાટકીને લૂંટી જાય એ ખતરો હોવા છતાં પોલીસ સ્ટેશનમાં કઈ રીતે રાખી શકાય એ પણ મુદ્દો છે. ટાટા ૪૦૭માં સાડા આઠસો કિલોમીટર દૂર લઈ જતી વખતે રસ્તામાં તેને લૂંટી લેવાનો કે ઉડાવી દેવાનો પ્રયત્ન થઈ શકે છતાં આ ખતરો કેમ ઉઠાવાયો એ સવાલનો જવાબ પણ મળતો નથી.

જમ્મુ અને કાશ્મીરના પોલીસ વડા આ ધડાકાને અકસ્માતમાં ખપાવે છે પણ નિષ્ણાતોનું કહેવું છે કે, આ રીતે સેમ્પલિંગ દરમિયાન વિસ્ફોટકો ફૂટી જ ના શકે. નિષ્ણાતોના મતે, એકલા એમોનિયમ નાઈટ્રેટથી કે બીજા કોઈ પણ તત્ત્વથી કદી વિસ્ફોટ ના થઈ શકે. આ રીતે વિસ્ફોટ થઈ શકતાં હોય તો પરમાણુ બોમ્બ બનાવવા માટે મોટાં મોટાં રીએક્ટર કે બીજી સવલતો ઊભી કરવાની જરૂર જ ના પડે. યુરેનિયમ કે પ્લુટોનિયમને એનરિચ કરી નાખો એટલે બોમ્બ તૈયાર થઈ જાય પણ એવું થતું નથી.

સામાન્ય બૉમ્બને ફોડવા માટે પણ ડિટોનેટર અને ફ્યુઝ તો જોઈએ જ અને તેના વિના બ્લાસ્ટ ના થઈ શકે. હિંદી ફિલ્મોમાં માચીસ ફેંકીને બ્લાસ્ટ કરી દેવાય છે એવું વાસ્તવિક રીતે ના થઈ શકે. માચિસ કે બીજી રીતે આગ લાગવાથી વિસ્ફોટ શક્ય જ નથી. સામાન્ય આગ લાગવાથી બ્લાસ્ટ થઈ જતા હોય તો બોમ્બ બનાવનારા લોકોની જરૂર શું ? ગમે તે કોઈ બૉમ્બ બનાવી લે. જમ્મુ અને કાશ્મીર પોલીસે ફરીદાબાદમાં ૩૫૮ કિલોગ્રામ વિસ્ફોટકો જપ્ત કર્યા તેમાં ડેટોનેટર પણ હતા પણ એ વિસ્ફોટકો સાથે જોડાયેલાં નહોતાં તેથી વિસ્ફોટ ના થઈ શકે તો પછી નૌગામ પોલીસ સ્ટેશનમાં કઈ રીતે બ્લાસ્ટ થયો ?

આ તો બે સૌથી મહત્ત્વના સવાલ છે પણ બીજા પણ ઘણા નાના નાના સવાલોના જવાબ છે જેના જવાબ મળતા નથી. નૌગામ પોલીસ સ્ટેશનમાં થયેલા વિસ્ફોટમાં એક દરજીનું પણ મોત થયું છે. વિસ્ફોટકો જેવા સંવેદનશીલ વિષયની તપાસમાં દરજી શું કરતો હતો? ખબર નથી.

નૌગામ પોલીસ સ્ટેશનનો બ્લાસ્ટ રહસ્યમય છે પણ આ રહસ્ય કદી બહાર નહીં આવે કેમ કે ભારતમાં લોકોના જીવની કોઈ કિંમત નથી. બ્લાસ્ટ થયો ને ૯ લોકો મરી ગયાં તો મરી ગયાં, તેના માટે જવાબદાર લોકો સામે પગલાં લેવાં કે કાર્યવાહી કરવાની આપણે ત્યાં પરંપરા જ નથી. દેશનાં લોકોને સલામત રાખવાની જવાબદારી સરકારની પણ છે અને સુરક્ષા એજન્સીઓની પણ છે પણ આ જવાબદારી ના નિભાવાય તો તેમનું કશું કોઈ ઉખાડી શકતું નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર હેમંતઋતુ, મંગળવાર, તા. ૧૮-૧૧-૨૦૨૫, શ્રી સંત જ્ઞાનેશ્વર મહારાજ પુણ્ય તિથિ.

- ભારતીય દિનાંક ૨૭, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક વદ-૧૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ વદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૮મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર સ્વાતિ
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૩, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- સવારે ક. ૧૦-૩૦, ભરતીઃ રાત્રે ક.૨૩-૨૮
- ઓટઃ સાંજે ક. ૧૬-૪૭, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૨૪ (તા. ૧૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, કાર્તિક કૃષ્ણ - ત્રયોદશી. શિવરાત્રિ, શ્રી જ્ઞાનેશ્વર મહારાજ પુણ્ય તિથિ, ભદ્રા સવારે ક. ૦૭-૧૨થી રાત્રે ક. ૨૦-૨૮.
- શુભાશુભ દિનશુદ્ધિઃ વિષ્ટિદોષ ગ્રાહ્ય છે. શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ મંગળ-વાયુ ગ્રહદેવતાનું પૂજન, રાહુ દેવતાનું પૂજન, શિવરાત્રિ વ્રત, રાત્રિ જાગરણ, શિવપૂજા, શ્રી સંત જ્ઞાનેશ્વર મહારાજ પુણ્યતિથિ નિમિત્તે વિશેષ કીર્તન, ભજન, પૂજાનું આયોજન, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, મહાબલિ હનુમાનજીનું પૂજન, વૃક્ષ રોપવા, ઉપવાટિકા બનાવવી, માલ લેવો.
- આચમનઃ શુક્ર-રાહુ ત્રિકોણ વફાદાર વ્યક્તિત્વ.
- ખગોળ જ્યોતિષઃ શુક્ર-રાહુ ત્રિકોણ, શુક્ર વિશાખા નક્ષત્રમાં, વક્રી બુધ અનુરાધા નક્ષત્રમાં.
- ગ્રહગોચરઃ સૂર્ય વૃશ્ચિક, મંગળ-વૃશ્ચિક, વક્રી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## ફેમા કેસઃ અનિલ અંબાણીએ બીજી વખત ઈડીનું સમન્સ ટાળ્યું

નવી દિલ્હીઃ રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણીએ ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ(ફેમા) કેસમાં સોમવારે બીજી વખત પણ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ સમક્ષ હાજર થવાનું ટાળ્યું હતું.

અનિલ અંબાણીએ જણાવ્યું કે તેઓ વર્ચ્યુઅલ હાજરી/રેકોર્ડેડ વીડિયોના માધ્યમથી ફેડરલ તપાસ એજન્સી સમક્ષ જુબાની આપવા તૈયાર છે. તેમણે આ નિવેદન ૧૪ નવેમ્બરના રોજ પહેલી વાર સમન્સ ટાળતી વખતે આપ્યું હતું. ઇડીએ અંબાણીના પ્રસ્તાવને ફગાવી દીધો હતો અને સોમવાર માટે નવું સમન્સ જારી કર્યું હતું. હવે એજન્સી ત્રીજું સમન્સ જારી કરશે કે કેમ તે સ્પષ્ટ નથી. ફેમા હેઠળ કાર્યવાહી દીવાની પ્રકૃતિની હોય છે, જ્યારે મની લોન્ડરિંગ વિરોધી કાયદા હેઠળની કાર્યવાહી ફોજદારી હોય છે.

ઉદ્યોગપતિના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું કે અનિલ ડી. અંબાણીએ ઇડીને અનુકૂળ હોય તે કોઇપણ તારીખ અને સમયે વર્ચ્યુઅલ હાજરી/રેકોર્ડેડ વીડિયોના માધ્યમથી તેમનું નિવેદન રેકોર્ડ કરવા માટે ઉપલબ્ધ રહેવાની રજૂઆત કરી છે. ■



**ધુમ્મસઃ**
જમ્મુમાં સોમવારે ભારે ધુમ્મસથી ઘેરાયેલા ડાંગરનાં ખેતરમાં કામ કરી રહેલા ખેડૂતો. (એજન્સી)

## અલ-ફલાહ યુનિવર્સિટીના ચાન્સેલરના ભાઈની ધરપકડ

ઈન્દોરઃ દિલ્હી બ્લાસ્ટ કેસને મામલે તપાસ કરી રહેલી મધ્ય પ્રદેશ પોલીસે અલ ફલાહ યુનિવર્સિટીના ચાન્સેલરના ભાઈની હૈદરાબાદથી ધરપકડ કરી હતી.

પચીસ વર્ષ જૂનાં છેતરપિંડીના કેસને મામલે આ ધરપકડ કરવામાં આવી હોવાનું અધિકારીઓએ સોમવારે કહ્યું હતું.

ફરીદાબાદસ્થિત અલ-ફલાહ યુનિવર્સિટીના ચાન્સેલર જાવેદ અહમદ સિદ્દીકીના નાના ભાઈ અને આરોપી હમૂદ અહમદ સિદ્દીકીની ધરપકડ માટે ૧૦,૦૦૦ રૂપિયાના ઈનામની જાહેરાત કરવામાં આવી હતી.

પત્રકારોને આપેલી મુલાકાતમાં સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ (એસપી-ગ્રામીણ) યાન્ગચેન ડોલકર ભૂતિયાએ કહ્યું હતું કે અંદાજે ૪૦ લાખ રૂપિયાના ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડને મામલે મધ્ય પ્રદેશના મ્હાઉ નગરમાં નોંધાયેલા ત્રણ કેસને મામલે રવિવારે હમૂદની ધરપકડ કરવામાં આવી હતી. (એજન્સી)■

## ભાજપે ટિકિટ ન આપી તો સંઘના કાર્યકરે આપઘાત કર્યો

તિરુવનંતપુરમઃ કેરળમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ તરફથી ટિકિટ ન મળતા નારાજ થયેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ આરએસએસના કાર્યકર્તાએ આપઘાત કરી લીધો છે. પોલીસના જણાવ્યા અનુસાર, થ્રીક્કનાપુરમ રહેવાસી આનંદ કે. થંપીનો મૃતદેહ શનિવારે બપોરે તેમના ઘરેથી મળી આવ્યો હતો. ભાજપે ઉમેદવારોની યાદીમાં તેમનું નામ ન હોવાથી લાગી આવતા તેમણે આ પગલું ભરી લીધું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું. જો કે ભાજપે આ દાવાને નકારી કાઢ્યો હતો.

મળતી વિગતો અનુસાર, આરએસએસના કાર્યકર આનંદ કે થમ્પીને તિરુવનંતપુરમ કોર્પોરેશનના થ્રીકકનાપુરમ વોર્ડમાંથી ભાજપ ઉમેદવાર તરીકે ટિકિટ મળવાની આશા હતી. જ્યારે તેમને ખબર પડી કે તેમનું નામ તિરુવનંતપુરમના ભાજપના ઉમેદવારોની યાદીમાં નથી, ત્યારે તેઓ નારાજ થયા. જોકે, સ્થાનિક ભાજપ નેતાઓએ દાવો કર્યો હતો કે થમ્પીએ ક્યારેય ટિકિટ માટે તેમનો સંપર્ક કર્યો નથી અને તેમના મૃત્યુને ટિકિટ ન મળવા સાથે જોડવું જોઈએ નહીં.

ભાજપની ઉમેદવાર યાદીમાં તેમનું નામ ન આવ્યા બાદ, આનંદ કે. થંપીએ સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી કે તેઓ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડશે. પોલીસે જણાવ્યું હતું કે તેમણે તેમના મિત્રોને વોટ્સએપ મેસેજ મોકલ્યા હતા, જેમાં આરએસએસ અને ભાજપ નેતાઓ પર આરોપ લગાવ્યા હતા અને કહ્યું હતું કે તેમને જીવવાની કોઈ ઇચ્છા નથી. મેસેજમાં તેમણે દાવો કર્યો હતો કે તેમણે આરએસએસ કાર્યકરોને ચૂંટણી લડવાની તેમની ઇચ્છા વિશે જાણ કરી હતી. થમ્પીએ આરોપ લગાવ્યો હતો કે રેતી દાણચોરી માફિયા સાથે સંકળાયેલા કેટલાક સ્થાનિક નેતાઓના સ્વાર્થી હિતોને કારણે તેમને ટિકિટ આપવામાં આવી નથી.

## પહેલા પાનાનું ચાલુ

### સાઉદીમાં અકસ્માત

તેલનું ટેન્કર બસ સાથે અથડાયું હતું. બસ રોડ પર ઊભી હતી અને આ દરમિયાન એક ઑઈલ ટેન્કર તેની સાથે અથડાયું હતું. આને લીધે મોટો સ્ફોટ થયો હતો. સાઉદીના સત્તાવાળાઓ કયા સંજોગોમાં અકસ્માત થયો એની તપાસ કરી રહ્યા છે. બસ મક્કાથી મદીના જઈ રહી હતી.

અધિકારીઓએ સોમવારે માહિતી આપી હતી કે મૃતકોમાં મોટા ભાગના ઉમરાહ જાત્રાળુઓ હતા. હૈદરાબાદ પોલીસ કમિશનર વી. સી. સાજ્જનરે પ્રાથમિક માહિતી આપતાં જાનહાનિનો આંકડો ૪૫નો આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે તાજેતરમાં હૈદરાબાદના ૫૪ જણ તાજેતરમાં હજની જાત્રાએ ગયા હતા. જેદ્દા ખાતેના ભારતીય મિશને પરિસ્થિતિનો તાગ લેવા અધિકારીઓને મોકલ્યા છે. ભારતના મિશને જેદ્દાહમાં ચોવીસ કલાક ચાલુ રહે એવો કંટ્રોલ રૂમ શરૂ કયો છે.

અધિકારીઓએ કહ્યું હતું કે અમે હાલમાં જાનહાનિના આંકડા અંગે કોઈ વિગતો આપી શકતા નથી કારણ કે મૃતકોની ઓળખાણની પ્રક્રિયા ચાલુ છે. તેલંગણા હજ કમિટીએ કહ્યું હતું કે મૃતકોમાં ૧૦ બાળકનો સમાવેશ થાય છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી, તેલંગણાના મુખ્ય પ્રધાન એ. રેવંત રેડ્ડી અને આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન એન. ચંદ્રાબાબુ નાયડુએ આ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો હતો. કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે તથા એમ. કે. સ્ટાલિન અને ઓમર અબ્દુલ્લા સહિતના વિવિધ મુખ્ય પ્રધાનોએ તેમની સંવેદના વ્યક્ત કરી હતી.

હૈદરાબાદમાં પત્રકારોને સંબોધતાં પોલીસ કમિશનરે કહ્યું હતું કે શ્રદ્ધાળુઓ નવ નવેમ્બરે અહીંથી જેદ્દા જવા રવાના થયા હતા. ૫૪ જાત્રાળુમાંથી ચાર જણ રવિવારે મદિના જવા અલગ કારમાં બેસ્યા હતા. બીજા ચાર જાત્રાળુ મક્કામાં રહી ગયા હતા. આ જાત્રાળુ ૨૩ નવેમ્બરે પાછા આવવાના હતા.

હૈદરાબાદમાં મૃતકોના કુટંબીજનો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે અમને એવી માહિતી મળી હતી કે કમનસીબ બસમાં અકસ્માત બાદ આગ લાગી હતી.

હૈદરાબાદથી મળતી માહિતી પ્રમાણે એક જ કુટંબના ત્રણ પેઢીના ૧૮ સભ્યો અક્સ્માતમાં માર્યા ગયાં છે. રેલવેમાંથી નિવૃત્ત થનાર કર્મચારી શેખ નઝીમુદ્દીન આ બસમાં તેમની પત્ની, પુત્ર, ત્રણ પુત્રીઓ અને પૌત્રો સાથે મદીના જવા મુસાફરી કરી રહ્યા હતા, એવી માહિતી તેમના ભત્રીજા મોહમ્મદ અસીમે આપી હતી. તેમણે કહ્યું હતું કે અમને ખબર નથી કે આ અકસ્માત છે કે બીજું કંઈ, પરંતુ અમારા કુટંબના ૧૮ સભ્ય આ બસમાં મુસાફરી કરી રહ્યા હતા. નઝીરુદ્દીનનો બીજો પુત્ર હાલમાં અમેરિકામાં છે.

બીજા એક રહેવાસી મુફ્તી અસીફે કહ્યું હુતં કે મારા કુટંબના સાત સભ્ય એ બસમાં હતા. મને આ અકસ્માતના ફોટા મળ્યા છે. હું તેલંગણા સરકારને અમને સાઉદી અરેબિયા જવાની વ્યવસ્થા કરવાની વિનંતી કરું છું. હૈદરાબાદના બીજા રહેવાસી મોહમ્મદ સલમાને કહ્યું હતું કે એ કમનસીબ બસમાં મારા છ કુટંબીજનો હતા. તેઓ મદિનાથી બે કલાક દૂર હતા ત્યારે અકસ્માત થયો હતો. શહેરના રહેવાસી મોહમ્મદ બુરહાને કહ્યુ હતું કે અમારો કુટુંબીજન શોએબ બારીના કાચ તોડીને બસની બહાર નીકળવામાં સફળ થયો હતો. તેના હાથ દાઝી ગયા છે. (એજન્સી)■

### ચુકાદો રાજકીય

લેવામાં આવે અને તપાસવામાં આવે. આથી મેં વચગાળાની સરકારને આ આક્ષેપો હેગની ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ સમક્ષ કરવાનો પડકાર કર્યો હતો. હસીનાએ કહ્યું હતું કે હું આઈસીટીમાં કરાયેલા આક્ષેપોને રદિયો આપું છું. તેમણે કહ્યું હતું કે લાખો બાંગ્લાદેશીઓ મોહમ્મદ યુનુસના 'અરાજકતાવાળા, હિંસક અને સામાજિક રીતે દમનકારી' વહીવટીતંત્રમાં સહન કરી રહ્યા છે. બાંગ્લાદેશીઓને તેમના લોકતાંત્રિક અધિકારોથી બાકાત રાખવાના તેમના પ્રયાસોથી લોકો મૂરખ નહીં બને. આઈસીટીની ઈચ્છા જ નથી કે જુલાઈ-ઑગસ્ટમાં બનેલા બનાવોનું સાચું અવલોકન કરે.

સંસદીય ચૂંટણીના મહિનાઓ પહેલાં આ ચુકાદો આવ્યો છે. ■

### પાતાળમાંથી પણ

આતંકવાદને તેના મૂળમાંથી નાબૂદ કરવો એ સરકારની સામૂહિક પ્રતિબદ્ધતા છે. તેમણે કહ્યું કે મોદી સરકારના અત્યાર સુધીના ટ્રેક રેકોર્ડને અનુરૂપ, દિલ્હી બોમ્બ વિસ્ફોટના ગુનેગારોને પાતાળમાંથી પણ શોધી કાઢવામાં આવશે, દેશની અદાલતો સમક્ષ લાવવામાં આવશે અને શક્ય તેટલી કડક સજા આપવામાં આવશે.

બેઠકની શરૂઆતમાં, લાલ કિલ્લા પાસે કાર બૉમ્બવિસ્ફોટ અને જમ્મુ અને કાશ્મીરના નૌગામ પોલીસ સ્ટેશનમાં વિસ્ફોટમાં માર્યા ગયેલા લોકોની યાદમાં શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

એમણે કહ્યું કે, મોદીના વિઝન મુજબ, મજબૂત રાજ્યો એક મજબૂત રાષ્ટ્રનું નિર્માણ કરે છે, અને ઝોનલ કાઉન્સિલો તેને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવામાં ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ઝોનલ કાઉન્સિલો સંવાદ, સહયોગ, સંકલન અને 'નીતિગત તાલમેલ' માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આ કાઉન્સિલો દ્વારા અનેક પ્રકારની સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં આવ્યું છે, એમ તેમણે કહ્યું. શાહે કહ્યું કે હજુ પણ ઘણી સમસ્યાઓ છે, જેમ કે મહિલાઓ અને બાળકો વિરુદ્ધના ગુનાઓમાં ઝડપી ન્યાય સુનિશ્ચિત કરવામાં વિલંબ, કુપોષણ અને સ્ટંટિંગ, જેનાથી દેશને મુક્ત કરવાની જરૂર છે.

પોક્સો કાયદા હેઠળ જાતીય ગુનાઓ અને બળાત્કારના કેસોમાં ઝડપી તપાસની જરૂરિયાત પર ભાર મૂકતા, એમણે કહ્યું કે કોઈપણ સભ્ય સમાજ મહિલાઓ અને બાળકો વિરુદ્ધના જઘન્ય ગુનાઓને સહન કરી શકે નહીં. તેમણે કહ્યું કે મહિલાઓ અને બાળકોની સલામતી સરકારની ટોચની પ્રાથમિકતા છે, અને આ માટે, ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટ (એફટીએસસી)ની સંખ્યા વધારવી જોઈએ. ■

### દિલ્હી બ્લાસ્ટ

ડૉ. ઉમર નબીએ 'શૂ બૉમ્બર'ની ભૂમિકા ભજવી હોવાની શંકા છે.

જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લાના કાઝીગુંડના રહેવાસી વાણીએ ડ્રોનને મૉડિફાય કરીને આતંકવાદી હુમલો કરવામાં ટૅક્નિકલ સહાય પૂરી પાડી હતી અને જીવલેણ કાર બૉમ્બ બ્લાસ્ટ અગાઉ રોકેટ બનાવવાના પ્રયાસ કર્યા હતા.

એનઆઈએની ટીમે વાણી ઉર્ફે દાનિશની શ્રીનગરથી ધરપકડ કરી હતી.

આરોપી દિલ્હી બ્લાસ્ટનો સક્રિય સહયોગી કાવતરાંખોર હતો અને તેણે બ્લાસ્ટની યોજનાને અંજામ આપવા આતંકવાદી ઉમર સાથે સક્રિયપણે કામ કર્યું હોવાનું બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

કાવતરાંનો પર્દાફાશ કરવા એજન્સી વિવિધ દૃષ્ટિકોણથી તપાસ કરી રહી છે. વાણીએ પોલિટિકલ સાયન્સમાં બેચલરની ડિગ્રી મેળવી હતી અને ઉમરે તેને આત્મઘાતી બૉમ્બર બનાવવા મહિનાઓ સુધી તેનું બ્રેઈનવૉશિંગ કર્યું હતું.

દરમિયાન એનઆઈએએ સોમવારે દિલ્હી કોર્ટને જણાવ્યું હતું કે દિલ્હી બ્લાસ્ટ કેસનો મુખ્ય આરોપી આમિર રાશિદ અલીએ ઉમર નબીને સૅફ હાઉસ અને ટૅક્નિકલ સપોર્ટ પૂરા પાડ્યા હતા. કડક સુરક્ષાવ્યવસ્થા વચ્ચે અલીને પટિયાલા હાઉસ કોર્ટ કોમ્પ્લેક્સમાં મુખ્ય જિલ્લા અને સેસન્સ જજ અંજુ બજાજ ચંદના સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો.

સૂત્રોના જણાવ્યાનુસાર ઘટનાસ્થળેથી સામગ્રી અને પુરાવાના નવેસરથી એકઠાં કરવામાં આવેલા પુરાવા બાદ ઉમરની આઈ-૨૦ કારમાંથી મળી આવેલા જૂતાં તપાસનાં કેન્દ્રમાં આવી ગયાં છે.

તપાસકર્તાઓને વાહનના આગળના જમણા ટાયર નજીક ડ્રાઈવરની બેઠક નીચેથી જૂતાં મળી આવ્યાં હતાં. આ જૂતાંમાં ધાતુ જેવો પદાર્થ મળી આવ્યો હતો. અત્યાર સુધીની તપાસના આધારે એમ માનવામાં આવી રહ્યું છે કે બ્લાસ્ટ કરવા આનો ઉપયોગ કરવામાં આવ્યો હશે.

જૈશ-એ-મોહંમદના ઑપરેટિવે મોટા હુમલા માટે મોટાપાયે ટીએટીપીનો સંગ્રહ તેમ જ બ્લાસ્ટ માટે ટીએટીપી અને એમોનિયમ નાઈટ્રેટના મિશ્રણનો ઉપયોગ કર્યો હોવાની બાબતને તપાસ ટુકડીએ સમર્થન આપ્યું હતું.

દિલ્હી કોર્ટે સોમવારે દિલ્હી બ્લાસ્ટના આરોપી આમિર રાશિદને ૧૦ દિવસની એનઆઈએ કસ્ટડી આપી હતી.

પટિયાલા હાઉસ કોર્ટ કોમ્પ્લેક્સ ખાતે સઘન સુરક્ષાવ્યવસ્થા વચ્ચે આરોપીને પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ ઍન્ડ સેસન્સ જજ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. પ્રસારમાધ્યમના લોકોને કોર્ટમાં પ્રવેશવાની પરવાનગી આપવામાં નહોતી આવી. (એજન્સી)■

## રશિયા સાથે વેપાર કર્યો તો કડક પ્રતિબંધ મુકાશેઃ ટ્રમ્પ

ન્યૂ યોર્ક/વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી છે કે રશિયા સાથે વેપાર કરનાર કોઈપણ દેશ પર ખૂબ જ કડક પ્રતિબંધો મૂકવામાં આવશે, કારણ કે તેમનું વહીવટતંત્ર અને રિપબ્લિકન કાયદા ઘડનારાઓ મોસ્કોને લક્ષ્ય બનાવીને કડક કાયદાઓ સાથે આગળ વધી રહ્યા છે.

શું કૉંગ્રેસ માટે રશિયા અને પ્રમુખ વ્લાદિમીર પુતિન પર દબાણ લાવવાના હેતુથી પગલાં પસાર કરવાનો સમય આવી ગયો છે? એવા પત્રકારોના પ્રશ્નોના જવાબમાં રવિવારે ટ્રમ્પે કહ્યું હતું કે, મેં સાંભળ્યું છે કે તેઓ તે કરી રહ્યા છે, અને તે મારા માટે ઠીક છે.

''તેઓ કાયદો પસાર કરી રહ્યા છે... રિપબ્લિકન કાયદો લાવી રહ્યા છે... રશિયા સાથે વ્યાપાર કરતા કોઈપણ દેશ પર ખૂબ જ કડક પ્રતિબંધો... તેઓ તેમાં ઈરાનને ઉમેરી શકે છે... મેં તે સૂચવ્યું છે,'' એમ તેમણે કહ્યું હતું. તેમણે પુનરોચ્ચાર કર્યો હતો કે. તેથી કોઈપણ દેશ જે રશિયા સાથે વ્યાપાર કરે છે તેના પર ખૂબ જ કડક પ્રતિબંધો મૂકવામાં આવશે. અમે ઈરાનને ફોર્મ્યુલામાં ઉમેરી શકીએ છીએ. ટ્રમ્પ વહીવટીતંત્રે ભારત પર ૫૦ ટકા ટૅરિફ લાદ્યો છે, જે વિશ્વમાં સૌથી વધુ છે, જેમાં રશિયન ઊર્જાની ખરીદી માટે ૨૫ ટકા ટૅરિફનો સમાવેશ થાય છે. સેનેટર લિન્ડસે ગ્રેહામ દ્વારા રજૂ કરાયેલા બિલમાં રશિયન તેલની ગૌણ ખરીદી અને પુનઃવેચાણ પર ૫૦૦ ટકા ટૅરિફનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. સેનેટ ફોરેન રિલેશન્સ કમિટીમાં આ પ્રસ્તાવને લગભગ સર્વસંમતિથી સમર્થન મળ્યું છે. ગ્રેહામ અને સેનેટર રિચાર્ડ બ્લુમેન્થલે સંયુક્ત રીતે ૨૦૨૫નો રશિયા પર પ્રતિબંધ કાયદો રજૂ કર્યો છે, જે યુક્રેનમાં પુતિનના યુદ્ધને ભંડોળ પૂરું પાડતા દેશો પર ગૌણ ટૅરિફ અને પ્રતિબંધો લાદવાનો પ્રયાસ કરે છે. ■

# ત્રણ દાયકાના દેશ-વિરોધી કેસનો રિપોર્ટ આપોઃ ગુજરાત પોલીસને આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિલ્હીમાં લાલ કિલ્લા નજીક થયેલા કાર વિસ્ફોટ અને ફરીદાબાદમાંથી વિસ્ફોટકોનો મોટો જથ્થો મળી આવ્યા બાદ સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી છે. ગુજરાતમાં ગુનાખોરી, આતંકવાદી તેમજ રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ ડામવા માટે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયએ ગુજરાતની પોલીસને ખાસ આદેશ કર્યો હતો. ૮મી નવેમ્બરે ગાંધીનગરમાંથી ત્રણ આતંકીઓ પકડાયા બાદ સમગ્ર રાજ્યમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. ત્યારે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓના ગુનામાં ઝડપાયેલા લોકોનું ચેકિંગ કરવા આદેશ કર્યો હતો.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા તમામ શહેર/જિલ્લાના પોલીસ વડાઓને તાકીદ કરવામાં આવી હતી કે, ગુજરાતમાં છેલ્લા ૩૦ વર્ષમાં એવા કેટલા કેસ થયા છે જેમનું નામ રાષ્ટ્ર વિરોધી ગતિવિધિઓમાં આવેલું છે. તે અંગેનો વિસ્તૃત રિપોર્ટ આપવા આદેશ કરવામાં આવ્યો હતો. આ માટે ગુજરાત પોલીસને માત્ર ૧૦૦ કલાકનો સમય આપવામાં આવ્યો છે. ડીજીપીએ તેમના આદેશમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓમાં અગાઉ નામ આપવામાં આવેલા વ્યક્તિઓ હાલમાં શું કરી રહ્યા છે? તે મામલે પણ પોલીસ રિપોર્ટ આપવાનો રહેશે. જેથી આગામી ૧૦૦ કલાક માટે ગુજરાત પોલીસ સંપૂર્ણ રીતે વ્યસ્ત થઈ જવાની છે.

ગુજરાત પોલીસ દ્વારા ડીજીપીના આદેશ મામલે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો છે. આ આદેશમાં કહેવામાં આવ્યું છે કે, ગુજરાત પોલીસે છેલ્લા ૩૦ વર્ષથી રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ તમામ આરોપીઓની સઘન તપાસ શરૂ કરી છે. ગુજરાતના તમામ પોલીસ સ્ટેશનોને આ કામગીરી માટે નિર્દેશ આપી દેવામાં આવ્યા છે. આ તપાસ માત્ર ૧૦૦ કલાકમાં જ પૂર્ણ કરીને રિપોર્ટ જમા કરાવી દેવાનો છે. દેશના વિરુદ્ધમાં જે પણ લોકો કામ કરી રહ્યાં છે તેમની સામે ગુજરાત પોલીસ સઘન તપાસ કરી રહી છે.

ગુજરાતમાંથી ત્રાસવાદીઓ પકડાયા અને દિલ્હીમાં લાલ કિલ્લાના પરિસરમાં થયેલા બૉમ્બ ધડાકા પછી રાજ્યની પોલીસ હરકતમાં આવી ગઈ છે અને આવા પ્રકારની કોઈ ઘટના ન બને એ માટે એકદમ સતર્ક થઈ ગઈ છે. ગુજરાતમાં આતંકવાદીઓ ઝેરી ગેસ દ્વારા મોટી ત્રાસવાદી ઘટનાને અંજામ આપવા માગતા હતા અને આ મુજબના કાવતરાનો પર્દાફાશ થયા પછી હવે પોલીસે દેશ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓ સામે રીતસરની ઝુંબેશ જ છેડી છે. પોલીસ અત્યારે એકદમ સતર્ક છે.

## ગાંજા કિંગ અનિલ પાન્ડીની ધરપકડઃ ગુજરાતમાં ૧૨થી વધુ ગુનામાં વોન્ટેડ હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશભરમાં ગાંજાની તસ્કરી માટે કુખ્યાત અનિલ પાન્ડીને ઝડપી પાડવામાં ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી હતી. આ ડ્રગ્સ માફિયાને દેશનો ગાંજા કિંગ પણ કહેવામાં આવે છે.

અનિલ પાંડી ગંજામ ઓડિસાનો રહેવાસી હતો. ઓડિશાથી તે દેશના ખૂણેખૂણે ગાંજો મોકલી ગાંજા કિંગ ગણાતા અનિલકુમાર પાન્ડી અને તેનો ભાઈ સુનિલ પાન્ડી કરોડો રૂપિયાનું ટર્નઓવર કરતા હતા. ક્રાઈમ બ્રાન્ચે અનિલ પાન્ડીની ધરપકડ કરતા અનેક મોટા ખુલાસા થવાની શક્યતા છે. અમદાવાદ સહિત ગુજરાતમાં ૧૨ ગુનાઓમાં અનિલ પાન્ડી વોન્ટેડ હતો. અનિલ પાન્ડી વિરુદ્ધ અમદાવાદ, સુરત, જૂનાગઢ, રાજકોટ ગ્રામ્ય, રેલવે પોલીસમાં ગુના નોંધાયા હતા. અનિલ પાન્ડીની ધરપકડ કરીને તેની વધુ પૂછપરછ હાથ ધરાઈ છે.

ગાંજા કિંગ કહેવાતો ૩૯ વર્ષનો અનિલકુમાર વૃન્દાવન ક્રાઈમ બ્રાન્ચના સંકજામાં આવ્યો હતો. અનિલ અને તેનો ભાઈ સુનિલે ભેગા મળીને નાના પાયે ગાંજો વેચવાનું શરૂ કર્યુ અને જોતજોતામાં તે બન્ને બંધુઓ ગાંજા કિંગ બની ગયા. ઓડિશાના જગન્નાથપુરથી બેસીને બન્ને ભાઈઓ દેશના વિવિધ રાજ્યોમાં ગાંજાનો હોલસેલમાં ધંધો કરતા હતા. ક્રાઈમ બ્રાન્ચના જેસીપી શરદ સિંઘલે જણાવ્યું હતું કે, અનિલ પાન્ડીએ ગાંજામાંથી કરોડો રૂપિયાની કમાણી કરીને ૧૦થી ૧૨ સંપત્તિ વસાવી હતી, જેને મેં જે તે સમયે એસટીએફ સાથે મળીને સીઝ કરી હતી. આ પ્રથમ કિસ્સો હતો કે જેમાં એક રાજ્યની પોલીસ અન્ય રાજ્યમાં જઈને સંપત્તિ સીઝ કરવા ગઈ હતી.

અનિલના પિતા વૃંદાવન પણ ગાંજાના કેસમાં વોન્ટેડ છે. અનિલ તેના ભાઈ સાથે મળી ઓડિશામાં ગાંજાની ખેતી કરતો અને મુખ્ય સુરતમાં જ સપ્લાય કરતો હતો.

બંને ભાઈઓ સુરતમાં અલગ અલગ જગ્યાએ ગોડાઉન રાખીને રાજ્યમાં બાય રોડ ગાંજો સપ્લાય કરતા હતા. ઓડિશાથી ટ્રેનમાં મોટી માત્રામાં જથ્થો આવતો હતો જે અહીંયાના મૂળ ઓડિશાના હોય તેવા શ્રમિકો લઈ લેતા હતા.

અનિલ સુધી પોલીસ પહોંચે નહીં તે માટે તેણે સપ્લાય માટે આખી ચેન બનાવી હતી. ક્રાઈમ બ્રાન્ચમાં વર્ષ ૨૦૧૮નો એક ગુનો નોંધાયો હતો. આરોપી ઓડિશામાં નક્સલી વિસ્તારની નજીક ગાંજાની ખેતી કરતો હતો જેથી જોખમ ઓછું રહે. ગાંજાનું ઓડિશાથી પ્રોડક્શન કરીને દેશભરમાં વેચાણ કરતો હતો. અનિલ ઓડિશાથી ક્યારેક ગાડી અને ટ્રકમાં ચોરખાનું બનાવી ગાંજો અહીંયા સપ્લાય કરતો હતો.

## અમદાવાદની પણ દિલ્હી જેવી દશા, ૯૫૭ કરોડનો ખર્ચ છતાં પણ હવા ઝેરીલી

અમદાવાદઃ અમદાવાદ સહિત રાજ્યનાં મોટાં શહેરોમાં દિવસે દિવસે વાયુ પ્રદૂષણ વધી રહ્યું છે. જેના કારણે અસ્થમા સહિત અન્ય રોગોના દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે. રૂપિયા ૯૦૦ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવ્યો તેમ છતાં પણ ગુજરાતમાં હવા શુદ્ધ થઈ શકી નથી. નિષ્ણાતો માની રહ્યા છે કે, આવી જ સ્થિતિ રહી તો ગુજરાતમાં પણ દિલ્હીવાળી થઈ શકે છે. અમદાવાદ જેવી મેટ્રો સિટીમાં હવા વધુને વધુ ઝેરી બની રહી છે. પીએમ ૨.૫ એટલે હવામાં ઉડતા અત્યંત બારીક રજકણો જે શ્વાસ લેતાં જ ફેફસામાં પહોંચી જાય છે. આ ઝેરી રજકણો ટીબી, શ્વસન સહિત હૃદયરોગના દર્દીઓ માટે જોખમી સાબિત થઈ શકે છે. અમદાવાદમાં છેલ્લાં કેટલાય દિવસોથી એર ક્વોલિટી ઇન્ડેક્સ ૧૦૦ના આંકડાને વટાવી રહ્યો છે. પરિણામે હવાની ગુણવત્તા એકદમ નિમ્ન સ્તરે પહોંચી જાય છે. તબીબોની સલાહ છે કે આવી સ્થિતિમાં લોકોએ ઘરની બહાર ન નીકળવું એ જ હિતાવહ છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ હવાની ગુણવત્તા પર પણ નજર રાખે છે. થોડાક વખત અગાઉ અમદાવાદ શહેરમાં હવાની ગુણવત્તા જાણી શકાય તે માટે સ્ક્રીન બોર્ડ લગાવાયા હતા પણ હવે તે પણ દેખાતા નથી. શિયાળાની ધીમા પગલે એન્ટ્રી થઈ છે ત્યારે વહેલી સવારે તો એટલું ધુમ્મસ હોય કે, વાહન ચલાવવું જ નહીં, મોર્નિંગ વોક કરવું મુશ્કેલ થઈ જાય છે. ઉદ્યોગો-કારખાના, વાહનોના ધુમાડાને લીધે હવાની ગુણવત્તા બગડી રહી છે. કેન્દ્ર સરકારે વાયુ પ્રદૂષણ અટકાવવા માટે વર્ષ ૨૦૧૯-૨૦થી માંડીને વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં કુલ મળીને રૂપિયા ૧૨૮૨ કરોડ ફાળવ્યા હતા. ગુજરાત સરકારે વાયુ પ્રદૂષણને નાથવા માટે અત્યાર સુધી રૂપિયા ૯૫૭ કરોડનો ખર્ચ કર્યો છે, તેમ છતાં હવા શુદ્ધ થઈ નથી. સ્થિતિ વધારે ખરાબ થઈ રહી હોવા છતાં પણ વાયુ પ્રદૂષણ માટે સરકારે ઝાઝું ધ્યાન આપ્યું નહીં તેવા આક્ષેપો છે. સામે સરકારે દાવો કર્યો છે કે, નેશનલ ક્લિન એર પ્રોગ્રામ હેઠળ અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવાં શહેરોની હવાની ગુણવત્તા સુધરી રહી છે.

## સુરતઃ ઉધના રેલવે સ્ટેશનનું ૪-૫ નંબરનું પ્લેટફોર્મ ૧૨૫ દિવસ માટે બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના ઉધના રેલવે સ્ટેશનનું પ્લેટફોર્મ નંબર ૪ અને ૫ પર એરકોન્કોર્સની કામગીરી શરૂ કરવામાં આવી હોવાથી આ બંને પ્લેટફોર્મ પર મુસાફરોની અવરજવર માટે બંધ કરી દેવામાં આવ્યાં છે. આ દરમિયાન હાલમાં ઉધના રેલવે સ્ટેશને પ્લેટફોર્મ નંબર એક, બે, ત્રણ અને છ કાર્યરત રહેશે. આગામી ૧૨૫ દિવસ સુધી પ્લેટફોર્મ નંબર ચાર અને પાંચ પરથી ઉપડતી ટ્રેનોને પ્લેટફોર્મ નંબર ત્રણ અને છ પરથી ઉપડશે તેવી તંત્ર દ્વારા જાહેરાત કરવામાં આવી હતી.ઉધના-છપરા, ઉધના-મેંગલુરુ, ઉધના-સંબેદારગંજ સહિતની ટ્રેનો ઉધનાને બદલે સુરત રેલવે સ્ટેશનથી દોડાવવામાં આવશે. જ્યારે ઉધના-પુરી, ઉધના-જયનગર ટ્રેનને ચલથાણ રેલવે સ્ટેશને જ અટકાવી દેવાશે. ઉધના રેલવે સ્ટેશનનું પ્લેટફોર્મ નંબર ચાર અને પાંચ આગામી ૧૨૫ દિવસ માટે બંધ કરાતા ટ્રેનોને ત્રણ અને છ નંબરના પ્લેટફોર્મ પર ડાયવર્ટ કરી દેવામાં આવી છે. દરમિયાન હાલમાં ઉધના રેલવે સ્ટેશને પ્લેટફોર્મ નંબર એક, બે, ત્રણ અને છ કાર્યરત રહેશે. ઉધના રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ ચાર અને પાંચ ઉપર વિભિન્ન પ્રકારની કામગીરી કરાશે. પાવર કેબલથી માંડીને સિગ્નલિંગ અને ટેલિકોમના કેબલ દૂર કરી અન્યત્ર ખસેડાશે.

## અમદાવાદમાં ૩.૫ કિમી યુનિટી માર્ચનો મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પ્રારંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીને લઈને વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સરદારની ૧૫૦ની જન્મજંયતિ અંતર્ગત એકતા અને સામાજિક જાગૃતિના સંદેશ સાથે વિવિધ પ્રવૃત્તિઓના ભાગરૂપે અમદાવાદમાં ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૬મી નવેમ્બરથી તમામ વિધાનસભામાં દરરોજ યુનિટી માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. ગત ૧૭ તારીખે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના ઘાટલોડિયા વિધાનસભા વિસ્તારમાં યુનિટી માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું.

આંબલી ગામ ખાતે આવેલા ખોડિયાર મંદિર ખાતેથી આ યુનિટી માર્ચ પદયાત્રાનો પ્રારંભ કરીને પદયાત્રામાં જોડાયા હતાં. બોપલ ઓવરબ્રિજ પાસેના આંબલી ગામ નજીક ખોડિયાર માતાના મંદિરથી આ યુનિટી માર્ગ પદયાત્રાનો સીએમ એ શુભારંભ કરાવ્યો હતો. ૩.૫ કિલોમીટરથી વધુ લાંબી આ યાત્રા રહી હતી. ઘાટલોડિયા વિધાનસભા વિસ્તારમાં અલગ અલગ રોડ પર ફરી પૂર્ણ થઈ હતી. આ દરમિયાન સીએમ ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, પીએમ મોદીએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઑફ યુનિટી બનાવીને લોહપુરુષ સરદાર સાહેબને શ્રેષ્ઠ અંજલિ આપી છે.

વધુમાં ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, સરદાર સાહેબની આ પ્રતિમા વિશ્વભરમાં ભારતના સામર્થ્ય અને ગૌરવવંતા ઇતિહાસનું જીવંત પ્રતીક છે. સરદાર સાહેબે આઝાદી પછી દેશના પ્રથમ નાયબ વડા પ્રધાન અને ગૃહમંત્રી તરીકે ૫૬૨ દેશી રજવાડાઓનું વિલીનીકરણ કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને આપણા લોકપ્રિય ગૃહ પ્રધાન અમિત શાહે કાશ્મીરમાંથી કલમ ૩૭૦ દૂર કરીને કચ્છથી કટક અને કાશ્મીરથી કન્યાકુમારી ભારતને એક અને અખંડ બનાવ્યું છે.

## છોટાઉદેપુરમાં ચૈતર વસાવાનું શક્તિ પ્રદર્શન, કૉંગ્રેસ-ભાજપના કાર્યકરો આપમાં જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છોટાઉદેપુર જિલ્લાના સંખેડા ખાતે આમ આદમી પાર્ટી (આપ)ના ધારાસભ્ય ચૈતર વસાવાની જાહેરસભામાં મોટું રાજકીય ગાબડું પડ્યું હતું. ભાજપના ગઢ ગણાતા આ વિસ્તારમાં ચૈતર વસાવાની સભામાં કોંગ્રેસ અને ભાજપના ૨૦૦ જેટલા કાર્યકરો આપમાં જોડાયા હતા. આ સભામાં ખેડૂતોના મુદ્દા અને બરોડા ડેરીના કથિત કૌભાંડનો મુદ્દો ઉગ્રતાથી ઉછાળવામાં આવ્યો હતો.

આપના ધારાસભ્ય ચૈતર વસાવાએ સભામાં ખેડૂતોને પડતી મુશ્કેલીઓ અંગે સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ખેડૂતોને કપાસ અને મકાઈના ટેકાના ભાવ મળતા નથી, કેનાલોમાં સિંચાઈનું પાણી પણ ખેડૂતોને મળતું નથી. આ સભામાં બરોડા ડેરીના માજી ચેરમેન અજીત ઠાકોરે આપના મંચ પરથી ડેરીના કથિત ભ્રષ્ટાચાર અંગે ગંભીર આક્ષેપો કર્યા હતા. અજીત ઠાકોરે જણાવ્યું હતું કે, બરોડા ડેરીમાં વ્યાપકપણે ભરતીમાં કૌભાંડ છે, જે અનેકવાર ઉજાગર કરવામાં આવ્યું છે. ડેરીમાં નોકરી કરનારા લોકો કરોડપતિ થઈ ગયા છે અને દરેક નેતાના તેમજ અધિકારીઓના બાળકો ડેરીમાં નોકરી કરે છે.' તેમણે સ્પષ્ટ કર્યું હતું કે આમ આદમી પાર્ટી સાથે મળીને તેઓ બરોડા ડેરીની આગામી ચૂંટણીમાં ઝંપલાવશે અને ડેરીનો ભ્રષ્ટાચાર બહાર લાવશે.

## સુરત શહેરમાં ૧૧૬ રસ્તાનું સમારકામ કરવામાં આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ચોમાસા દરમિયાન થયેલા ભારે વરસાદના કારણે મોટા શહેરોના રસ્તાઓ તૂટી ગયા છે. આ સ્થિતિના કારણે લોકોની હાલત કફોડી બની છે. લોકોની સમસ્યાએ દૂર કરવા માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રોડ તાત્કાલિક ધોરણે સમારકામ કરવાનો આદેશ આપ્યો છે. જે બાદ તમામ શહેરોમાં રોડ રિપેરિંગની કામગીરી ચાલી રહી છે. મુખ્ય પ્રધાનના આદેશ બાદ તંત્ર દોડતું થયું છે. સુરતમાં પણ રોડ રિપેરિંગનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. સુરત મહાનગરપાલિકા દ્વારા રોડ રિપેરિંગની કામગીરી કરવામાં આવી રહી છે, જેમાં ત્રણ દિવસમાં ૧૧૬ રસ્તાનું સમારકામ કરવામાં આવ્યું છે.સુરતના નાગરિકોની ફરિયાદને ધ્યાને લઈ મનપા તંત્ર એકશન મોડમાં આવ્યું છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રોડ રિપેરિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. વિવિધ ઝોનમાં રસ્તાઓની કામગીરી કરવામાં આવી રહી છે. સુરત શહેરના છેલ્લા ત્રણ દિવસમાં કુલ ૧૧૬ રસ્તાઓને રિપેર કરવામાં આવ્યા છે. સુરત શહેરમાં રોડ રિપેરિંગની કામગીરી માટે ૯૧૭૯.૦૦ મેટ્રિક ટન હોટ મિક્સ મટીરિયલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ દરમિયાન યોગ્ય કામગીરી ન કરતા કેટલાક કોન્ટ્રાક્ટર્સને બ્લેકલિસ્ટ સાથે પેનલ્ટી પણ લગાવવામાં આવી છે. સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ઝોનમાં યુદ્ધના ધોરણે રોડ સમારકામની કામગીરી કરવામાં આવી રહી છે.

## સુરત શહેરના ૭૦૯ સીસીટીવી કેમેરાનું હવે ગાંધીનગરથી મોનિટરિંગ કરવામાં આવશે

અમદાવાદઃ સુરત શહેરમાં ગુનાખોરી પર અંકુશ મેળવવા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત કરવા માટે ખાસ પ્રકારની કામગીરી કરવામાં આવી રહી છે. સુરત પોલીસ કમિશનર કચેરી ખાતેના સીસીટીવી કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર 'નેત્રમ'નું અપગ્રેડેડ વર્ઝનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સુરતમાં નાગરિકોની સલામતી અને સુરક્ષા માટે ટેકનોલોજીના સમન્વયથી પ્રતિબદ્ધતાથી કાર્ય કરતું 'નેત્રમ' સુરતમાં લોકોની સુરક્ષા માટે સહાયક અને ઉપકારક બની રહેવાનું છે.

'નેત્રમ' હેઠળ કેમેરાઓ શહેરના મુખ્ય માર્ગો, જાહેરસ્થળો અને સંવેદનશીલ વિસ્તારો પર નજર રાખશે, જેનાથી ગુનાહિત પ્રવૃત્તિઓ પર તાત્કાલિક કાર્યવાહી કરવી શક્ય બનશે. સુરતમાં લગાવેલ ૭૦૯ સીસીટીવીનું સીધું ગાંધીનગરથી મોનિટરિંગ કરવામાં આવશે. સુરત શહેર હવે ૧૪૫૦થી વધુ સીસીટીવી કેમેરાથી સતત નજર રાખવામાં આવશે. જેના કારણે સુરત શહેરમાં વધતી જતી ગુનાખોરી પર ખાસ નજર રાખવામાં આવશે.

સુરત પોલીસના હાલના કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમને સેન્ટ્રલાઈઝ કરીને 'નેત્રમ'ની રચના કરવામાં આવી છે. અહીં બોડી વોર્ન ૩ કેમેરાનું લાઈવ મોનિટરિંગ કરવાની સુવિધા સજ્જ કરવામાં આવી છે. આ અપગ્રેડેડ નેત્રમ સેન્ટર સુરત શહેરની સુરક્ષા અને સલામતીને એક નવા સ્તરે લઈ જશે. જેના કારણે સુરતના નાગરિકો વધુ સુરક્ષિત મહેસૂસ કરશે.

## વડોદરાના ગિરીરાજ ડેવલોપર્સના ત્રણ બિલ્ડર સહિત આઠ સામે ૩.૪૭ કરોડની ઠગાઈની ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના જાણીતા ગીરીરાજ ડેવલોપર્સ દ્વારા બેંક લોનમાં કરોડો રૂપિયાની ગેરરીતિ આચરવામાં આવી હોવાનો પર્દાફાશ થયો હતો. રણોલી સ્થિત બેંક ઓફ બરોડાની શાખામાં ૩.૪૭ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ ગીરીરાજ ડેવલોપર્સના ભાગીદારો મૃણાલિની શાહ, મોનાર્ક શાહ સહિત કુલ ૮ આરોપીઓ સામે જવાહર નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી આરોપીઓની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા હતાં.

વડોદરાના સમતા વિસ્તારમાં રહેતા કંદર્પ લલિત જોશી રણોલી બેંક ઓફ બરોડાની શાખામાં ક્રેડિટ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તેમણે નોંધાવેલી પોલીસ ફરિયાદમાં કહ્યું હતું કે, અમારી શાખામાંથી લોનમાં વિવિધ ગેરરીતિ થઈ હોવાની ફરિયાદ જોનલ ઓફિસ ખાતે મળી હતી. ઓડિટ દરમિયાન જાણવા મળ્યું હતું કે, વર્ષ ૨૦૨૨થી ૨૪ દરમિયાન ગીરીરાજ ડેવલોપર્સ દ્વારા તરસાલી ખાતે બાંધકામ કરેલા પલાસ હાઈટ્સના ફ્લેટ-દુકાનો તથા બાપોદ ખાતેના રાધે ગોવિંદ ડુપ્લેક્સની દુકાન નં.૧૪ પર થયેલી વિવિધ સી.સી. લોન અને હોમ લોનમાં ગેરરીતી થઈ હતી. શ્રી ગીરીરાજ ડેવલોપર્સ પેઢીમાં મૃણાલિની ચિરાગ શાહ, મોનાર્ક ચિરાગ શાહ અને સ્વ. મોહનીશ મુકુંદ પંડ્યા ભાગીદારી હિસ્સો ધરાવે છે.

## છેલ્લાં આઠ વર્ષમાં ભ્રષ્ટ કર્મચારીઓ નવ કરોડની રકમની લાંચ લેતા પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતને 'ભ્રષ્ટાચારમુક્ત' બનાવવાના દાવા વચ્ચે ખરેખર હકીકત કાઈ અલગ જ છે. એન્ટી કરપ્શન બ્યૂરો (એસીબી)ના સત્તાવાર આંકડા મુજબ, છેલ્લા આઠ વર્ષમાં (૨૦૧૮થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ સુધી) ઉચ્ચ અધિકારીઓથી લઈને વર્ગ-૪ના કર્મચારીઓ અને વચેટિયાઓ કુલ રૂપિયા ૯ કરોડની માતબર રકમની લાંચ લેતા પકડાયા છે. એસીબી દ્વારા ગોઠવવામાં આવેલા છટકામાં આ સમયગાળા દરમિયાન કેન્દ્ર અને રાજ્ય સરકારના મળીને કુલ ૩,૫૧૭ સરકારી કર્મચારીઓને લાંચ લેતા રંગેહાથ પકડી પાડવામાં આવ્યા હતા.

આ આંકડાઓ એવા કર્મચારીઓના છે કે જેમની સામે પ્રજાજનોએ ફરિયાદ કરી હતી અને ત્યાર બાદ એસીબીએ છટકું ગોઠવીને તેમને પકડી પાડ્યા છે. એસીબીએ છટકું ગોઠવીને આવા ૩,૫૧૭ ભ્રષ્ટ કર્મચારીઓ પકડાયા છે. આ આંકડા એ વાતની સાબિતી આપે છે કે સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચાર ખૂબ જ ફૂલ્યો ફાલ્યો છે.

એસીબીના આંકડાઓ વિભાગીય ભ્રષ્ટાચારની ગંભીર સ્થિતિ છતી કરે છે. રાજ્ય સરકારના વિભાગોમાં ગૃહ વિભાગ લાંચ લેવામાં મોખરે છે.

## ગાંધીનગરમાં મેગા ડિમોલિશન શરૂ ૧૪૦૦થી વધુ દબાણો દૂર કરાશે

અમદાવાદઃ ગાંધીનગરમાં પાટનગર યોજના વિભાગ દ્વારા સરકારી જમીન પર વર્ષોથી ઊભા થયેલા ગેરકાયદેસર દબાણો સામે મેગા ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ૧૭ નવેમ્બરના રોજ સોમવારે વહેલી સવારથી શરૂ થયેલી આ ઝુંબેશમાં સેક્ટર ૩૦માંથી ધાર્મિક સ્થળો સહિત નવ નાના-મોટા બાંધકામ તોડી પાડવામાં આવ્યા હતા. જેમાં વક્ફ બોર્ડમાં નોંધાયેલા ધાર્મિક દબાણો સહિત નવ બાંધકામ તોડી પાડવાની કામગીરી હાથ ધરાઈ છે, તેમ જ ૧૪૦૦થી વધુ દબાણો દૂર કરવામાં આવશે. ગાંધીનગરના પોલીસ અધિકારી એસીપી આયુષ જૈને જણાવ્યું હતું કે, આજે વહેલી સવારથી ગાંધીનગર જિલ્લાના સેક્ટર-૩૦ વિસ્તારમાં ગેરકાયદે ખડકી દેવામાં આવેલા દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. દબાણો દૂર કરવાની કામગીરીમાં ૨૦૦ જેટલા પોલીસ જવાનો બંદોબસ્તમાં ગોઠવવામાં આવ્યા છે. આ સાથે જ આરએનબી, એસડીએમ અને મામલતદાર કચેરીની ટીમ પણ હાજર છે. કુલ ૧૦ જેટલી બિલ્ડિંગ્સ છે જેને તોડી પાડવામાં આવશે.

## વડોદરામાં પત્નીના હત્યારા પતિની ધરપકડઃ છ માસની બાળકીએ માતાની છત્રછાયા ગુમાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં પતિએ પત્નીની હત્યા કરી હોવાની ચોંકાવનારી ઘટના બની હતી. કોઈ નાની વાતે ઉશ્કેરાયેલા પતિએ પત્નીની હત્યા કરતાં માત્ર ૬ માસની બાળકીએ માતાની છત્રછાયા ગુમાવી દીધી છે. ઘટનાની જાણ થતા જ પોલીસે પતિની ધરપકડ કરી લીધી હતી અને કાર્યવાહી પણ શરૂ કરી દેવામાં આવી હતી.

વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં આવેલી મહાબલી પુરમ સોસાયટીના મકાન નંબર ૧૯૭માં હત્યાની આ ઘટના ઘટી હતી.

પોલીસે આપેલી વિગતો પ્રમાણે પતિ કાસિમ શેખે પત્ની મિસ્બા શેખની ગળું દબાવી હત્યા કરી હતી. સામાન્ય બોલાચાલીમાં પતિએ પત્નીને મોતને ઘાટ ઉતારી દેતા ચકચાર મચી જવા પામી હતી. આરોપી કાસિમના મૃતક મિસ્બા સાથે બીજા લગ્ન થયા હતા. બાળકને માર મારવા બાબતે પતિ અને પત્ની વચ્ચે બોલાચાલી થઈ હતી. જે દરમિયાન ઉશ્કેરાયેલા પતિએ પત્નીનું ગળું દબાવી દીધું હતું. આ મામલે પોલીસ દ્વારા કાર્યવાહી પણ કરી દેવામાં આવી હતી. હત્યાના આ ચકચારી ઘટના મામલે પોલીસે કાર્યવાહી કરતા પતિ કાસિમ શેખની ધરપકડ કરીને આગળની પૂછપરછની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે પતિ કાસિમ શેખ સામે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## ભાવનગરમાં થયેલી પત્ની અને બાળકોની હત્યાના કેસમાં પતિની ધરપકડ, તપાસ તેજ કરાઈ

અમદાવાદઃ ભાવનગર વન વિભાગમાં આસિસ્ટન્ટ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ તરીકે ફરજ બજાવતા અધિકારીએ સુરતથી આવેલા તેમના પત્ની અને બે બાળકો ગુમ થયા હોવાની જાણ પોલીસ વિભાગમાં કરી હતી. જે બાદ ફોરેસ્ટ કોલોનીની બાજુમાં આવેલી અવાવરુ જગ્યામાંથી દાટી દીધેલી હાલતમાં ત્રણેયના મૃતદેહ મળી આવ્યા હતા.

પોલીસે ત્રણેય મૃતદેહનો કબજો લઈ પેનલ પીએમ માટે ખસેડવામાં આવ્યો હતો. આ કેસમાં શંકાસ્પદ પતિને સુરતમાંથી ઝડપી લેવામાં આવ્યો હતો.

આ તપાસમાં પત્નીના ફોનમાંથી પતિને આવેલો એક મેસેજ ખાસ કડી બન્યો હતો. ભાવનગર વન વિભાગમાં આસિસ્ટન્ટ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ તરીકે ફરજ બજાવતા શૈલેષ ખાંભલાની પત્ની નયનાબેન ખાંભલા, ૧૩ વર્ષની દીકરી પૃથ્વા ખાંભલા અને નવ વર્ષનો દીકરો ભવ્ય ખાંભલા ત્રણેય સુરતથી વેકેશનમાં ભાવનગર આવ્યા હતા.

સાતમી નવેમ્બરના રોજ શૈલેષ ખાંભલાએ પત્ની અને બાળકો ગુમ થયાની ભરતનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના કારણે પોલીસે તપાસ શરૂ કરી દીધી હતી.

આ તપાસના ૧૦ દિવસ બાદ પોલીસને બાતમી મળી હતી. જેથી પોલીસ તંત્ર એક્શન મોડમાં આવ્યું અને ડોગસ્કવોડ સહિતનો પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો.

## અમદાવાદના જેતલપુરમાં બંધ કન્ટેનરમાંથી ૭૦.૮૫ લાખનો દારૂ ઝડપાયો

અમદાવાદઃ અમદાવાદ ગ્રામ્ય પોલીસે જેતલપુર ખાતેથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. બંધ બોડીના કન્ટેનરમાંથી કુલ ૧૩,૯૮૮ બોટલ દારૂ અને બિયર મળી આવ્યા હતા, જેની કિંમત ૭૦.૮૫ લાખ રૂપિયા આંકવામાં આવી છે. સાણંદ ડીવાયએસપી કચેરીના સ્ટાફ અને અસલાલી પોલીસે સંયુક્ત કાર્યવાહી કરીને કુલ ૫૬૧ પેટી દારૂ જપ્ત કર્યો હતો. આમાં ૭૫૦ મિલી અને ૧૮૦ મિલીની ૯,૪૭૬ બોટલ વિદેશી દારૂ (કિંમત રૂ. ૬૨,૭૨,૯૩૦) અને ૪,૫૧૨ બિયર ટીન (કિંમત રૂ. ૮,૧૨,૧૬૦)નો સમાવેશ થાય છે. દારૂ અને ગુનામાં વપરાયેલ વાહન સહિત કુલ ૮૦.૮૫ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

અમદાવાદ રેન્જના પોલીસ મહાનિરીક્ષક વિધિ ચૌધરી અને અમદાવાદ ગ્રામ્યના પોલીસ અધિક્ષક ઓમ પ્રકાશ જાટની સૂચનાથી પ્રોહિબિશન પ્રવૃત્તિઓ ડામવા માટે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સાણંદ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક નીલમ ગોસ્વામીને ચોક્કસ બાતમી મળી હતી. જેતલપુર ગામમાં ઉમિયા વે-બ્રિજની બાજુમાં આવેલી અમરનાથ એસ્ટેટ ખાતે બંધ બોડીના કન્ટેનરમાં દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો હતો. આ કેસમાં જેતલપુરના ગજેન્દ્રસિંહ ઉર્ફે ગજીયો પોપટસિંહ રાઠોડ નામના આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. પોલીસ તેની શોધખોળ કરી રહી છે.

## બળાત્કારના કેસમાં આરોપી બેકસૂર: સહમતીથી સંબંધ હોવાનું કોર્ટે નોંધ્યું

થાણે: થાણેની વિશેષ અદાલતે બળાત્કારના કેસમાં કથિત સગીર છોકરીની ઉંમર નિશ્ચિત કરતા અપૂરતા પુરાવા અને બન્ને વચ્ચે મોટે ભાગે સહમતીથી સંબંધ બંધાયાનું નોંધીને આરોપીને દોષમુક્ત કર્યો હતો.

તપાસકર્તા પક્ષ બાવીસ વર્ષના યુવક સામે શંકાથી પર આરોપ સિદ્ધ કરવામાં નિષ્ફળ ગયો હોવાનું પોક્સો ઍક્ટ હેઠળના કેસોની સુનાવણી કરતાં સ્પેશિયલ જજ રુબી યુ. માલવણકરે ૧૩ નવેમ્બરે આપેલા ચુકાદામાં નોંધ્યું હતું.

આરોપી અને છોકરી ભાયંદરમાં રહેતાં હતાં અને ૧૯ મે, ૨૦૨૦ના રોજ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. છોકરીની માતાએ આરોપી દ્વારા અપાતા ત્રાસ, અશ્લીલ ફોન કૉલ્સ અને ધમકીના આક્ષેપ કરતાં પોલીસે એફઆઈઆર નોંધ્યો હતો. આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા અને પ્રોટેક્સ ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. તેને ૨૦ ઑગસ્ટ, ૨૦૨૦ના કોર્ટે જામીન પર છોડ્યો હતો.

જોકે બાદમાં છોકરીએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે તે આરોપી સાથે પ્રેમમાં હતી અને તેમની વચ્ચે 'ગાઢ સંબંધો' હતા.

કોર્ટે પોક્સો ઍક્ટ હેઠળના કેસોમાં ઉંમરનું ગંભીર મહત્ત્વ હોવાની નોંધ કરી હતી. પોક્સો ઍક્ટની કલમ ૨(ડી) અનુસાર ૧૮ વર્ષથી ઓછી વયની વ્યક્તિ 'બાળક'ની શ્રેણીમાં આવે છે. તેથી પીડિતા બાળકી હતી એ પુરવાર કરવાની તપાસ પક્ષની મુખ્ય જવાબદારી હોવાનું કોર્ટે કહ્યું હતું.

છોકરીની જન્મતારીખ ૨૪ જૂન, ૨૦૦૩ નોંધવામાં આવી હતી અને તેની માતાએ બર્થ સર્ટિફિકેટની ફોટોકૉપી રજૂ કરી હોવાનો દાવો કર્યો હતો.

જોકે કોર્ટે જણાવ્યું હતું કે ટ્રાયલ દરમિયાન પીડિતાની જન્મતારીખ દર્શાવે એવું મૂળ બર્થ સર્ટિફિકેટ રજૂ કરાયું નહોતું. આને કારણે જન્મતારીખ સંબંધે તારણ કાઢી શકાય તેવો કોઈ પુરાવો નથી. તેથી ઘટના બની ત્યારે છોકરીની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હતી એવું ફરિયાદ પક્ષ પુરાવાને અભાવે સિદ્ધ કરી શક્યો નથી.

જજે પીડિતા દ્વારા કરાયેલી અનેક કબૂલાતોને પણ ધ્યાનમાં લીધી હતી. આરોપી સાથે તેના સંબંધો મોટે ભાગે સ્વૈચ્છિક, આપસી સહમતીથી અને પોતાની ઇચ્છાથી હતા. પીડિતાએ કબૂલ્યું કે જો તેની માતાએ પોલીસ ફરિયાદ કરી ન હોત તો પોતે ક્યારેય પોલીસ પાસે ગઈ ન હોત, એવું કોર્ટે જણાવ્યું હતું. (એજન્સી)

## બ્રિજની રૅલિંગ તોડી કાર ખાડીમાં પડતાં કર્ણાટકના વેપારીનું મોત

મુંબઈ: નવી મુંબઈમાં બ્રિજની રૅલિંગ તોડીને કાર ખાડીમાં પડતાં કર્ણાટકના વેપારનું મૃત્યુ થયું હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. ખારઘર પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ જોબિન બેનેડિક્ટ (૪૨) તરીકે થઈ હતી. બેંગલુરુ જિલ્લાનો વતની જોબિન કામ નિમિત્તે ખારઘર આવ્યો હતો. શુક્રવારની રાતે કામ પત્યા પછી તે પોતાની સફેદ કલરની સ્વિફ્ટ કારમાં પુણે તરફ જઈ રહ્યો હતો ત્યારે સાયન-પનવેલ હાઈવે પર ખારઘરથી કળંબોલી દરમિયાન કાસાડી ખાડી પર આ ઘટના બની હતી. કહેવાય છે કે પૂરપાટ દોડતી કારના સ્ટિયરિંગ પરથી જોબિને નિયંત્રણ ગુમાવ્યું હતું. કાર એટલા જોરથી બ્રિજના કઠેડા સાથે ટકરાઈ હતી કે કઠેડો તૂટી ગયો હતો. કાર અંદાજે પચીસ ફૂટ નીચે ખાડીના પાણીમાં પડી હતી. બનાવની જાણ થતાં ખારઘર પોલીસ, ટ્રાફિક પોલીસ અને ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ક્રેનની મદદથી કારને ખાડીમાંથી બહાર કાઢવામાં આવી હતી. ગંભીર હાલતમાં જોબિનને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની નોંધ કરી ખારઘર પોલીસ વધુ તપાસ કરી રહી છે.

## ત્રણ વિદ્યાર્થિનીનો વિનયભંગ: સ્કૂલ વેનના ડ્રાઇવરની ધરપકડ

મુંબઈ: સાંતાક્રુઝમાં ત્રણ વિદ્યાર્થિનીનો વિનયભંગ કરવા પ્રકરણે સ્કૂલ વેનના ડ્રાઇવરની ધરપકડ કરવામાં આવી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

સાંતાક્રુઝ વિસ્તારમાં ગયા સપ્તાહે આ ઘટના બની હતી અને પોલીસે શનિવારે વેનના ૪૮ વર્ષના ડ્રાઇવરને પકડી પાડ્યો હતો.

વિવિધ સ્કૂલના વિદ્યાર્થીઓને ખાનગી વેનમાં લઇ જતા ડ્રાઇવરે ગયા સપ્તાહે ૧૧ વર્ષની વયની ત્રણ વિદ્યાર્થિનીનો વિનયભંગ કર્યો હતો. ગભરાયેલી વિદ્યાર્થિનીઓએ ઘટનાની જાણ કોઇને કરી નહોતી. જોકે એક વિદ્યાર્થિનીએ માતાને આની જાણ કરી હતી અને માતાએ અન્ય વિદ્યાર્થિની પાસે જઇને પૂછપરછ કરી હતી.

બાદમાં આ પ્રકરણે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી, જેને આધારે ભારતીય ન્યાય સંહિતા તથા પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસને બાદમાં વધુ તપાસ માટે જુહુ પોલીસને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)

## ખેતવાડીમાં દુકાનમાં કામ કરતા મજૂરની તેના સાથીદારે કરી હત્યા

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં ખેતવાડી વિસ્તારમાં દુકાનમાં કામ કરનારા ૩૯ વર્ષના મજૂરની નિર્મમ હત્યા કરવામાં આવી હોવાની ઘટના રવિવારે મોડી રાતે બની હતી. આ ઘટના બાદ મૃતકનો સાથી મજૂર ગાયબ હોવાથી પોલીસે તેની વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ગિરગામમાં ખેતવાડી સાતમી ગલીમાં ઇમારતના પહેલા માળે રવિવારે મોડી રાતે એકથી દોઢ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. મૃતકની ઓળખ રમેશ હજાજી ચૌધરી (૩૯) તરીકે થઇ હોઇ તે બનાસકાંઠાનો વતની છે. પોલીસે આ પ્રકરણે સાથી મજૂર સૂરજ મંડલ (૨૨) વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. રમેશ ચૌધરી અને સૂરજ મંડલ એક જ દુકાનમાં કામ કરતા હતા અને પહેલા માળે સાથે રહેતા હતા.

રવિવારે મોડી રાતે રમેશ હજાજીનો હત્યા કરાયેલો મૃતદેહ મળી આવતાં વી.પી. રોડ પોલીસને જાણ કરવામાં આવી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલ્યા બાદ પોલીસે તપાસ હાથ ધરી હતી.

પોલીસને તપાસમાં જાણવા મળ્યું હતું કે રમેશ ચૌધરી અને સૂરજ વચ્ચે કોઇ બાબતને લઇ વિવાદ થયો હતો. આથી સૂરજે લાઠી થતા અન્ય વસ્તુથી રમેશની મારપીટ કરી હતી, જેમાં ગંભીર ઇજાને કારણે તેનું મૃત્યુ થયું હતું.

## થાણેમાં મિત્રએ બાઈક ચલાવવા ન આપતાં ગુસ્સામાં યુવકે નવ વાહનો સળગાવી દીધાં

થાણે: થાણેમાં મિત્રએ બાઇક ચલાવવા ન આપતાં યુવકે ગુસ્સામાં ખુલ્લા મેદાનમાં પાર્ક કરાયેલા નવ વાહનને સળગાવી દીધાં હતાં. પોલીસે આ પ્રકરણે યુવક સામે ગુનો દાખલ કરીને તેને તાબામાં લીધો હતો. યુવકની ઓળખ રવીન્દ્ર પરિહાર (૩૦) તરીકે થઇ હતી.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસિન તડવીએ જણાવ્યું હતું કે કોપરી ફાયર સ્ટેશનથી અમને મળસકે ૪.૧૪ વાગ્યે આગ અંગે જાણ કરવામાં આવી હતી. કોપરી સ્થિત ગાંધીનગરમાં કે.એલ. કોલોની ખાતે આવેલા ખુલ્લા મેદાનમાં આગ લાગ હતી અને ત્યાં પાર્ક કરાયેલાં નવ વાહન સળગી ગયાં હતાં, જેમાં મોટા ભાગે મોટરસાઇકલ હતી.

## રોકાણ પર આકર્ષક વળતરની લાલચે ૨૦૦ લોકો સાથે ૧૦૦ કરોડની છેતરપિંડી: નવ વિરુદ્ધ ગુનો

થાણે: થાણેમાં કંપનીમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે ૨૦૦ જેટલા રોકાણકારો સાથે ૧૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી. નૌપાડા પોલીસે આ પ્રકરણે નવ જણ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. ભાંડુપના રહેવાસીએ આ પ્રકરણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેની ઓળખ એજન્ટ સાથે થઇ હતી. એજન્ટ અને તેના સાથીદારો રોકાણકારો પાસેથી પૈસા લઇને કંપનીમાં આપતા હતા અને બદલામાં રોકાણકારોને વળતર મળતું રહેશે, એવું જણાવવામાં આવ્યું હતું. આ કંપની થાણેના નૌપાડા વિસ્તારમાં હતી અને ફરિયાદીએ ૨૦૧૬માં આઠ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. બે વર્ષ સુધી તેને દર મહિને વળતર મળ્યું હતું. બાદમાં વળતર મળવાનું બંધ થતાં તેણે એજન્ટનો સંપર્ક સાધ્યો હતો. કંપનીની આર્થિક સ્થિતિ સારી ન હોવાનું જણાવીને વળતર આપવા માટે એજન્ટ તેને ટાળવા લાગ્યો હતો. દરમિયાન ફરિયાદી વારંવાર કંપનીમાં જઇને પૂછપરછ કરવા લાગ્યો ત્યારે તેને જાણવા મળ્યું હતું કે અન્ય લોકો સાથે પણ છેતરપિંડી આચરાઇ હતી.

નવમા પાનાનું ચાલુ

### ૫૦ ટકા મર્યાદાનું

(ઓબીસી) વિભાગમાં ૨૭ ટકા અનામતની ભલામણ કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાની વિનંતી પર ખંડપીઠે આ મામલાની સુનાવણી ૧૯ નવેમ્બરે નક્કી કરી રાજ્ય સરકારને ૫૦ ટકાની ટોચમર્યાદા નહીં ઓળંગવા જણાવ્યું હતું.

સુપ્રીમ કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે 'જો અરજીમાં નામાંકન શરૂ થઈ ગયું છે અને કોર્ટે હસ્તક્ષેપ ન કરવો એમ જણાવ્યું હશે તો અમે ચૂંટણી પર રોક લગાવીશું. અદાલતની સત્તાની કસોટી ન કરો. બંધારણીય બેંચ દ્વારા નક્કી કરવામાં આવેલી ૫૦ ટકા અનામતની મર્યાદા ઓળંગવાની અમે ક્યારેય વાત નથી કરી. બે ન્યાયાધીશની ખંડપીઠ આવો નિર્ણય ન લઈ શકે. બાંઠિયા પંચનો રિપોર્ટ હજી પણ અદાલતમાં વિચારાધીન (સબ જ્યુડીસ) છે, અમે અગાઉની પરિસ્થિતિ મુજબ ચૂંટણી યોજવાની મંજૂરી આપી છે. (પીટીઆઈ)

### સેલ્ફ-રિડેવલપમેન્ટ

યોજાનારી બેઠકમાં રજૂ કરવામાં આવશે.

જૂની અને જર્જરિત ઇમારતોના પુનર્વિકાસમાં હાઉસિંગ સોસાયટીના સભ્યોને છેતરપિંડીથી બચાવવા તેમજ તેમને સેલ્ફ-રિડેવલપમેન્ટ માટે માર્ગદર્શન અને સહાય પૂરી પાડવા માટે રાજ્ય સરકારે સેલ્ફ-રિડેવલપમેન્ટ ઑથોરિટીની સ્થાપના કરી છે. ભાજપના નેતા અને મુંબઈ બેંકના અધ્યક્ષ, ધારાસભ્ય પ્રવીણ દરેકરની આ ઑથોરિટીના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે. જોકે આ ઑથોરિટીની સત્તાની મર્યાદાઓ અંગે રાજ્ય સરકારના ઘટક પક્ષો વચ્ચે સહમતિ નથી. તેથી સ્થાપના થયા પછી પણ આ ઑથોરિટીની સત્તા, રચના અને કાર્યો વિશે કોઈ સ્પષ્ટતા નથી.

### એમપીએસસી

કર્મચારીઓ અને અધિકારીઓ માટે બઢતી એક મુખ્ય ચિંતા છે, અને સમયસર પ્રમોશન તેમને ઉચ્ચ જવાબદારીઓ અસરકારક રીતે નિભાવવામાં મદદ કરે છે. પ્રમોશન પૂર્ણ થયા પછી વિભાગોનું મૂલ્યાંકન કરવા માટે રેન્કિંગ સિસ્ટમ રજૂ કરવામાં આવશે, એમ પણ તેમણે જણાવ્યું હતું. ફડણવીસે વિભાગોને ભરતી નિયમો અપડેટ કરવા, સિનિયોરીટી યાદીઓ ચકાસવા અને નિર્ધારિત સમયમર્યાદામાં તમામ સંબંધિત પ્રક્રિયાઓ પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

### છત્રપતિ શિવાજી મહારાજ

કર્યું અને પોલીસે પણ તાત્કાલિક કેસ નોંધ્યો હતો. હવે આનાથી એક નવો વિવાદ ઉભો થયો છે. હાઈ કોર્ટના આદેશ પછી પણ કબૂતરખાનું ખોલવાના કિસ્સામાં વહીવટીતંત્રે જૈન સમાજ સામે કોઈ કાર્યવાહી થઈ નથી. બંને કાર્યવાહી એક જ હોવા છતાં ન્યાય અલગ કેમ? મનસેએ આ પ્રશ્ન ઉઠાવીને સરકારના બેવડા વલણની નિંદા કરી છે. આમ ફરી એકવાર વાતાવરણ ગરમાય એવી શક્યતા છે.

### બાળ ઠાકરેના

વાગ્યાની આસપાસ સ્મારક પર પહોંચ્યા હતા. તેમના પછી, રાજ ઠાકરે પણ થોડીવારમાં સ્મારક સ્થળ પર પહોંચ્યા. સ્મારક સ્થળ પર શ્રદ્ધાંજલિ આપ્યા પછી, રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે વચ્ચે વાતચીત થઈ. અડધા કલાકની હાજરી દરમિયાન, રાજ ઠાકરેએ રશ્મિ ઠાકરે અને આદિત્ય ઠાકરે સાથે પણ વાતચીત કરી. મનસેના નેતા બાળા નાંદગાંવકર અને નીતિન સરદેસાઈ પણ હાજર હતા. ઉદ્ધવ ઠાકરેએ બાળા નાંદગાંવકર સાથે પણ વાતચીત કરી. આ પ્રસંગે, એવું જોવા મળ્યું કે મનસે અને શિવસેના (ઠાકરે) વચ્ચે ઘણા વર્ષોથી જે કડવાશ હતી તે દૂર થઈ ગઈ છે. રાજ ઠાકરે અડધા કલાકની હાજરી પછી પાછા જઈ રહ્યા હતા ત્યારે, આદિત્ય ઠાકરે પણ તેમની સાથે કારમાં પહોંચ્યા. આ સમયે, બંને વચ્ચે પારિવારિક સુમેળ જોવા મળ્યો. દરમિયાન, બીમાર શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉત પણ માસ્ક પહેરીને અને તેમના ભાઈ અને પાર્ટીના વિધાનસભ્ય સુનીલ રાઉતનો હાથ પકડીને સ્થળ પર પહોંચ્યા હતા. શિવસેના (ઠાકરે)ના નેતા અને સાંસદ સંજય રાઉત ખરાબ સ્વાસ્થ્યને કારણે રાજકીય બાબતોથી દૂર રહ્યા હોવા છતાં શિવ તીર્થ પર હાજર હતા અને બાળ ઠાકરેને અંજલી આપી હતી.

### ગોરેગાંવ-મુલુંડ

સુનિશ્ચિત કરવા માટે કયા પગલાં લેવામાં આવી રહ્યા છે તે અંગે 'નક્કર દરખાસ્ત' રજૂ કરવાનો નિર્દેશ પણ આપ્યો હતો. સોમવારે, ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રન અને ન્યાયાધીશ એન.વી. અંજારિયાની બનેલી સુપ્રીમ કોર્ટની બેન્ચે રાજ્યના મુખ્ય સચિવ દ્વારા દાખલ કરાયેલા સોગંદનામાની નોંધ લીધી અને મહત્વાકાંક્ષી જીએમએલઆર પ્રોજેક્ટના પ્રસ્તાવક બીએમસીને જરૂરી સંખ્યામાં વૃક્ષો કાપવાની મંજૂરી આપી, જો વળતરરૂપે વનીકરણની કવાયત કાળજીપૂર્વક હાથ ધરવામાં આવે એવી તાકીદ પણ કરી હતી.

### બાંદ્રામાં

તે પાછી ફરી રહી હતી ત્યારે સ્કૂટર પર જઇ રહેલા આરોપીએ તેનો પીછો કર્યો હતો અને સ્કૂટર થોભાવ્યા બાદ તેનો વિનયભંગ કર્યો હતો. બાદમાં તે ત્યાંથી પલાયન થઇ ગયો હતો.

આ ઘટના બાદ તેણે મિત્રનો સંપર્ક સાધ્યો હતો અને બાદમાં પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે પોલીસે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી. પોલીસે ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. એક ફૂટેજમાં પોલીસને સ્કૂટર નજરે પડી હતી, જેના નંબરને આધારે પોલીસે સ્કૂટરના માલિકને શોધી કાઢ્યો હતો. સ્કૂટર તેણે સુનીલ વાઘેલાને આપ્યું હોવાનું જાણવા મળ્યા બાદ પોલીસ ધારાવીમાં રહેતા સુનીલ વાઘેલા સુધી પહોંચી હતી અને તેને તાબામાં લીધો હતો. એ સમયે સુનીલના પરિવારજનો, સગાંવહાલાં તથા ધારાવીમાં રહેનારા તેના પરિચિત લોકોએ ધીંગાણું મચાવ્યું હતું.

### સીએનજીમાં ભંગાણ

સામાન્ય થઈ જશે. સોમવારે સવારથી જ મુંબઈના સીએનજી પંપો પર રિફ્યુઅલિંગ માટે લાંબી કતારો જોવા મળી હતી, જેના કારણે હજારો ઓટોરિક્ષા, ટેક્સી અને અન્ય સીએનજી સંચાલિત વાહનોને અસર થઈ હતી.

સ્થાનિક પેટ્રોલ ડીલર્સ સંસ્થાના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે ગેસના ઓછા દબાણને કારણે શહેરમાં સવારથી ઘણા સીએનજી પંપ બંધ રહ્યા હતા.

ઓલા અને ઉબેર જેવા એગ્રીગેટર્સ દ્વારા સંચાલિત ઓટોરિક્ષા અને ટેક્સીઓ અને શહેરમાં જાહેર પરિવહન ઉપક્રમો દ્વારા ચલાવવામાં આવતી કેટલીક બસો સહિત મોટી સંખ્યામાં ઓટોરિક્ષા અને ટેક્સીઓ મહાનગર ગેસ લિમિટેડ (એમજીએલ) દ્વારા પૂરા પાડવામાં આવતા કમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (સીએનજી) પર આધાર રાખે છે.

રવિવારે રાત્રે જારી કરાયેલા એક નિવેદનમાં, એમજીએલે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઇઝર્સ (આરસીએફ) કમ્પાઉન્ડની અંદર ગેઇલની મુખ્ય ગેસ સપ્લાય પાઇપલાઇનને તૃતીય-પક્ષ નુકસાનને કારણે આ વિક્ષેપ પડ્યો હતો, જે મુંબઈને ગેસ સપ્લાય માટે મુખ્ય પ્રવેશ બિંદુ છે, વડાલા ખાતે તેના સિટી ગેટ સ્ટેશન (સીજીએસ) ના પ્રવાહને અસર કરે છે.

અસરગ્રસ્ત પુરવઠાને કારણે નેટવર્ક પર દબાણ ઓછું થયું, મુંબઈ, થાણે અને નવી મુંબઈમાં ઘણા સીએનજી સ્ટેશનો મર્યાદિત ક્ષમતાએ કાર્યરત હતા અથવા કામચલાઉ ધોરણે બંધ થઈ ગયા હતા, જેના પરિણામે લાંબી કતારો લાગી અને રિફ્યુઅલિંગ માટે રાહ જોવાનો સમય લંબાયો હતો.

આ અછતને કારણે દિવસ દરમિયાન પરિવહન ઉપલબ્ધતા પર અસર જોવા મળી હતી અને પ્રવાસીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

એમજીએલે જણાવ્યું હતું કે તેણે ઘરોમાં અવિરત પાઇપ્ડ નેચરલ ગેસ (પીએનજી) ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે રહેણાંક ગ્રાહકોને પુરવઠાને પ્રાથમિકતા આપી છે. તેમણે અસરગ્રસ્ત વિસ્તારોમાં ઔદ્યોગિક અને વાણિજ્યિક ગ્રાહકોને પુનઃસ્થાપન સુધી વૈકલ્પિક ઇંધણ પર સ્વિચ કરવાની સલાહ આપી હતી.

'નુકસાન દૂર થયા પછી અને સીએનજી વડાલામાં પુરવઠો પુનઃસ્થાપિત થયા પછી એમજીએલના નેટવર્કમાં ગેસ પુરવઠો સામાન્ય થઈ જશે,' એમ પણ એમજીએલે જણાવ્યું હતું અને અસુવિધા બદલ દિલગીરી વ્યક્ત કરી હતી.

જોકે, કંપનીએ પુરવઠાની સંપૂર્ણ પુનઃસ્થાપના માટે કોઈ સમયરેખા આપી નહોતી.

#### કેટલી અસર?

મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં આનાથી લગભગ ૧૩૩ સીએનજી પંપ પ્રભાવિત થયા છે. મુંબઈ, થાણે, નવી મુંબઈ વિસ્તારોમાં રિક્ષા અને ટેક્સી સીએનજી પર ચાલે છે. આ સાથે, કુલ બેસ્ટના કાફલામાં ૪૫ ટકા બસો સીએનજી પર સંચાલિત છે. બેસ્ટ દ્વારા એવો દાવો કરવામાં આવ્યો હતો કે બસસેવાને કોઈ અસર થઈ નહોતી, પરંતુ ગોરેગાંવ, ઘાટકોપર, ગોરાઈ, આણિક, પ્રતિક્ષા નગર, માગાઠાણે, દેવનાર, સેન્ટ્રલ ડેપો, પોઈસર ખાતે સીએનજી બેસ્ટની એપ ધરાવતા લોકોને જ સીએનજી ઉપલબ્ધ કરાવવામાં આવ્યું હતું.

### ઘાટકોપરમાં

અફઝલ શેખ (૧૧) અને આરુશ ખાન (૧૧) તરીકે થઇ હતી.

વિદ્યાર્થીઓએ સોમવારે બપોરે સ્કૂલની કેન્ટીનમાં સમોસા ખાધા હતા અને તેમને ખોરાકી ઝેરની અસર થઇ હતી. આથી તેમને સારવાર માટે તાત્કાલિક રાજાવાડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. દરમિયાન બનાવની જાણ થયા બાદ ઘાટકોપર પોલીસ ઘટનાસ્થળે તપાસ માટે દોડી આવી હતી. કેન્ટીનમાંથી ખાદ્યપદાર્થના નમૂના લેવામાં આવ્યા હતા અને બાદમાં તેને તપાસ માટે મોકલી આપવામાં આવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

## જૈન મરણ

**ઝાલાવાડી વિશા શ્રીમાળી જૈન**

વઢવાણ નિવાસી સ્વ. શારદાબેન હિંમતલાલ પદમશીભાઇ શાહના સુપુત્ર હાલ અંધેરી કિશોરભાઇ હિંમતલાલ શાહ (ઉં. વ. ૮૩) તે રમાબેનના પતિ. માધવી, ચાંદની, મૌલિકના પિતાશ્રી તથા મનીષ, રાહુલ અને અશ્મિના સસરા. રેવાશંકર વખરચંદ શાહના જમાઇ. મહેકના નાના તથા દર્શીના દાદા. મધુબેન, સુરેશભાઇ, ચંદ્રિકાબેન, માયાબેન, દિલીપભાઇ, સ્વ. જ્યોત્સનાબેન, બિપીનભાઇ, વિરેન્દ્રભાઇના ભાઇનું અવસાન તા. ૧૬-૧૧-૨૫ રવિવારના થયેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**માંગરોળ જૈન**

નીના રવિન્દ્ર પારેખ (ઉં. વ. ૮૦) હાલ અમદાવાદ શનિવાર, તા. ૧૫-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મગનલાલ ચત્રભુજ પારેખના પુત્રવધુ. પ્રભુદાસ દામોદર ઝવેરીના સુપુત્રી. કુંજલ સમીર શાહ, અમીત રવિન્દ્ર પારેખ, જેસલ અમર શાહના માતુશ્રી. હેતલ અમીત પારેખના સાસુ. હિમાની, જશ, રૂદ્ર અને સનયના નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થા. જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ મલાડ શાંતિલાલ દલીચંદ શાહના પુત્ર લલિતભાઇ (ઉં.વ. ૭૫) તે ધર્મેશ, ચિરાગના પિતા. સ્વ. હીરાભાઇ, સ્વ. અરવિંદભાઇ, સ્વ. ધીરુભાઇ, અશોકભાઇ, સ્વ. હંસાબેન, સ્વ. લતાબેનના ભાઇ. સાસરીયા પક્ષે સ્વ. તરૂલતાબેન ધીરજલાલ દોઢીવાળાના જમાઇ. રમાબેન ગોસલિયા, સ્વ. ગુણવંતભાઇ, જયપ્રકાશભાઇ, પ્રતિમાબેન દેસાઇના બનેવી તા. ૧૪-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી દશા ઓશવાળ જૈન**

કચ્છ ગામ સાંધવના સ્વ. ચેતના પિતાંબર લાલજી જૈન (ખોના)ના સુપુત્ર સ્વ. નયન (ઉં. વ. ૪૪) તા. ૧૭-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ગં. સ્વ. અંકિતાના પતિ. જસના પિતાશ્રી. અ. સૌ. દિપાલી ચંદ્રેશ નાગડાના ભાઇ. ગં. સ્વ. સરલાબાઇ રામજી ખોના, અ. સૌ. આશા માણેકજી ખોના, સ્વ. હીરબાઇ લખમશી લોડાયાના ભત્રીજા. સામા પક્ષે પરવડી નિવાસી હાલ મુલુંડના અ. સૌ. ચેતનાબેન મહેન્દ્ર મણીલાલ શાહના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૮-૧૧-૨૫ મંગળવારના ૩થી ૪.૩૦. ઠે. સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

અમરેલી નિવાસી હાલ કાંદિવલી વેસ્ટ અશોક ચંદ્રકાન્ત મહેતાના ધર્મપત્ની. અ. સૌ. ઉષાબેન (ઉં. વ. ૭૫) તે તા. ૧૬/૧૧/૨૫ ના અરિહંતશરણ પામેલ છે. તે ભાવેશ તથા મીતેશના માતુશ્રી. સ્વાતિના સાસુ. પિયરપક્ષે સ્વ. મનસુખલાલ ઓધવજી શાહના દીકરી. તે સ્વ. જ્યોતિબેન, રાજુભાઈ, ભુપતભાઇ તથા પન્નાની બેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી જૈન**

લીંબડી નિવાસી (હાલ મુંબઈ) શકરીબેન ચીમનલાલ શાહના પુત્રવધૂ રસીલાબેન સુમંતલાલ શાહ (ઘડિયાળી) (ઉં. વ. ૯૨) તા. ૧૭/૧૧/૨૫ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. સુમંતલાલ ચીમનલાલ શાહના ધર્મપત્ની. જયેશ શિલ્પા, અ.સૌ. કલ્પના અનીલકુમાર બગડીયા. અ.સૌ. ફાલ્ગુની રાજેનકુમાર શાહ. અ.સૌ. બીના નયનકુમાર શાહના માતુશ્રી. અનુજ- નિર્વિ, ફોરમ રૂચિતકુમાર વખારિયાના દાદી-નાની. સોમચંદભાઈ શિવલાલ શાહ પરિવાર. (અમદાવાદ)ના પુત્રી. શૈલેષભાઇ-નિતા, જીતેશભાઇ-માધવી. સંજય-રૂપલ, પરેશભાઈ-હેતલ, વિપુલભાઈ-અલ્પા અને શ્રેણિકભાઈ-ભાવિની (ઘડિયાળી)ના કાકી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.સરનામું :જયેશ શાહ (ઘડિયાળી), જી-૧ ત્રિવેણી બિલ્ડીંગ, ૬૬-વાલ્કેશ્વર રોડ,ગોપી બિરલા સ્કૂલની બાજુમાં, વાલકેશ્વર.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પત્રી હાલે પાલીતાણાના સાધ્વીશ્રી રવિપ્રભાશ્રીજી મ.સા. (ઉં. વ. ૮૮) તા. ૧૧/૧૧ના કાળધર્મ પામ્યા છે. પંજાબ કેસરી વિજયવલ્લભસૂરી સમુદાયના સુશિષ્યા. દેવકાબેન મીઠુ વરજાંગના પુત્રી. મગન, વાંકી મણીબાઈ વેલજી દના, કુંદરોડી હાલ ભુજ રતનબેન શીવજી ગાલા, સાધ્વી ભાનુપ્રભાશ્રીજીના બહેન. સાધ્વી પ્રમિતગુણાશ્રીજીના માસી. પત્રી હાલ ઓલ્લેવાડી ખીમજી વરજાંગ, મમીબાઈ શીવજી વીરા, વાંકી ગોમીબાઈ હેમરાજ છેડાના ભત્રીજી. એડ્રેસ: શત્રુંજય પાર્ક, બિલ્ડીંગ નં.૪, તળેટી રોડ, પાલીતાણા.

આદ્યગચ્છસ્થાપક મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા. ના પટ્ટધર શુદ્ધમાર્ગ પ્રરૂપક ગચ્છાધિપતિ પૂ. પંડિત મહારાજ સાહેબના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી નિગ્રંથભૂષણવિજયજી મ. સા. (ઉં. વ. ૬૦) તા. ૧૪-૧૧-૨૫ના કાળધર્મ થયેલ છે. સંસારી નામ: નિતિનભાઈ જેઠાલાલ ફુરીયા (કચ્છ-વાંકી-મુલુંડ) રેખાબેન જેઠાલાલ મોણશી ફુરીયાનાપુત્ર. વાંકીના કલ્પનાબેન રાજેશ સાવલા. વડાલાના જ્યોતિ મયુર સોનીના ભાઈ. સંસાર પક્ષે ધર્મનિધિના પતિ. મલય, સંસાર પક્ષે પરમ નિધિના પિતાશ્રી. રચનાના સસરા. બારોઇના માતુશ્રી મંજુલાબેન લખમશી માવજી કેનિયાના જમાઈ. ગુણાનુવાદ સભા રાખેલ નથી.

નાના આસંબિયાના વર્ષા (ભારતી) દેઢિયા (ઉં. વ. ૬૬) તા.૧૬/ ૧૧/૨૫ના અવસાન પામેલ છે. કુતાબેન ગણપતના પુત્રવધૂ. ગાંગજીના ધર્મપત્ની. પાયલ, પલ્લવી, હીના, મયુરના માતા. ડેપાના રાણબાઈ હીરજીના સુપુત્રી. વલ્લભજી, મુલચંદ મહેન્દ્ર, પ્રભા, ઇન્દુના બેન. પ્રા. શ્રી વ.સ્થા. જૈ. શ્રા.સં.સં. કરસન લધુ નીસર હોલ, દાદર, ટા. ૨ થી ૩.૩૦.

લુણીના કુ. ભૂમિ સોની (ઉં. વ. ૩૨) તા. ૧૫/૧૧/૨૫ના અવસાન પામેલ છે. સરલા દીપકની સુપુત્રી. સ્વ. હીરબાઇ કાનજી દેવરાજની પૌત્રી. ફોરમ, પૂજાની બહેન. વડાલાના નિર્મલાબેન નાનજી વેલજી નીસરની દોહિત્રી. પ્રાર્થના સભા રાખેલ નથી. નિવાસ : દીપક સોની, ગોવિંદ નગર, રૂમ નં. ૮, ચાલ નં. ૯, વિલેજ રોડ, ભાંડુપ-વેસ્ટ.

સાડાઉના સાકરબેન હંસરાજ ગાલા (ઉં. વ. ૯૫) તા. ૧૪/૧૧/૨૫ના ત્રીજા ઉપવાસે સંથારો સીજયો છે. પાનબાઈ દેવજી થાવરના પુત્રવધૂ. હંસરાજભાઈના ધર્મપત્ની. સ્વ. કાંતિલાલ, સ્વ. ભોગીલાલ, નરેન્દ્ર, જયેશ, પ્રફુલ્લ, સ્વ. ઝવેરબેન, ભાનુબેન, જયવંતીબેનના માતુશ્રી. કાંડાગરાના સુંદરબેન ગાંગજી છેડાના પુત્રી. વેલજી, લક્ષ્મીચંદ, પ્રેમજી, કાંતિલાલ, ખેતબાઈ માણેક, વેજબાઈ મુલચંદ, ઉમરબાઈ હંસરાજ, પ્રભાવંતી શિવજી, મોરારજી, પ્રેમજી, હીરજી, મણિબાઈ લાલજીના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. હંસરાજ ગાલા, ૭૨, ગાલા નિવાસ, ગાંધીબાગ, નાગપુર - ૨.

મોખાના માવજી ધારશી ગાલા (ઉં. વ. ૯૨) તા. ૧૬/૧૧/૨૫ ના અવસાન પામેલ છે. દેવકાબેન/ભાણબાઈ ધારશીના સુપુત્ર. રતનબેનના પતિ. રેખા, ચેતન, રાજેશ, હરેશના પિતા. મોખા ગાંગજી, બાલુભાઈ, બારોઇના જવેરબેન જગશીના ભાઈ. રતાડીયા (ગ.) મમીબાઈ રતનશી ઓભાયા છેડાના જમાઈ. પ્રાર્થના: યોગી સભાગૃહ, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઇસ્ટ). ટા. ૨.૩૦ થી ૪.૦૦.

મોટી ખાખરના રમેશ દામજી ગંગર (ઉં. વ. ૬૯) તા. ૧૫/૧૧ના અવસાન પામ્યા છે. જવેરબેન દામજીના સુપુત્ર. રંજનબેનના પતિ. ધવલ, વિરલ, બીજલ, ભૂમિકાના પિતા. ગિરીશ, કાંડાગરા જયશ્રી હસમુખ ભાણજી, લાખાપર પ્રવિણા હસમુખ માવજીના ભાઈ. બિદડાના પાનબાઈ દેવજી ક્યુના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભૂમિકા અતુલ દેઢિયા : એ-૧૦૦૧, રાઈટ ગેલેક્ષી, સોડાવાલા લેન, બોરીવલી-વે. મું-૯૨.

બેરાજાના કુ.જીલ વિનોદ વોરા (ઉં. વ. ૩૧) તા.૧૫-૧૧-૨૫ના દેહ પરિવર્તન થયેલ છે. બુદ્ધિબાઈ/વેજબાઈ લાલજી ઉમરશી વોરાની પૌત્રી. રશ્મિ વિનોદની પુત્રી. બારોઇના પાનબાઈ ખેતશી ટોકરશી કેનીયાની દોહિત્રી. જીનલ, કિંજલ, જેકિનની બેન. પ્રાર્થના : શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા.૪ થી ૫.૩૦.

ભોરારા હાલે મદ્રાસના જયંતીલાલ મોરારજી દેઢિયા (ઉં. વ. ૮૦), તા. ૧૫-૧૧-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. મણીબેન મોરારજીના પુત્ર. વિજયાના પતિ. રૂપલ, નેહલ, જીગ્નેશના પિતા. સ્વ. દિનેશ, બિદડાના આશા અશ્વીન, લાખાપરના દિપ્તી કુમુદના ભાઈ. દેઢિયાના સ્વ. મુલબાઈ લખમશી વરસંગના જમાઈ. મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી. નિવાસ: જીગ્નેશ જે. દેઢિયા, ટાવર-૧૧, જી-૦૪, બીન્ની નોર્થ ટાઉન અપાર્ટમેન્ટ, સ્ટેફેનસન રોડ, પેરમબુર, ચેનાઈ-૬૦૦૦૧.

## પારસી મરણ

ખોરશેદ જમશેદજી પટેલ તે મરહુમ જમશેદજી જે. પટેલના વિધવા. તે મરહુમો માનેકબાઇ તથા જહાંગીરજી અડાજનીયાના દીકરી. તે બેહેરોઝ ખોટ, તનાઝ સોપારીવાલા, આવાં ભમગરા તથા મરહુમ મીનુ પટેલના મમ્મી. તે ઝુબીન ભમગરા તથા મરહુમ જીમી ખોટના સાસુ. તે નરગીશ, જાલ તથા મરહુમો રોશન, નોશીર, ટેમુલ ને જરૂના બહેન. તે મરહુમો બાયમાય તથા જીજીભોય પટેલના વહુ. (ઉં. વ. ૯૨) રે. ઠે. ૭૮૦ મંચેરજી જોશી રોડ, પારસી કોલોની, દાદર-પૂર્વ, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૮-૧૧-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની બેનેટ બંગલી નં.૬માં.

## હિન્દુ મરણ

**વીસા સોરઠિયા**

પોરબંદરવાળા હાલ મુલુંડ સ્વ. યોગેશ હરિદાસ શાહના પત્ની મૃદુલાબેન (બેબીબેન) (ઉં. વ. ૭૧) મૂળ ગામ શીલ તે તા. ૧૪-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ધનકોરબેન, સ્વ. નેમચંદ હીરાચંદ શાહના દીકરી. પૂર્વી અને વિશાલના મમ્મી. પ્રીતેશ પંચાલ અને પ્રિયા શાહના સાસુ. રેયાંશના દાદી. પ્રાપ્તિ અને પ્રિશાના નાની. દીપક, વિજય, વસંત, સુધા, પદમાંના મોટા ભાભી. પ્રાર્થનાસભા ઓનલાઇન રાખવામાં આવી છે.

**કપડવંજ દશા પોરવાડ વણિક**

મુંબઇ નિવાસી હાલ દહીંસર ગીરીશ વલ્લભદાસ પરીખ (ઉં. વ. ૭૪) તે સ્વ. અનસુયાબેન તથા સ્વ. વલ્લભદાસ ઓચ્છવલાલ પરીખના સુપુત્ર. તે સ્મીતાના પતિ. તે અંકિતના પિતા. તે ઉર્વીના સસરા. તે સ્વ. મધુબેન તથા સ્વ. બાબુભાઇ મગનભાઇ કાપડીયાના જમાઇ. તે જગદીશ, સ્વ. નીતા, ગીતા, વંદનાના ભાઇ. રવિવાર, તા. ૧૬-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

હાલ મુંબઇ નિવાસી સ્વ. અમૃતલાલ કાનાણીના ધર્મપત્ની નિર્મલાબેન (ઉં.વ.૮૨) તે લલિતાબેન ધીરજલાલ પાંધીના સુપુત્રી. ચંદ્રીકાબેન તુલસીદાસ ભોજાણી, પન્નાબેન કિસનભાઇ બાટવીઆ, મીના અરુણ જોબન, અરુણ ધીરજલાલ પાંધી, સ્વ. રેખાબેન જીતુભાઇ ગણાત્રાના બેન. અ. સૌ. ઇલાબેન અરુણ પાંધીના નણંદ. સિદ્ધાર્થ, નિકુંજના ફઇબા. રવીન, વિરલ, અ. સૌ. મીતા જૈન, ગૌરવના માસી તા. ૧૧-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ**

માળિયા હાટીના નિવાસી હાલ વિરાર સ્વ. સુશીલાબેન ત્રિલોકચંદ શાહના સુપુત્ર મનીષભાઇના ધર્મપત્ની માલિની (ઉં. વ. ૫૭) તે પિયર પક્ષે ચંદ્રકાંતભાઇ કોઠારીની સુપુત્રી. તે પ્રથમના માતુશ્રી. રાજેશભાઇ અને જયેશભાઇના ભાભી. ચિરાગ શાલીની બીના અને સ્વીટુના બહેન બુધવાર તા. ૧૨-૧૧-૨૫ના વિરાર મુકામે અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટિયા**

અ. સૌ.ભારતી લલિત સંપટ (ઉં. વ. ૭૭) તે લલિત નરોત્તમદાસ - મધુરીબેન સંપટ (લખપતવાળા)ના ધર્મપત્ની. તે અ.સૌ. તૃપ્તિ - વિપુલ, અ. સૌ.રેવતી - અમિત અને અ.સૌ.નેહા - હર્ષિતના માતાશ્રી. તે સ્વ. સુંદરબેન હરિદાસ દુતિયાના પુત્રી. તે સ્વ. હંસા - હરિદાસ, અ. સૌ. સીમા - દિપક, સ્વ.લક્ષ્મી - અનિલ, અ.સૌ.ભારતી - ભરત, અ.સૌ. સુશીલા - મુકુંદના ભાભી. તે ગં. સ્વ. જયલક્ષ્મી ગોપાલભાઈ, સ્વ. શોભના - ભરત, સ્વ. તુલસીદાસ, સ્વ. કનકસોહના બેન. તે તા. ૧૬/૧૧/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૮/૧૧/૨૫ ના સ્વામી નારાયણ મંદિર, સબવે, દહિસર ઈસ્ટમાં સાંજે ૪ થી ૫.૩૦ કલાકે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ખંભાતી વિસા લાડ વણિક**

વિમલબેન મર્ચન્ટ (ઉં. વ. ૯૦) તેઓ સ્વ. રોમેશચંદ્ર દેવીદાસ મર્ચન્ટના ધર્મપત્ની. તે કુણાલ, મેહુલ, હિના રાજેશ પરીખ તથા સંગીતા સંજય પારેખના માતુશ્રી. તે રૂપલ અને નેહાના સાસુ. તે સ્વ. રુક્મણિ અને ગંગાદાસ પ્રાણજીવનદાસ થાણાવાલાના પુત્રી. તે અરુણા વિનોદચંદ્ર મર્ચન્ટ, સ્વ. સ્નેહલત્તા બિપીનચંદ્ર મર્ચન્ટ તથા શકુંતલા વિનયચંદ્ર મર્ચન્ટના ભાભી. તે રવિવારના તા. ૧૬/૧૧/૨૫ ના રોજ શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વૈષ્ણવ દસા સોરઠિયા**

કુંકાવાવ નિવાસી, હાલ પૂણે ગિરધરલાલ જેતસી ગોરસિયાના સુપુત્ર ગૌરાંગ, ભાવિષાના પિતાશ્રી. દર્શના નિખિલના સસરા લલિત ગિરધરલાલ ગોરસિયા (ઉં. વ. ૭૮ ) તા.૧૫ નવેમ્બરના શનિવારે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# તન-મન-ધનથી રહો તરોતાજા

# બાળકની જેમ વાપરો-યુવાનની જેમ આપો ને વડીલની જેમ બચાવો




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

આપણે આવક સાથે ત્રણ ક્રિયા કરી શકીએ છીએ- ખર્ચવું, આપવું અને બચાવવું. મેં એક પ્રાચીન ગ્રંથ વાંચેલો, જેમાં કમાણીને કઈ રીતે વાપરવી તે વિશે બહુ સરસ રીતે સમજાવવામાં આવ્યું હતું. તે લખાણમાં કમાણીને જીવનના ત્રણ તબક્કા- બાળપણ, યુવાની અને વૃદ્ધાવસ્થા- સાથે સાંકળવામાં આવી હતી.

બાળક હંમેશાં પોતાનામાં રચ્યુંપચ્યું હોય છે. એના માટે બધા અનુભવ નવા છે, માણવાલાયક છે. આપણે એને કેળું આપીશું તો કોણ પોતાને જોઈ રહ્યું છે કે કોણ શું ખાઈ રહ્યું છે તેની પરવા કર્યા વિના એ કેળું ખાવામાં પડી જશે. કેળું ખાવાની ક્રિયામાંથી એ સંપૂર્ણ આનંદ મેળવશે. એ નહીં દુનિયાની ફિકર કરે, નહીં સરખામણીમાં પડે કે નહીં કોઈને પ્રભાવિત કરવાની કોશિશ કરે. એ તો બસ, પોતાની પાસે જે કંઈ છે એનાથી ખુશ રહેશે. આપણે આપણી કમાણીને આ રીતે વાપરવી જોઈએ. આપણી પાસે જે કંઈ છે એને પોતાના માટે તેમ જ સ્વજનો ને પ્રિયજનો માટે વાપરવું જોઈએ. સાથેસાથે એ વાત સુનિશ્ચિત કરવી જોઈએ કે વાપરતી વખતે આપણને ભરપૂર આનંદ મળતો રહે.

યુવાની બેફિકરાઈનું પ્રતીક છે. યુવાની એટલે જોખમ ઉઠાવવું, કશું પણ કરવા માટે હરહંમેશ તૈયાર રહેવું. જરૂરિયાતમંદને કે સમાજને જરૂર પડે તો બિન્દાસ બનીને તેમની મદદ કરો. બધી કમાણી બીજાઓ પાછળ ખર્ચાઈ જશે તો મારું ને મારા ઘરનાઓનું શું થશે એવું ન વિચારો. બીજાઓની મદદ કરવામાં સૌથી આગળ રહો અને આ કામ ઉત્સાહપૂર્વક કરો. ભગવાન ઉપર ભરોસો રાખો. જો તમે બીજાઓને સહાય કરશો તો જરૂર પડ્યે તમને પણ સહાય મળી રહે એનું ભગવાન ચોક્કસ ધ્યાન રાખશે અને જો ભગવાન સહાય નહીં કરે તો બીજા કોઈની મદદ કામમાં નહીં આવે.

છેલ્લે, પૈસા બચાવવાની વાત આવે ત્યારે વડીલની જેમ વર્તો. સાવધાની, પરિપક્વતા, ધીરજ અને ડહાપણ એ વૃદ્ધાવસ્થાનાં લક્ષણો છે. પૈસા બચાવવાના મામલામાં આ તમામ ગુણની જરૂર પડે છે. નાણાંનું રોકાણ કરતી વખતે સાવચેત રહેવું પડે છે અને પરિપક્વતાથી વ્યવહાર કરવો પડે છે. આપણે પોન્ઝી સ્કિમોથી ભરમાઈ જઈએ તે ન ચાલે. રોકાણ કર્યા પછી તમામ કાગળિયાંને કાળજીપૂર્વક સાચવી રાખવા જોઈએ. ત્યારબાદ ધીરજ રાખીને રોકાણને વધવા દેવું જોઈએ.

આમ, ખર્ચવું, આપી દેવું અને રોકાણ કરવું- આ ત્રણેય પ્રવૃત્તિઓ કમાણી વડે કરી શકીએ છીએ. કમાણીનો વધુમાં વધુ ફાયદો ઉઠાવવા માટે આ ત્રણેય પ્રવૃત્તિ કરવી જોઈએ. ત્રણ પાયાવાળા ટ્રિપોડ જેવી આ વાત છે. ટ્રિપોડના ત્રણેય પાયા સંતુલનમાં રહેવા જોઈએ. ત્રણમાંથી એકેય પાયાનું વત્તું-ઓછું મહત્ત્વ નથી. આપણે ખુદની અને સ્વજનો- પ્રિયજનોની જરૂરિયાતો તેમ જ આનંદપ્રમોદ માટે કમાણી વાપરવી જ જોઈએ. સમાજને મદદરૂપ બનવાની આપણી ફરજ છે. એ જ લોકોની સંપત્તિ ટકે છે જે ગરીબો, કલાકારો, શિક્ષકો, વડીલો, અનાથ બાળકો, વગેરેને સહાયરૂપ બન્યા હોય. યાદ કરો એ પરિવારો અને ઉદ્યોગગૃહોને જે લાગલગાટ કેટલાય દાયકાઓથી ધનાઢ્ય રહી શક્યા છે. આ એ પરિવારો અને ઉદ્યોગગૃહો છે જેમણે હંમેશાં સમાજના કલ્યાણ માટે કામ કર્યું છે. અને છેલ્લે, પૈસા બચાવો. ભવિષ્યની જવાબદારીઓ અને અનિશ્ચિતતાઓ માટે બચત કરો. બચત કરવી એટલે પોતાની જાતને ભવિષ્ય માટે સજ્જ કરવી.


**યોગિક વેલ્થઃ** મોટે ભાગે અવિચારીપણે કરેલા ખર્ચ બદલ પાછળથી પસ્તાવો થતો હોય છે. આ પ્રકારના ખર્ચ સંપત્તિનાશક છે. આપણે આપણા મનમાં જાગતી ઈચ્છાઓ પર અંકુશ મૂકવો જ જોઈએ. ■

## ફાઈનાન્સના ફંડા

મિતાલી મહેતા
feedback@bombaysamachar.com

### પાવર ઑફ ઍટર્ની

# આ મહત્ત્વના મુદ્દા પણ ચૂકશો નહીં...




પાવર ઑફ ઍટર્નીની રચના જે હેતુસર કરવામાં આવી હોય એના માટે જરૂરી તમામ અધિકાર આવી જાય એ મતલબનું જ લખાણ એમાં હોવું જોઈએ અને એ મુજબ જ એનું અર્થઘટન થવું જોઈએ. આથી જે લખવામાં આવ્યા હોય એના સિવાયના કોઈ વધારાના અધિકાર અપાયા હોવાનું માની લેવું જોઈએ નહીં. આથી આ દસ્તાવેજનું અર્થઘટન સ્પષ્ટ અને ચુસ્તપણે કરવામાં આવવું જોઈએ.

ઉદાહરણ તરીકે, જો પાવર ઑફ ઍટર્નીમાં 'રાઇટ ટુ લીઝ' લખવામાં આવ્યું હોય તો ફક્ત લીઝ પર આપવાના અધિકાર તરીકે જ એની ગણતરી થવી જોઈએ. એને 'રાઇટ ટુ સેલ' એટલે કે વેચાણના અધિકારમાં ખપાવી લેવાય નહીં.

ઍજન્ટે ખુદ એને આપવામાં આવેલા કાર્યક્ષેત્રની અંદર રહેવું જરૂરી છે. એ પોતાના અધિકાર બહારના કોઈ પગલાં દ્વારા પ્રિન્સિપાલને એના બંધનમાં લાવી શકે નહીં.

અહીં ખાસ ઉમેરવાનું રહ્યું કે બિનરહીશ ભારતીયને ઍજન્ટના ફ્રોડ બદલ જવાબદાર ગણી શકાય નહીં અને એમની વિરુદ્ધ કાનૂની ખટલો કરી શકાય નહીં. હા, જો ફ્રોડ એમની મિલીભગતથી કરવામાં આવ્યો છે એવું પુરવાર થાય તો એમની સામે કેસ થઈ શકે છે.

**પાવર ઑફ ઍટર્ની કયારે રદ કરી શકાય?**

આ એક અગત્યનો દસ્તાવેજ છે. ક્યારેક પાવર ઑફ ઍટર્ની રદ કરાવવાની પણ જરૂર પડે. જો પ્રિન્સિપાલને એવું લાગે કે ઍજન્ટ એને આપવામાં આવેલા અધિકારનો દુરુપયોગ કરી રહ્યો છે અથવા પોતાને સોંપવામાં આવેલી ફરજ બરાબર નિભાવી શકતો નથી ત્યારે એ સ્વેચ્છાએ પાવર ઑફ ઍટર્ની રદ કરાવી શકે છે.

પોતાની ઍસેટ્સનું અને પોતાના હિતનું ધ્યાન રાખવા એ ખુદ સમર્થ છે એવું પ્રિન્સિપાલને લાગે ત્યારે પણ એ પોતાના જીવનકાળ દરમિયાન પાવર ઑફ ઍટર્ની રદ કરાવી શકે છે.

હા, પ્રિન્સિપાલનું મૃત્યુ થાય અથવા એ માનસિક સંતુલન ગુમાવી બેસે કે પછી એની નાદારી જાહેર થાય એ સંજોગોમાં પણ એ રદ થઈ શકે છે.

જો સ્પેશિયલ પાવર ઑફ ઍટર્ની કરાવવામાં આવી હોય તો સ્પેશિયલ એટલે કે નિશ્ચિત કાર્ય પૂરું થઈ જાય એટલે એ આપોઆપ તરત જ રદ થઈ જાય છે.

પ્રિન્સિપાલ અને ઍજન્ટની પરસ્પર નક્કી થયેલી શરતો અનુસાર પણ પાવર ઑફ ઍટર્ની રદ થઈ શકે છે. જે રીતે એ કરાર કરવામાં આવ્યો હોય એ જ રીતે એ રદ પણ કરવામાં આવે છે, અર્થાત્ પાવર ઑફ ઍટર્નીનું સબ-રજિસ્ટ્રાર પાસે રજિસ્ટ્રેશન કરાવ્યું હોય તો પ્રિન્સિપાલે એ જ ઑફિસમાં જઈને એ રદ કરાવવાની હોય છે.

અહીં જણાવવું રહ્યું કે પાવર ઑફ ઍટર્ની રદ કરાવ્યા વિશે ઍજન્ટ તથા તમામ સંબંધિત પાર્ટીઓને એની જાણ કરવામાં આવવી જોઈએ. જો એ દસ્તાવેજ રદ થવાને કારણે અનેક લોકોનાં હિતને અસર થવાની હોય તો સ્થાનિક અખબારમાં એની જાહેરખબર પણ છપાવવી જોઈએ. પાવર ઑફ ઍટર્ની રદ કરાવ્યાની નોટિસ સામાન્ય જનતાના ધ્યાનમાં આવે એ રીતે સંબંધિત પ્રોપર્ટી પર લગાડવી જોઈએ.

### અગત્યનો મુદ્દો

પાવર ઑફ ઍટર્ની અત્યંત મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ છે એ તો હવે આપ જાણી ગયા છો. એની સાથે સંકળાયેલાં જોખમોની પણ જાણકારી હોવી ઘટે.

પ્રિન્સિપાલ કોઈ ઍજન્ટને પાવર ઑફ ઍટર્ની આપે છે ત્યારે એ પોતાના નામે તમામ કાર્યો અને વ્યવહારો કરવાનો ઍજન્ટને અધિકાર આપે છે. તેનો અર્થ એ થયો કે ઍજન્ટને પ્રિન્સિપાલના તમામ કાનૂની અધિકારો મળે છે અને તેથી ઍજન્ટનાં કાર્યોને પ્રિન્સિપાલનાં કાર્યો ગણવામાં આવશે. કાયદામાં Qui facit per alium facit per se નામનો એક સિદ્ધાંત છે, જેનો અર્થ એ થાય છે કે બીજી કોઈ વ્યક્તિ મારફતે કામ કરે તો એ એમણે પોતે જ કરેલું કાર્ય ગણાય.

આ જ કારણ છે કે પાવર ઑફ ઍટર્ની જો યોગ્ય વ્યક્તિને આપવામાં આવી ન હોય તો એ ખૂબ જ જોખમી બની શકે છે. પોતાને આપવામાં આવેલા અધિકારની ઉપર જઈને ઍજન્ટ કોઈ કામ કરે તો પ્રિન્સિપાલને એ બંધનકારક નહીં ગણાય અથવા એમના પર કોઈ કાનૂની ખટલો નહીં ભરી શકાય અથવા એમને જવાબદાર ગણી નહીં શકાય એવી દલીલ થઈ શકે છે. આમ છતાં પોતાનાં હિતનું ધ્યાન રાખવાની દરેકની જવાબદારી હોય છે. આથી જ પાવર ઑફ ઍટર્નીના અધિકાર નિશ્ચિત કરીને દસ્તાવેજ બનાવવામાં આવે તો ઍજન્ટ બીજી કોઈ રીતે દુરુપયોગ કરી શકતા નથી.

ઍજન્ટને અમર્યાદિત સત્તા આપવામાં આવે તો મોટું નુકસાન થઈ શકે છે, જેમકે...

શ્રીમાન કુમારે શ્રીમાન રાજનને ઍજન્ટ બનાવ્યા અને પોતાના તમામ બેન્કિંગ વ્યવહારોનો અધિકાર આપી દીધો. આ સ્થિતિમાં ઍજન્ટને બેન્કિંગને લગતા તમામ વ્યવહારો કરવાનો અધિકાર મળે છે. એ એજન્ટ રાજન પેલા શ્રીમાન કુમારના નામે લોન લઈને કોઈ વસ્તુ ખરીદી શકે છે. પાવર ઑફ ઍટર્ની હેઠળ મળેલા અધિકારનો પોતાના વ્યક્તિગત સ્વાર્થ માટે ઉપયોગ કરવાનું ઍજન્ટ માટે સહેલું હોવાથી પ્રિન્સિપાલે પૂરતી કાળજી રાખીને જ યોગ્ય વ્યક્તિની નિમણૂક કરવી. ઍજન્ટના કામકાજ પર નજર રાખવા માટે કોઈ ત્રીજી વ્યક્તિને અમુક અધિકાર આપીને પ્રિન્સિપાલ પાવર ઑફ ઍટર્નીનો દુરુપયોગ થતો અટકાવી શકે છે.

ટૂંકમાં, વિશ્વસનીય વ્યક્તિને જ ઍજન્ટ બનાવવા, જેથી ભવિષ્યમાં કોઈ કાનૂની સમસ્યાઓ કે ગૂંચ ઊભી ન થાય. ■

## આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

# રક્ત વિકાર

# શું છે થેલેસેમિયા મેજર ને માઈનર?



એક અંદાજ પ્રમાણે, ભારતમાં દર વર્ષે આશરે ૧૦,૦૦૦ નવજાત શિશુઓ હોમોઝાયગસ બીટા-થેલેસેમિયા સાથે જન્મે છે અને તેમાંથી મોટા ભાગના રક્તદાન-આશ્રિત છે (અર્થાત્ તેમને નિયમિત રક્તદાનની જરૂર પડે છે.) માટે આ રક્તવિકાર વિશે જાણવું જરૂરી છે.

થેલેસેમિયા (Thalasemia) વારસાગત (એટલે કે, જનીનો દ્વારા માતા- પિતાથી બાળકોમાં ફેલાયેલો) રક્ત વિકાર છે. થેલેસેમિયા વિકારમાં શરીરમાં પૂરતું હિમોગ્લોબિન બનતું નથી, જે લાલ રક્તકણોનું પ્રોટીન છે. જ્યારે પૂરતું હિમોગ્લોબિન ન હોય ત્યારે શરીરના લાલ રક્તકણો યોગ્ય રીતે કાર્ય કરી શકતા નથી અને રક્તકણોનું આયુષ્ય ટૂંકૂ હોય છે તેથી લોહીમાં લાલ રક્તકણોની ઊણપ સર્જાય છે. લાલ રક્તકણો શરીરના તમામ કોષોમાં ઓક્સિજન વહન કરે છે.

ઓક્સિજન એ એક પ્રકારનો ખોરાક છે, જેનો ઉપયોગ કોષો કાર્ય કરવા માટે કરે છે. થેલેસેમિયા ધરાવતા લોકોને હળવો કે ગંભીર એનિમિયા હોઈ શકે છે. ગંભીર એનિમિયા અંગોને નુકસાન પહોંચાડી શકે છે અને મૃત્યુ તરફ દોરી શકે છે.

### થેલેસેમિયાના પ્રકાર

માઇનોર અને મેજર થેલેસેમિયા જાણીતા છે, પણ એ બન્ને શું છે અને બન્ને વચ્ચે શું તફાવત છે એ વિશે આપણને ઝાઝી જાણ નથી હોતી, જે આપણે અહીં જાણીએ...

હિમોગ્લોબિન બે અલગ અલગ ભાગોથી બનેલું છે, જેને આલ્ફા અને બીટા કહેવાય છે. જો આલ્ફા અથવા બીટા ભાગમાંથી કોઈ એક ભાગ ન બને તો સામાન્ય માત્રામાં હિમોગ્લોબિન બનાવવા માટે પૂરતા પ્રમાણમાં માળખાકીય તત્ત્વો ન રહે. ઓછા આલ્ફાને 'આલ્ફા થેલેસેમિયા' કહેવામાં આવે છે. ઓછા બીટાને 'બીટા થેલેસેમિયા' કહેવામાં આવે છે. માતા અને પિતા દરેક પાસેથી વારસાગત બે (કુલ ચાર) જનીનો આલ્ફા ગ્લોબિન પ્રોટીન સાંકળો બનાવે છે. જ્યારે એક અથવા વધુ જનીનો ખામીયુક્ત હોય છે ત્યારે આલ્ફા થેલેસેમિયા થાય છે.

જ્યારે માતા અને પિતા દરેક પાસેથી એક બીટા-ગ્લોબિન જનીન મળે, તેમાંથી એક ખામીયુક્ત અથવા ખૂટતું બીટા જનીન હોય તો હળવા લક્ષણો જોવા મળે. આ સ્થિતિનું બીજું નામ બીટા થેલેસેમિયા માઇનોર છે. બે ખામીયુક્ત અથવા ખૂટતા બીટા જનીનોના કારણે મધ્યમથી ગંભીર લક્ષણોનો અનુભવ થાય. મધ્યમ સંસ્કરણને થેલેસેમિયા ઇન્ટરમીડિયા કહેવામાં આવે છે.

બે જનીન પરિવર્તનને કારણે વધુ ગંભીર બીટા થેલેસેમિયાને બીટા થેલેસેમિયા મેજર અથવા કુલીઝ એનિમિયા કહેવામાં આવે છે.



### આ રોગનાં લક્ષણ

થેલેસેમિયા હોય ત્યારે શરીરમાં લાલ રક્તકણો ઓછા હોય છે, તેથી લોહીની ઊણપ અથવા એનિમિયાનાં લક્ષણો દેખાઈ શકે છે. થાક અથવા નબળાઈનો અનુભવ થઈ શકે છે. તે ઉપરાંત, ચક્કર આવવા, શ્વાસ લેવામાં તકલીફ, ઝડપી ધબકારા, માથાનો દુખાવો, પગમાં ખેંચાણ અને નિસ્તેજ ત્વચા પણ એનાં લક્ષણો છે.

થેલેસેમિયાના મધ્યમ અને ગંભીર સ્વરૂપો તો લક્ષણોના કારણે ઓળખાઈ જાય છે, પણ માઇનોર થેલેસેમિયા ધરાવતી વ્યક્તિને કદાચ કોઈ લક્ષણો ન પણ દેખાય. કદાચ તેમને ફક્ત એટલા માટે ખબર પડે કે તેમને એનિમિયાનાં લક્ષણો હોય, અથવા ડોક્ટરને નિયમિત રક્ત પરીક્ષણમાં અથવા અન્ય કોઈ કારણસર કરવામાં આવેલા પરીક્ષણમાં એનિમિયા જણાય. જો એક આલ્ફા જનીન ખૂટે, અથવા બે આલ્ફા જનીન અથવા એક બીટા જનીન ખૂટતા હોય, તો તમે એસિમ્પ્ટમેટિક (કોઈ લક્ષણો ન દેખાવા) હોઈ શકો.

### કઈ રીતે થાય આનું નિદાન

રક્ત પરીક્ષણો દ્વારા થેલેસેમિયાનું નિદાન થાય છે. આયર્નના અભ્યાસો દર્શાવે છે કે તમારા એનિમિયાનું કારણ આયર્નની ઊણપ છે કે થેલેસેમિયા. બીટા થેલેસેમિયાનું નિદાન કરવા માટે હિમોગ્લોબિન ઇલેક્ટ્રોફોરેસિસનો ઉપયોગ થાય છે. આલ્ફા થેલેસેમિયાનું નિદાન કરવા માટે આનુવંશિક પરીક્ષણનો ઉપયોગ થાય છે.

### સારવાર

થેલેસેમિયા મટાડવા માટે યોગ્ય સંબંધિત દાતા પાસેથી બોન મેરો અને સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટ એકમાત્ર સારવાર છે. જોકે, બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ એક ઉચ્ચ જોખમ વાળી સારવાર છે.

મધ્યમ અથવા ગંભીર થેલેસેમિયાવાળા દર્દીને દર ચાર મહિને અને બીટા થેલેસેમિયા મેજરવાળા દર્દીને દર બે થી ચાર અઠવાડિયે રક્ત આપવામાં આવે છે. હિમોગ્લોબિન H રોગ અથવા બીટા થેલેસેમિયા ઇન્ટરમીડિયા માટે ક્યારેક ક્યારેક રક્ત ચઢાવવાની જરૂર પડી શકે છે (ઉદાહરણ તરીકે, ચેપના સમયે). સ્વસ્થ લાલ રક્તકણો અને હિમોગ્લોબિનના સામાન્ય સ્તરને પુનઃસ્થાપિત કરવા માટે નસ દ્વારા લાલ રક્તકણોના ઇન્જેક્શન પણ અપાય છે.

રક્ત મેળવવાનો એક ભય એ છે કે તે આયર્ન ઓવરલોડનું કારણ બની શકે છે. વધુ પડતું આયર્ન અંગોને નુકસાન પહોંચાડી શકે છે.

જેમને વારંવાર રક્ત ચઢાવવું પડતું હોય, તેમને આયર્ન ચેલેશન થેરાપી (જે ગોળી તરીકે લઈ શકાય છે) દ્વારા શરીરમાંથી વધારાનું આયર્ન દૂર કરવું પડી શકે છે. ફોલિક એસિડ સપ્લિમેન્ટ્સ તમારા શરીરને સ્વસ્થ રક્તકણો બનાવવામાં મદદ કરી શકે છે.

જેમ લગ્ન સમયે કુંડળી મેળવાય, તેમ લોકોએ પોતાનું રક્ત પરીક્ષણ પણ કરાવી લેવું જોઈએ. જો તમે થેલેસેમિયા માઇનોર હો, તો તમારે અન્ય થેલેસેમિયા માઇનોર સાથે લગ્ન કરતી વખતે સાવધાન રહેવું જોઈએ. જો પતિ-પત્ની બંનેને થેલેસેમિયા માઇનોર હોય, તો તેમનાં બાળકમાં થેલેસેમિયા મેજર હોવાની શક્યતા ૨૫% (૪ માંથી ૧) છે. નિષ્ણાત તબીબની આ વિશે સલાહ લેવી જરૂરી છે. ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# યોગમાં નાડીશોધનને ખૂબ મહત્ત્વ આપવામાં આવે છે



**શોધનકર્મ**

(૧) શોધનકર્મ એટલે શું?

જેમ આપણે જળ વડે ધોઈને કે કપડાથી લૂછીને શરીરની બહારની સપાટી સાફ કરીએ છીએ તેવી રીતે શરીરની અંદરનાં અવયવોને સાફ કરવાની પદ્ધતિ યોગમાં વિકસી છે. આ માટે ભિન્ન ભિન્ન ક્રિયાઓ પ્રયોજવામાં આવે છે. આ ક્રિયાઓને શોધનકર્મ કહેવાય છે. યોગમાં શરીરનું આંતરિક શોધન કરવામાં ચાર સાધનોનો ઉપયોગ થાય છે. પાણી, વસ્ત્ર કે દોરી, હવા અને શરીર ચાલન. બસ્તિ, વારિસાર, જલનેતિ વગેરેમાં પાણીનો ઉપયોગ થાય છે. ધૌતિમાં વસ્ત્ર અને સૂત્રનેતિમાં સૂતરની દોરી વપરાય છે. કપાલભાતિમાં હવાથી શોધન થાય છે. નૌલિ કે અગ્નિસારમાં-કોઈ બાહ્ય સાધનોનો ઉપયોગ થતો નથી. પરંતુ માત્ર શરીરનાં અવયવોના ચાલન દ્વારા જ શોધન થાય છે. ત્રાટકમાં માત્ર આંખની સ્થિર સ્થિતિ દ્વારા શોધન કરવામાં આવે છે.

(૨) શોધનકર્મનું યોગમાં સ્થાનઃ

૧. યોગમાં નાડીશોધનને ખૂબ મહત્ત્વ આપવામાં આવે છે. નાડીશોધન કર્યા વિના પ્રાણાયામ કે અંતરંગયોગનો અભ્યાસ કરનાર સાધક જોખમ વહોરી લે છે. આ નાડીશોધન માટે શોધનકર્મનું મૂલ્યવાન પ્રદાન છે. યોગમાં નાડીશોધન (અનુલોમવિલોમ) નામનો એક ખાસ પ્રાણાયામ છે જેનાથી સાધક નાડીશોધન સિદ્ધ કરે છે. એક પરંપરા નાડીશોધન માટે માત્ર નાડીશોધન પર્યાપ્ત માને છે. પરંતુ બીજી પરંપરા મુજબ નાડીશોધન માટે આ પ્રાણાયામ ઉપરાંત શોધન કર્મોથી શરીરનું શોધન કરવું આવશ્યક છે.

૨. જ્યાં સુધી શરીરમાં વાત, પિત્ત અને કફજન્ય દોષ હોય ત્યાં સુધી યોગાભ્યાસ કઠિન અને જોખમી છે. એટલે પહેલા ત્રિદોષજન્ય રોગોનું નિવારણ આવશ્યક છે. આ કાર્ય શોધનકર્મોથી સારી રીતે થઈ શકે છે.

૩. ધાતુ સામ્ય એ ચિત્તની સમ અવસ્થા માટેનું આવશ્યક સોપાન છે. ધાતુ સામ્ય વિના ચિત્તવૃત્તિ નિરોધ દુષ્કર છે. આ ધાતુ સામ્ય સિદ્ધ કરવા માટે શોધનકર્મોનું પ્રદાન મૂલ્યવાન છે.

૪. યોગાભ્યાસ દરમિયાન સાધક ક્યારેક વ્યાધિઓનો ભોગ થઈ પડે તેવી શક્યતાઓ છે. આ વખતે જાણકારની સલાહ પ્રમાણે શોધનકર્મો દ્વારા તે રોગનિવારણ કરી શકાય.

આ રીતે આપણે કહી શકીએ કે શોધનકર્મ સાક્ષાત્ યોગ સાધન નથી, પરંતુ એક મૂલ્યવાન સહાયક સાધન છે.

(૩) યૌગિક શોધનકર્મોનું વિશિષ્ટ સ્વરૂપ :

આયુર્વેદમાં શોધનકર્મોને પંચકર્મ કહે છે. બસ્તિ, વમન, વિરેચન, સ્નેહન અને સ્વેદન - આ પાંચ આયુર્વેદનાં શોધનકર્મો છે. યૌગિક શોધનકર્મ અને આયુર્વેદના પંચકર્મમાં કેટલીક ભિન્નતાઓ રહેલી છે.

૧. આયુર્વેદિક શોધનકર્મમાં સામાન્યતઃ ઔષધિનો ઉપયોગ થાય છે. જ્યારે યૌગિક શોધનકર્મમાં ઔષધિનો ઉપયોગ નથી.

૨. આયુર્વેદમાં શોધનકર્મનો હેતુ રોગનિવારણ કે શારીરિક સ્વાસ્થ્યની પ્રાપ્તિ છે. યૌગિક શોધનકર્મ તેથી આગળ વધીને નાડીશોધન અને આખરે આધ્યાત્મિક વિકાસને દૃષ્ટિ સમક્ષ રાખે છે. એટલે યૌગિક શોધનકર્મનો હેતુ વધારે સૂક્ષ્મ અને વધારે વ્યાપક છે.

૩. આયુર્વેદિક શોધનકર્મના પ્રમાણમાં યૌગિક શોધનકર્મના સ્વરૂપ અને સંખ્યા બન્ને દૃષ્ટિએ વિકાસ થયો છે. ઘેરંડ સંહિતામાં એકવીશ શોધનકર્મોનું વર્ણન છે.

૪. આયુર્વેદિક શોધનકર્મો કરતાં યૌગિક શોધનકર્મો વધુ કઠિન છે. આયુર્વેદમાં શોધનકર્મો દરદીઓ માટે છે. જ્યારે યૌગિક શોધનકર્મો સાધક માટે છે.

૫. યૌગિક શોધનકર્મનું મૂલ્ય આયુર્વેદિક શોધનકર્મ કરતાં વધુ છે.

૬. જે શોધનકર્મ બંનેમાં સમાન છે. તેમના સ્વરૂપમાં બંનેમાં ભિન્નતા છે. દા. ત. આયુર્વેદમાં બસ્તિ કરવા માટે પાણીને બહારના દબાણથી અંદર પસાર કરવામાં આવે છે. જ્યારે યૌગિક બસ્તિમાં નૌલિકર્મ દ્વારા પાણીને અંદર ખેંચવામાં આવે છે. આયુર્વેદિક વિરેચનમાં ઔષધિ પ્રયોગથી રેચન કર્મ થાય છે. યૌગિક પદ્ધતિમાં નૌલિ, ઉડ્ડિયાન અને આસનોમાં પ્રયોગથી જ વિરેચન સિદ્ધ કરવામાં આવે છે.

(૪) યૌગિક શોધનકર્મોનું વર્ગીકરણઃ

(૧) કપાલભાતિ i કપાલભાતિ, ii વ્યુત્ક્રમ કપાલભાતિ, iii શીત્ક્રમ કપાલભાતિ

(૨) નૌલિ

(૩) ત્રાટક

(૪) નેતિ-i જલનેતિ, ii સૂત્રનેતિ

(૫) બસ્તિ-i જલબસ્તિ, ii શુષ્ક બસ્તિ

(૬) ધૌતિ-

(અ) અંતર્ધૌતિ, i વાતસાર, ii વારિસાર, iii અગ્નિસાર

(બ) હૃદધૌતિ - i દંડધૌતિ, ii વમનધૌતિ, iii ગજકરણી, iv બાઘી ક્રિયા, v વસ્ત્રધૌતિ, vi વાયુભક્ષણ

(ક) મૂલશોધન

(ડ) દંડધૌતિ- i દંતમૂલ શોધન, ii કર્ણશોધન, iii જીહ્વામૂલ શોધન, iv કપાલરન્ધ્ર શોધન

૧. કપાલભાતિ

(૧) નામ :

કપાલ એટલે મસ્તક અને ભાતિ એટલે પ્રકાશિત કરે છે. કપાલભાતિના અભ્યાસથી ચહેરા પર તેજ આવે છે. તેથી તેને કપાલભાતિ કહે છે.

(૨) યોગશાસ્ત્રમાં ઉલ્લેખ :

હઠપ્રદીપિકામાં સ્વાત્મારામ કપાલભાતિનું જે સ્વરૂપ વર્ણવે છે તે સ્વરૂપ પ્રમાણે આપણે અહીં કપાલભાતિની પદ્ધતિ સમજવાનો પ્રયત્ન કરીએ છીએ.

भ्रस्त्रावल्लोहकारस्य रेच पुरौ ससंभ्रमौ ।
कपालभाति र्विख्याता कफदोष शोषणी ।
ह. प्र. २-३६

'લુહારની ધમણની જેમ તીવ્ર ગતિથી રેચક-પૂરક કરવાથી કપાલભાતિ થાય છે. તે કફદોષનો નાશ કરનારી છે.' ઘેરંડ સંહિતામાં શીત્ક્રમ કપાલભાતિ અને વ્યુત્ક્રમ કપાલભાતિ એવા બે વિશેષ પ્રકારોનું વર્ણન છે.

(૩) આસન : પ્રાણાયામ માટે ઉપયુક્ત એવું આસન કપાલભાતિ માટે પણ ઉપયુક્ત છે. એટલે કે કુશાસન પર મૃગચર્મ કે ઊનનું આસન પાથરી તેના પર સુતરાઉ સફેદ કાપડ પાથરી આસન બનાવવું. તેમ શક્ય ન હોય તો ગડી વાળેલો કામળો પણ ચાલી શકે.

કપાલભાતિમાં અભ્યાસ વખતે પદ્માસનમાં બેસવું તે સૌથી ઉત્તમ છે. કારણ કે કપાલભાતિ શ્વાસોચ્છ્વાસની તીવ્ર ક્રિયા છ. બીજું આસન આ તીવ્રતાને કારણે છૂટી જાય તેવી શક્યતા છે. પદ્માસનમાં આવું જોખમ નથી. જેઓ પદ્માસનમાં ન બેસી શકે તેઓ બીજા અનુકૂળ ધ્યાનોપયોગી આસનમાં બેસી શકે છે. આસન ધારણ કર્યા પછી હાથની ગોઠવણી કપાલભાતિમાં વિશિષ્ટ રીતે કરવામાં આવે છે. બંને હાથને ઢીંચણ પર હથેળી રાખી દૃઢતાપૂર્વક ગોઠવો. શરીર સહેજ આગળ નમાવો, હાથ ઢીંચણ પર દબાવીને રાખો. આટલું કરવાથી આસન દૃઢ થશે, જે કપાલભાતિ માટે આવશ્યક છે. કમરથી ઉપરનું શરીર મસ્તક સહિત સીધી રેખામાં રાખો જેથી શ્વસનક્રિયામાં અવરોધ ન થાય.

(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com
ફોકસ
દિક્ષિતા મકવાણા

# ત્વચાની ચમકથી લઈને વાળની વૃદ્ધિ સુધી... આ પાંચ કાર્યમાં એરંડા તેલની કમાલ



તમે તમારા ઘરની આસપાસ ઘણી વખત એરંડાનું ઝાડ જોયું હશે અને તેના બીજ પણ જોયા હશે. આ ઝાડના પાંદડાથી લઈને બીજ સુધી, જે સરળતાથી ગમે ત્યાં ઊગે છે, તે ખૂબ જ ફાયદાકારક છે. એરંડાનું તેલ બજારમાં ખૂબ જ ઊંચી કિંમતે ઉપલબ્ધ છે. ચાલો જાણીએ તેનો ઉપયોગ કરવાની પાંચ રીતો અને તેના ફાયદા.

કુદરતી સારવાર અથવા ઘરગથ્થુ ઉપચાર વિશે વાત કરીએ તો, એરંડા તેલનો ઉપયોગ પ્રાચીન સમયથી કરવામાં આવે છે. તેનો ઉપયોગ આયુર્વેદમાં ઘણી પ્રકારની દવાઓ બનાવવા માટે પણ થાય છે. સ્પર્શ કરવા માટે ખૂબ જ જાડું અને ગંધહીન આ તેલ ઘણા ગુણધર્મોથી ભરપૂર છે. તેમાં રિસિનોલિક એસિડ નામનું ફેટી એસિડ હોય છે, જેને બળતરા વિરોધી અને પીડા નિવારક માનવામાં આવે છે. એરંડા તેલમાં એન્ટિ-બેક્ટેરિયલ, એન્ટિ-ઇન્ફ્લેમેટરી તેમજ મોઇશ્ચરાઇઝિંગ ગુણધર્મો હોય છે. આધુનિક જીવનશૈલીમાં, લોકો વાળ ખરવા, અકાળ વૃદ્ધત્વ જેવી અનેક પ્રકારની સમસ્યાઓથી પરેશાન છે. આને ટાળવા માટે, મોટાભાગના લોકો હજુ પણ કુદરતી વસ્તુઓ પર વધુ આધાર રાખે છે. વાસ્તવમાં, આ પાછળનું કારણ એ છે કે કુદરતી વસ્તુઓ ધીમી અસર દર્શાવે છે, પરંતુ તેની આડઅસરો ખૂબ જ દુર્લભ છે. ચાલો જાણીએ કે એરંડા તેલના પાંચ ઉપયોગો શું છે?

નેશનલ સેન્ટર ફોર બાયોટેકનોલોજી ઇન્ફર્મેશન મુજબ, FDA એ એરંડા તેલને રેચક તરીકે માન્યતા આપી છે, એટલે કે, તે કબજિયાત વાળા માટે ફાયદાકારક છે. તે લિપિડ મેટાબોલિઝમ અને એન્ટિમાઇક્રોબાયલ ગુણધર્મો માટે પણ જાણીતું છે. આ લેખમાં આપણે જાણીશું કે એરંડા તેલનો ઉપયોગ તમે કઈ ૫ રીતે કરી શકો છો.



### ત્વચા માટે મોઇશ્ચરાઇઝર

તે એક ઉત્તમ કુદરતી મોઇશ્ચરાઇઝર છે. તેને સૂકી અને તિરાડવાળી ત્વચા પર લગાવવાથી તે નરમ અને હાઇડ્રેટેડ રહે છે. તે ખાસ કરીને એડી અને કોણી પર અસરકારક છે.



### વાળના વિકાસમાં મદદરૂપ

એરંડા તેલ વાળ માટે ખૂબ ફાયદાકારક માનવામાં આવે છે. તે ખોપરી ઉપરની ચામડીમાં રક્ત પરિભ્રમણ સુધારવામાં મદદ કરે છે, જે વાળના મૂળને પોષણ આપે છે અને વાળને મજબૂત બનાવે છે. આ વાળના વિકાસમાં પણ સુધારો કરે છે. જોકે તે ખૂબ જ ભારે તેલ છે, તેથી તેને નાળિયેર તેલ સાથે ભેળવીને અને ગુણોત્તરને યોગ્ય રાખીને લગાવવું જોઈએ.

### ભમરને જાડી કરવા માટે

એરંડાનું તેલ વાળના વિકાસમાં સુધારો કરે છે. જો તમે એવા લોકોમાંથી એક છો જેમની પાંપણ અને ભમર ખૂબ જ હળવા હોય છે, તો તમે એરંડાનું તેલ લગાવી શકો છો. આનાથી તમને ખૂબ સારા પરિણામો મળી શકે છે. જો કે, તેનો ઉપયોગ ખૂબ જ મર્યાદિત માત્રામાં કરો.



### ઘા અને સોજો ઘટાડે છે

હેલ્થ લાઇનમાં આપેલી માહિતી અનુસાર, એરંડા તેલમાં હાજર તત્વ રિસિનોલિક એસિડ બળતરા ઘટાડવામાં મદદરૂપ છે. આ ઉપરાંત, તમે હળવા ઘાને મટાડવા માટે પણ આ તેલનો ઉપયોગ કરી શકો છો. આ તેલ લગાવવાથી સ્નાયુઓના દુખાવામાં પણ રાહત મળી શકે છે.





### ત્વચા માટે ફાયદા

હેલ્થ લાઇન કહે છે કે એરંડાનું તેલ એક ઉત્તમ ત્વચા મોઇશ્ચરાઇઝર છે. તમે તેને ત્વચાને અનુકૂળ હોય તેવા હળવા તેલ સાથે ભેળવીને લગાવી શકો છો. તે ત્વચાને પોષણ આપે છે અને તેને નરમ રાખે છે. જો કે, તેને લગાવતા પહેલા પેચ ટેસ્ટ કરો. ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# મનમાં ભરીને બહુ જીવ્યો હવે મન ભરીને જીવ...



'ઈશ્વર બન્યા તો શું થઇ ગયું, પણ આજે મને એના પર અંદરથી ગુસ્સો છે તો છે, ખોટું છે તો છે, લોહીઉકાળા છે તો છે અંદરથી હટી એટલે હટી બસ, એકવાર જો ઈશ્વર મળી ગયો તો...'

'અરે શું થયું ઠાકર? ઈશ્વર પર આટલો ગુસ્સો' ચંબુ બોલ્યો

'થાય શું? સાલું આપણા ઘરના પ્રસંગ વખતે હોલમાં કેટરિંગવાળા, ડેકોરેશનવાળાની મોનોપોલી હોય એમ એ આપણા જીવતરની મોનોપોલી લઇ બેઠો છે.'

'જીવતરની મોનોપોલી?'

'મને હતું જ તારી બુદ્ધિમાં ખર્ચો છે. અરે ટોપા, જિંદગી જીવવાનો પ્રસંગ આપણો પણ જીવવાનું એની મરજી પ્રમાણે. એ નચાવે એમ કઠપુતલીની જેમ નાચવાનું? આપણા વિચારોની તો ઐસી કી તૈસી. એને મન થાય એટલે નીચે મોકલે ને મન થાય એટલે ઉપર ઉઠાવી લે.... ન ચલાવાય ચંબુ, આ બધું ન ચલાવાય, આ તો સૌથી વધુ નજીકનો સંબંધ એની સાથે છે એટલે મારામારી ન કરું પણ ખોટા મસ્કા તો ન જ મારું.'

'અરે પણ એ તો ઈશ્વર છે'

'છેને..મેં ના પાડી? ઈશ્વર જ છે' મારી ખચકી :

'પણ એને પથ્થરમાંથી ઈશ્વર બનાવ્યો કોણે? આપણે. ને હવે મેરી બિલ્લી મુજસે મ્યાઉં? આ તો જન્મ આપવા જેવડો પહાડ જેવડો મોટો ઉપકાર કર્યો છે એટલે ચુપ છું. બાકી મોઢા ઉપર કઈ દઉં, તેં મોકલ્યો ને? હવે તું તારું સંભાળ અમે અમારું ફોડી લઈશું. અમે તારામાં નઈ પડીએ એટલે તારે પણ અમારામાં ચંચુપાત નઈ કરવાનો.'

'પણ ઈશ્વરે તારું બગાડ્યું છે શું? '

'બગાડ્યું નથી તો સુધાર્યું છે પણ શું? હું અંદરથી હલબલી ગયો છું... તું જ કહેને તે કોઈ મંદિરમાં ચશ્માંવાળા ઈશ્વરને જોયા? નઈને?. સાંભળવા માટે પેલા સ્ટેથેસ્કોપ જેવા કાનમાં ભૂંગળા ભરાવી ઊભેલા જોયા? નઈને? એને 'સ્વર્ગ હેર કટિંગ સલૂન'માં વાળ-દાઢી કપાવતા જોયા? એને આપણે બ્રશ કે દાતણ કરતા જોયા? નઈને? દાઢમાં દુખાવો ઉપડ્યો તો ડેન્ટિસ્ટ પાસે જોયા? નઈને? અરે આપણે છપ્પન ભોગમાં ફસાયા છતાં છપ્પન ભોગ ધરાવ્યા પણ ખાતા જોયા? નઈને? અરે, તબિયતમાં ગરબડ થઈ તો ડોક્ટરની દવા લેતા જોયા? નઈને? અરે, મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા કરી તો પ્રતિષ્ઠા તો વધી પણ પ્રાણ સાથે એને ફરતા જોયા? નઈને?'

'અરે ચુઉઉઉપ' ચંબુ બરાડ્યો 'હવે એક પણ વાર જો 'નઈને' બોલ્યો તો તું જ કાલથી નઈ દેખાય. તારે કહેવું છે શું એ બોલને.'

'અરે. એની આપણા જીવન પર મોનોપોલી છે એટલે દુઃખનો ઢગલો કરી દીધો, દુઃખ આપે એનો ગમ નથી પણ સહન કરવા દિલ માત્ર એક જ. જેટલા દુઃખ એટલા દિલ આપવા જોઈએને...? એક જ દિલમાં આટલા દુઃખ કેમ છુપાવવા? સાલુ, ફરિયાદ સાંભળવાની જ નઈ?'

'તો જા મંદિરમાં ને બોલ તારે શું દુઃખ છે? શું જોઈએ છે?'

નાઉ ઓવેર ટુ મંદિર..

'પ્રભુ , આ શું માંડ્યું છે? આ કેવું નાટક? કોઈને સાગર આપે ને કોઈને ખાબોચિયું પણ નઈ? કોઈને બનાવે કૃષ્ણ તો કોઈને સુદામા? આવું કેમ? છે જવાબ આનો તારી પાસે? મને એ કહે કે પેલા ચંબુને વધુ શું કામ આપે છે?'

'કારણકે એને મારા પર શ્રદ્ધા છે' મૂર્તિમાંથી અવાજ આવ્યો

'અરે વાહ તો પછી મને ઓછું કેમ આપે છે?'

'કારણકે મને તારામાં શ્રદ્ધા છે કે તું જ બોલેલો હું મારું ફોડી લઈશ'

'બાપરે પ્રભુ, તમે તો બોમ્બ ફોડ્યો ત...તમને મા...મા..મારામાં શ્રદ્ધા' હું થોથવાયો

'યસ તારામાં. ચાલ આજ ઉલટી રમત રમીએ તું મારી ભક્તિ મને પસંદ કરવા કરે છે આજે હું તારી ભક્તિ કરું. તું પસંદ થઈ મને પૂછ 'બોલ પ્રભુ, કયું વરદાન આપું?'

'તમે પ્રભુ મશ્કરી ન કરો. તમારું ઠેકાણે તો છે ને? હું શું આપું વરદાનમાં?'

'કેમ આજ સુધી વરદાન માગી તું જ કહેતો 'જ્યાં વસે છે ત્યાં મને સ્થાન આપી દે...વાહ, મારી આખી સીટ જ પચાવાની વાત...! તું પણ રાજકારણી છે? બહુ માગ્યું હવે થોડું આપતા શીખ. ચલ, આ જ મંદિરમાંથી નીકળી તારા આંગણે આવીને ગાઈશ 'તેરે દ્વાર ખડા ભગવાન ભગત ભર દે ઝોલી.'

'પધારો પ્રભુ પણ મારી પાસે તો ઝોળી પણ નથી ને જે છે એ બધું આપે તો આપ્યું છે, આ સંપત્તિ, આ સંતતિ, આ પ્રતિષ્ઠા, આ નામના, આ શરીર ને તારા આપેલા શ્વાસથી તો જીવું છું.'

'ધેર યુ આર, હું તારામાં શ્વાસનો ઢગલો મૂકું ને તારે ચપટી વિશ્વાસ પણ નઈ મૂકવાનો? ને બધુ આપ્યું તોયે ક્યાં ધરાયો? તને ઓછું આપ્યું નથી પણ ઓછું પડ્યું છે. યાદ રાખજે જે નથી મળ્યું એની ફિકર કરી તો જે મળ્યું એનો આનંદ નઈ લૂંટી શકે... ચાલ, હવે મારી માગવાની વાત. મેં તને આપી જ નથી ને તે પેદા કરી છે...એ આ ઈશ્વર તારી પાસે માગે છે. બોલ આપીશ?'

'મેં વળી શું પેદા કર્યુ. કે મારે તમને... કઈ સમજાય એવું બોલો. જાઓ, એ ચીજ આપી પ્રોમિસ.'


'તો બકા એ છે તારો અહમ, હુંકાર. અત્ર તત્ર સર્વત્ર હું જ છવાઈ જઉં એટલે તો તું મારું સ્થાન મેળવવા સુધી પહોંચ્યો, પણ સૃષ્ટિ ચલાવવી ભારે પડશે. જે છે એ બરાબર છે. બધું ભેગું કરવાની લ્હાય લાગી છે એ હોલવી નાખ ને બધુ મનમાં ભરીને બહુ જીવ્યો હવે થોડું મન ભરીને જીવ.'

'પ્રભુ... પ્રભુ... તારા મોઢામાં ઘી સાકર. મનની વાત કરી તો હવે નમન સ્વીકારો ને હવે ગુસ્સો નથી તો નથી, ને ઈશ્વર છે તો છે. ચલ, નીકળું... ટેક કેર. ફરી મળશું.'

શું કહો છો? ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# કુદરતની બક્ષિસ ગણાય છે કાજુના સોનેરી દાણા



કાજુ નામ પડતાંની સાથે જ આપણાં મોંમાં પાણી આવી જાય. કેમ બરાબર ને? કાજુ કતલી તહેવાર હોય કે શુભ પ્રસંગ પ્રત્યેક વ્યક્તિની મનપસંદ મીઠાઈ ગણાય છે. મસાલા દૂધ હોય કે સેવનો દૂધપાક કાજુનો ઉપયોગ અચૂક કરવામાં આવે છે. શિયાળો આવે તેમ આહાર તજજ્ઞો સૂકા મેવાનું સેવન કરવાની સલાહ આપતાં હોય છે. કેમ કે જે કુદરતી પ્રોટીન આપણને સૂકા-મેવામાંથી મળી રહે છે. તે અન્ય સપ્લીમેન્ટ કે દવામાંથી મળવું મુશ્કેલ છે. કેડબરી કે અન્ય ચૉકલેટ લંચબૉક્સમાં ભરી આપવાને બદલે બાળકોને સૂકોમેવો ભરી આપવો વધુ યોગ્ય છે. કાજુમાંથી વિવિધ મીઠાઈની સાથે અનેક સ્વાદિષ્ટ વાનગી બનાવી શકાય છે.

તારીખ ૨૩મી નવેમ્બરનો દિવસ ભારતમાં 'કાજુ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. તેની પાછળનું મુખ્ય કારણ છે કાજુની ખેતી કરતાં ખેડૂતોની મહેનતને બિરદાવવી. આપણાં દેશમાં જ પાકતાં વિવિધ પ્રકારના કાજુનો આનંદ માણવો. ભારતમાં કાજુની ખેતી દરિયાકાંઠાના વિસ્તારોમાં મોટા પ્રમાણમાં જોવા મળે છે. કાજુની ખેતી વખતે ખાસ સંભાળ રાખવાની આવશ્યકતા રહે છે. કેરળ, કર્ણાટક, મહારાષ્ટ્ર, તમિળનાડુ, ગોવામાં મોટા પ્રમાણમાં કાજુની ખેતી થાય છે. કાજુની ખેતીની વાત કરીએ તો તેનાં છોડ કે બીજને સૌ પ્રથમ એક નાના કુંડા કે નર્સરીમાં ગોઠવવામાં આવે છે. લગભગ ૧૨ થી ૧૮ માસમાં છોડ થોડો મોટો થાય ત્યારબાદ તેને ખેતરમાં કાયમી જગ્યામાં રોપવામાં આવે છે. ત્રણથી પાંચ વર્ષના ગાળામાં તે વૃક્ષ બનીને ફળ આપવા લાગે છે. વૃક્ષ આઠથી બાર વર્ષનું થાય ત્યારબાદ તેમાં કાજુનો મબલખ પાક મળવા લાગે છે.

કાજુના બીજ પોર્ટુગીઝ લોકો બ્રાઝિલથી ભારતમાં લાવ્યા હતા, કાજુની વિવિધતાની વાત કરીએ તો ભારતીય કાજુ, તાન્ઝાનિયન, વિએટનામી, ઈન્ડોનેશિયન કાજુ વગેરે ગણાવી શકાય. ભારતમાં પણ ખાસ ગોવાના કાજુ કદમાં મોટા તથા સ્વાદમાં મીઠાશ પડતાં મખમલી હોય છે. કૉલમ કાજુ પણ ભારતીયોમાં લોકપ્રિય ગણાય છે. કેરળના શહેર કૉલમના નામ ઉપરથી કાજુને કૉલમ કાજુની ઓળખ મળી છે. પાકકલામાં ખાસ કેક-બિસ્કીટ, ટોસ્ટ વગેરે બનાવવા માટે કૉલમ કાજુનો મુખ્યત્વે ઉપયોગ કરવામાં આવે છે. તાન્ઝાનિયન કાજુ સ્વાદમાં મુલાયમ તેમ જ ઓછી મીઠાશ ધરાવતાં હોય છે. દેશ-વિદેશમાં તેની મોટા પાયે નિકાસ કરવામાં આવે છે. વિએટનામી કાજુની ખાસિયત જોઈએ તો કદમાં થોડા નાના પરંતુ સ્વાદમાં મીઠાશ ધરાવે છે. તેનો ઉપયોગ મુખ્યત્વે વિવિધ વાનગી બનાવવામાં તથા સુકામેવાના વિવિધ દાણાની ભેળ બનાવવામાં કરવામાં આવે છે. ઈન્ડોનેશિયન કાજુની ખેતી મુખ્યત્વે બાલીમાં થતી જોવા મળે છે. બાલીના કાજુ તેના આકાર તથા સ્વાદને કારણે લોકોમાં અતિ પ્રિય બની ગયા છે. વેપારની દૃષ્ટિએ જોઈએ તો ભારત કાજુની નિકાસમાં પ્રથમ ક્રમાંકે આવે છે. જમ્બો કાજુનો ૧કિલોનો ભાવ જોઈએ તો સરેરાશ ૧૩૦૦ થી ૧૪૦૦ની આસપાસ જોવા મળે છે. નાના કદના કાજુનો ભાવ ૭૦૦થી ૮૦૦ની આસપાસ જોવા મળે છે.

કાજુ વિશે અનેક ગેરમાન્યતા પ્રવર્તતી રહે છે. જેમ કે કાજુ ખાવાથી કૉલેસ્ટ્રોલ વધી જશે. કાજુ ખાવાથી મોટાપો આવશે. હાલમાં યુવાવર્ગ દેશી વાનગી તેમ જ દેશી ઓસડિયાનો દીવાનો બનવા લાગ્યો છે. જેમાં કાજુ વિશેની ખોટી વાતોને નકારવાનો સમય આવી ગયો છે. 'અતિ સર્વત્ર વર્જયેત્:' કોઈપણ વસ્તુનો અતિરેક માનવી માટે નુકસાનકારક ગણાય છે. તો ચાલો કાજુના સ્વાસ્થ્યવર્ધક લાભ જાણીને તેનો ઉપયોગ આહારમાં કરીએ.

કાજુમાંથી બનતી વિવિધ વાનગી જોઈએ તો કાજુકતલી, કાજુની ચિક્કી, કાજુ પૂરી, ખારા કાજુ, કાજુનો ઉપયોગ ગાજરનો હલવો, દૂધીનો હલવો, મોહનથાળ કે અડદિયા પાકમાં કરી શકાય છે. કેક, બિસ્કીટ, પંજાબી શાક તેમજ ગુજરાતી વિવિધ શાકમાં જેવા કે કાજુ-કારેલાંમાં કરવામાં આવે છે. કાજુ પુલાવ, કાજુ બટર સ્પ્રેડ, દક્ષિણ ભારતમાં તો કાજુના પકોડા બનાવવામાં આવે છે. તો ગોવામાં કાજુમાંથી ખાસ પ્રકારનું પીણું 'ફેની' તથા કાજુનો સૂપ બનાવવામાં આવે છે. હવે તો બજારમાં વિવિધ સ્વાદમાં કાજુ મળવા લાગ્યા છે. જેમાં મરી, ચાટ મસાલા, ફુદીના કે ચાઈનીઝ મસાલાની સાથે ગળ્યા કાજુનો સમાવેશ થાય છે.

## કાજુના સ્વાસ્થ્યવર્ધક લાભ

### લોહીને શુદ્ધ રાખે છે

કાજુમાં આયર્ન તથા કૉપર બંનેની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી છે. આયર્ન લોહીને સ્વસ્થ તથા કોશિકાને વધારવામાં મદદ કરે છે. જેથી શરીરમાં ઑક્સિજન યોગ્ય રીતે પહોંચવામાં મદદ મળે છે. આયર્ન લાલ રક્તકણોને વધારવામાં મદદ કરે છે. જે ઍનિમિયાની તકલીફને દૂર કરવામાં મદદ કરે છે. તેથી કાજુનું સેવન પ્રમાણભાન રાખીને કરવું જરૂરી છે.

### ડાયાબિટીઝમાં લાભકારી

કાજુની ગણતરી પોષક તત્ત્વોના ખજાના તરીકે થાય છે. જેમાં સૌથી વધુ મેગ્નેશ્યિમ ગણી શકાય. મેગ્નેશ્યિમને ડાયાબિટીઝનો સાથી ગણવામાં આવે છે. તેનું કારણ લોહીમાં રહેલાં ગ્લુકોઝને સંતુલિત કરવામાં મદદ કરે છે. લોહીમાં ગ્લુકોઝની માત્રા નિયંત્રિત કરવાથી ડાયાબિટીઝને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે.

### પ્રાકૃતિક રોગપ્રતિકારક શક્તિ વધારનાર

આજથી લગભગ ૩૦થી ૪૦ વર્ષ પહેલાંની વાત કરીએ તો દાદી-નાની શિયાળામાં ખાસ સૂકા મેવાનો ઉપયોગ કરીને વિવિધ વસાણા, કાજુકતલી બનાવતાં હતાં. વળી ઘરના પ્રત્યેક સભ્યને વહેલી સવારે માપસર સૂકો મેવો ખાવા મળે તેવી ગોઠવણ કરતાં. જેમાં કાજુનો સમાવેશ અચૂક જોવા મળતો. કાજુને ઝિંકનું પાવરહાઉસ ગણવામાં આવે છે. જે સ્વાસ્થ્ય માટે આવશ્યક ખનીજ ગણાય છે. જે ચેપી બીમારીથી શરીરને બચાવે છે. તેથી હવે વિદેશી મોંઘા પૂરક પાઉડર કે ગોળીને તિલાંજલી આપીને સૂકામેવાનો સ્વાદ માણીએ. શરીરની રોગપ્રતિકારક શક્તિ આપોઆપ વધવા લાગશે.

### હૃદય માટે વરદાન સમાન

કાજુમાં બાયોઍક્ટિવ મૈક્રોન્યૂટ્રિઅન્ટસ્ જેવી કે સારી ફેટસ્ તથા ઍન્ટિઓક્સિડન્ટ સમાયેલું હોય છે. જે આપણાં બ્લડપ્રેશરને તથા કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. જે લાંબેગાળે હૃદયના સ્વાસ્થ્ય માટે લાભદાયી ગણાય છે.

## કેસર-કાજુ-ખજૂર શક્તિવર્ધક બૉલ્સ



**સામગ્રી:** ૨૫૦ ગ્રામ ટુકડા કાજુ, ૨૦૦ ગ્રામ ખજૂરનો માવો, ૧૦૦ ગ્રામ સૂકા નાળિયેરનું ખમણ, ૮-૧૦ તાંતણાં દૂધમાં પલાળેલી કેસર, ૧ નાની ચમચી એલચી-જાયફળનો ભૂકો. ઘી જરૂર મુજબ.

**બનાવવાની રીત:** ૧ ચમચી ઘીમાં કાજુના ટુકડાને સાંતળી લેવાં. ખજૂરના બીજ કાઢીને તેના માવાને તે જ ઘીમાં સાંતળીને મુલાયમ બનાવી લેવો. કાજુના ટુકડા થોડાં નાના કરી લેવાં. જેથી ખાવામાં સરળતા રહે. ખજૂરના માવામાં એલચી-જાયફળનો ભૂકો ભેળવવો. બધું જ બરાબર ભેળવીને નાના બૉલ્સ બનાવી લેવાં. કોપરાના છીણમાં દૂધમાં પલાળેલી કેસરવાળું મિશ્રણ ભેળવવું. કાજુ-ખજૂરના બૉલ્સને કેસરવાળા કોપરાના છીણમાં રગદોળવા. શિયાળામાં શરીરને પૂરતી શક્તિ આપવાની સાથે હાડકાંને મજબૂત બનાવવામાં મદદ મળી રહેશે.

### વજનને નિયંત્રણમાં રાખવામાં લાભકારી

કાજુ ખાવાથી વજન ફટાફટ વધી જશે. તે માન્યતા ખોટી છે. સપ્રમાણ માત્રામાં એટલે કે દિવસના ૫-૬ નંગ કાજુનું સેવન કરવું હિતાવહ છે. સૂકો મેવો ખાતી વ્યક્તિ માટે વ્યાયામ આવશ્યક બની જાય છે. જે શરીરમાં વધતી ચરબીને રોકવામાં મદદ કરે છે. કાજુમાં મેગ્નેશિયમની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જે આપના શરીરમાં રહેલી ચરબી, કાર્બોહાઈડ્રેટ મેટાબોલિઝમ વધારે છે. કાજુમાં સમાયેલું ફાઈબર વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

ફાઈબર કૅલેરીના સેવનને ઘટાડવામાં મદદ કરે છે. કાજુમાં ચરબી તથા પ્રોટીન બંને વધુ માત્રામાં છે. તેથી તેના સેવનથી પેટ લાંબા સમય સુધી ભરાયેલું રહે છે. જે વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

### ગર્ભાવસ્થા, ત્વચા, વાળ માટે ગુણકારી

કાજુમાં મેગ્નેશિયમ, ઝિંક, આયર્ન, ફોસ્ફરસ, વિટામિન ઈ, કૅલ્શિયમ જેવા પોષક ગુણો સમાયેલાં છે. જે હાડકાંને મજબૂત બનાવવામાં, ગર્ભસ્થ શિશુના વિકાસમાં, ત્વચાને ચમકદાર બનાવવામાં તથા વાળની તંદુરસ્તી જાળવવામાં મદદ કરે છે.

કાજુનું સેવન ખાલી પેટ કરવું હિતાવહ છે. કેમ કે કાજુની તાસીર ગરમ હોય છે. જેથી ઠંડીમાં તેનું સેવન કરવું યોગ્ય ગણાય છે. કાજુને પલાળીને ખાવાથી તેના વધુ લાભ મેળવી શકાય છે. કેમ કે પાણીમાં પલાળીને રાખેલાં હોવાથી પાણી કાજુની ગરમી શોષી લે છે. ભૂખ્યા પેટે કાજુનું સેવન પ્રમાણભાન રાખીને કરવું હિતાવહ ગણાય છે.

### હાડકાંની મજબૂતાઈ માટે લાભકારી

કાજુમાં મેગ્નેશિયમ તથા કૅલ્શિયમની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. જે હાડકાંના વિકાસ તથા મજબૂતાઈ માટે ગુણકારી ગણાય છે. કૅલ્શિયમ તથા મેગ્નેશિયમ શરીરને વિવિધ રોગથી બચાવવામાં મદદ કરે છે.

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# અનોખી મલાબાર આમલી



ભારત વિવિધતાથી સમૃદ્ધ દેશ છે. વિભિન્ન ઋતુઓ પોતાના અનોખા રંગ અને સ્વરૂપ સાથે દર વર્ષે આવે છે. દરેક ઋતુમાં નવી નવી ખાદ્ય વસ્તુઓમાં આવે છે. દરેક રાજયમાં વિવિધ પ્રકારના શાકભાજી ફળો અને અન્ય ખાદ્ય-પદાર્થ હોય છે. જે જીવનને રંગભરી અને તાજગીભરી બનાવે છે. જીવન જીવવાનો અનોખો આનંદ અને ઉત્તેજના રહે છે. ભારતીય ભોજનમાં ખાટી ખાદ્ય વસ્તુઓની વિવિધતા ઘણીય જોવા મળે છે. ખાટી ખાદ્ય વસ્તુઓ ભારતીય વ્યંજનોનો અભિન્ન અંગ છે. જે વ્યજંનોને એક અનોખો સ્વાદ આપે છે. સ્વાસ્થ્ય જાળવવા માટે પાચકરસોને ઉત્તેજીત કરે છે. ખાટા ખાદ્ય પદાર્થ આવશ્યક પોષક તત્ત્વો પ્રદાન કરે છે. સ્વાદ અને સ્વાસ્થ્યના લાભોનું અનોખું મિશ્રણ છે. ઋતુઓ પ્રમાણે દરેક રાજયમાં દરેક પ્રકારની ખાટી ખાદ્ય વસ્તુઓ મળી રહે છે. શિયાળામાં ખાટી પાંદડાવાળી ભાજી પણ ખૂબ મળે છે.

ખાટા ખાદ્ય પદાર્થમાં સ્વાદ સારો હોય છે તેની સાથે તેમાં વિટામિન-સી-ઇ-કે આયરન કેલ્શિયમ, પોટેશિયમ અને ઝીંક જેવા તત્ત્વો હોય છે. ભારતમાં લીંબુ, કોકમ, વિવિધ પ્રકારની આમલીઓ, ફળો, તેમ જ અન્ય ખાદ્ય પદાર્થ ખૂબ જ મળે છે. આ ખાટા પદાર્થ શરીરમાં પાચન ક્રિયાને મજબૂતી આપે છે. યાદ રાખો કે આયરનનું અવશોષણ (પાચન થવું) ત્યારે જ થાય છે. જયારે ખટાશ લેવામાં આવે. જેમ કે પાલકને પચાવવા કે તેનું આયરનનું શોષણ શરીર ત્યારે જ કરે જયારે તેને લીંબુ કે આમલી નાખી ખાવામાં આવે છે. પાલકને જયારે રાંધવામાં આવે ત્યારે નોન હીમ-આયરન વધી જાય સાથે ઓકસાલિક એસિડ ઉતપન્ન થાય છે જે આયરનનું શોષણ થવા દેતો નથી. જયારે તેમાં લીંબુ કે આમલી કે અન્ય ખાદ્ય પદાર્થ નાખવામાં ત્યારે જ આયરન શરીરને મળે છે. લીલી હળદરને પચાવવા માટે પણ મરી અને લીંબુની જરૂર પડે છે. એટલે ફકત સ્વાદ જ નહીં સ્વાસ્થ્ય જાળવવા માટે આવા સંયોજનની જાણકારી હોવી જરૂરી છે. ઘણાય દર્દી પૂછતા હોય છે અમે ઘણીય સારી ખાદ્ય વસ્તુઓ ખાઇએ છીએ. પણ પરિણામ આવતું નથી. માટે સંયોજન જાણવા જરૂરી છે. ચહા-કોફીમાં પોલિફિનોલ્સ હોય છે જેના કારણે આયરન અને કેલ્શિયમનું અવશોષણ થતું નથી તે બગડી જાય છે. ચહા-કોફી ન પીવી. ઘણીયે ખાટી વસ્તુઓના સંયોજનથી ચયાપચન વધી જાય અને લોહી બહુ ઝડપથી બને છે. ખરાબ ખાદ્ય પદાર્થ કેમિકલ કે રિફાઇન્ડ કે પ્રીઝર્વેટિવ વાળા પદાર્થ ખાવાને લીધે શરીરમાં સોજા આવે છે. ખટાશ ખાવાથી નહીં, સોજા આવ્યા પછી ખટાશનું પાચન થતું નથી તેથી ન ખવાય. એ ભ્રમણા કાઢી નાખો કે ખાટું ખાવાથી સોજા આવે છે.

ખાટા ફળો કે અન્ય ખાટી વસ્તુઓ વિશે અગાઉના લેખમાં માહિતી આપી છે. આજે મલાબાર આમલી જે કેરળ અને કર્ણાટક રાજયના કોસ્ટલ (દરિયાઇ) ભાગમાં જોવા મળે છે. જેને પૉટ આમલી, મલાબાર કાલી ઇમલી કે કુડમ્પુલી આમલી કહેવાય છે જે વજન ઘટાડવા માટે પ્રખ્યાત છે. વજન ઘટાડવાના સપ્લિમેન્ટ તરીકે એક ઘટકના રૂપમાં ઉપયોગ થાય છે. બ્લડ સુગરને ઝડપથી સુધાર કરે છે. આ પહેલા ગ્રીન રંગનું પછી બેંગની રંગનું ફળ છે. સુકાવ્યા પછી કાળા રંગનું હોય છે.

મલાબાર કાળી આમલીમાં હાઇડ્રોકસીસિટ્રિક એસિડ હોય છે જે કાર્બોહાઇડ્રેડનું પાચન કરી બ્લડ સુગર વસા (ચરબી) કોલેસ્ટ્રોલ, ટ્રાયગ્લીસરાઇડનું નિયંત્રણ કરે છે. હૃદયની બીમારીનું જોખમ થતું નથી. આ આમલી સેરોટ્રેનિન હાર્મોનનું સ્તર વધારી દે છે જે ખુશીનો હાર્મોન છે. જેના કારણે ડિપ્રેશન કે અવસાદથી બચાવે છે. ડર-ગભરાટ થતો નથી. ઊર્જા જળવાઇ રહે છે. સાઇટ્રેટ લાઇસેઝ઼ નામક એન્ઝાઇમ જે ભૂખને કાબૂમાં રાખે છે અને જેના કારણે શરીર પર ભાર લાગતો નથી અને લચીલું બને છે. સોજાને સારું કરે છે. શરીરમાં પાણી ભરવાની સમસ્યા નથી થતી. ફાઇટોકેમિકલ્સફેટ જે અલ્સરથી બચાવે છે. બોડીને ડિટોકસીફાઇડ કરીને હાડકાંને મજબૂત બનાવે છે. નિંદરની ક્ષમતા સારી કરે છે. માથાનો દુઃખાવો કે બેચેનીની સમસ્યા રોકે છે. એસિડિટી માટે ઉત્તમ ઇલાજ છે.


એચ પાયલોરી સંક્રમણ માટે ઉપયોગી છે. એન્ટિ બાયોટિક લેવાની જરૂર પડતી નથી. આ વર્તમાન શોધ છે. ત્વચાના સંક્રમણ પણ દૂર કરે છે.

આ આમલીનો ઉપયોગ દક્ષિણ ભારતમાં સાંભાર, કરી, સૂપ, ચટણી, ઉકાળો બનાવી કરી શકાય છે. નાળિયેરના દૂધમાં નાખી સોલકરી બનાવી શકાય છે. જેમ અન્ય આમલીનો ઉપયોગ કરીએ છીએ તેવી જ રીતે કરી શકાય. ભારતમાં લગભગ પંદર જેટલી અલગ અલગ આમલીઓ મળે છે.

ભારતીય પારંપરિક વ્યંજનોમાં આમલીનો ઉપયોગ સ્વાસ્થ્ય પ્રદાન કરે છે. પારંપરિક ભોજનના સંયોજન એ આપણા વડીલોની સૂઝબૂજને કારણે આપણા માટે વરદાનરૂપ છે.

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# ખૂબસૂરત વાળને બદ-સૂરત બનાવતા રોગ



ભગવાને આપણને આ અમૂલ્ય મનુષ્યદેહ આપેલ છે. તેમાં એક પણ વસ્તુ એવી નથી કે જે સાવ નકામી હોય. આજકાલ આપણે સારા દેખાવા માટે વાળની માવજત માટે બિનજરૂરી કન્ડિશનરો, શેમ્પુઓ, હેરસ્પ્રે, લોશનો વાપરીને વાળના રોગને સામેથી નોતરીએ છીએ. વાળના મોટા ભાગના રોગ આપણી અતિ આધુનિક ફેશનની સાથે જીવવાની ઘેલછાને લઈને થતા હોય છે.

વળી, વાળની અમક બીમારીઓ જેવી કે, ટાલ પડવી, અકાળે વાળ સફેદ થવા એ સામાન્ય બાબત છે, પરંતુ આજકાલ આપણે તેનો સ્વીકાર ન કરતા તેને ગંભીર ગણીને નકામા ઉપચારો કરીએ છીએ. આથી અહીં આવા અમુક વાળ સંબંધી રોગના યોગ્ય ઉપચારો આપવામાં આપ્યા છે તો હવે આપણે ખોટી ઘેલછાઓ છોડી કેવળ કુદરતી ઉપચારો દ્વારા વાળની માવજત કરીએ...

### સૌપ્રથમ આવી સાવધાની રાખીએ...

* વાળમાં થતા ખોડો, જૂ, લીખ વગેરે અટકાવવા માથાના વાળને નિયમિત યોગ્ય રીતે સાફ રાખવા.
* જૂ કે લીખની તકલીફવાળા દર્દીના કાંસકા, રૂમાલ, સાબુ તેમજ માથામાં વપરાતી અન્ય વસ્તુઓ બીજાને વાપરવા ન આપવી, જેથી અન્ય વ્યક્તિને તકલીફ ન થાય.
* જો ઘરમાં કોઈને જૂ, લીખની તકલીફ થાય તો ઘરના અન્ય સભ્યોએ પણ સાવધાની રાખવી તથા જરૂરી સારવાર લેવી.
* વાળને સફેદ થતા કે ખરતા અટકાવવા નિયમિત લીલા પાંદડાવાળા શાકભાજી તથા ફળફળાદિ યોગ્યમાત્રામાં લેવા.

### વાળ સંબંધી વિવિધ રોગ

* ખોડો- જૂ -લીખ વગેરે માટે...

૧.) સીતાફળના બીજનો પાઉડર અને લીંબુનો રસ બન્ને ભેગાં કરી માથું ધોવું. જેથી જૂ, લીખથી રાહત મળશે.

૨.) ચણાના લોટને છાસમાં પલાળી, માથા ઉપર મસળીને બે કલાક પછી માથું ધોઈ નાખવું. જેથી ખોડો મટશે.

૩.) લીમડાના પાનને પાણીમાં વાટીને, તે પાણીથી માથું ધોવાથી ખોડામાં રાહત થાય છે.

૪.) લીંબુના રસમાં કાળીજીરી વાટીને રાત્રે ચોપડવી. સવારે માથું ધોઈ લેવું તેનાથી જૂ, લીખ અને ખોડો મટશે.

### વાળની ચમક માટે શું કરવું...

૧) ગરમ પાણીમાં આમળાનો ભૂકો નાખી, તેને ઉકાળીને એ પાણીથી વાળ ધોવામાં આવે, તો વાળ સુંદર અને ચમકીલા બને છે.

૨) છાલ સાથેની કાકડી ખાવાથી વાળ પર ચમક આવે છે.

૩) સરસિયાના તેલનું માલિશ કરવું કે આમળા, મહેંદી, દૂધી, ભાંગરાનો લેપ રોજ વાળમાં ઘસવો.

૪) ગૌમૂત્ર માથામાં લગાવીને થોડીવાર પછી વાળ ધોઈ નાખવા.

૫) રોજ કોપરેલ માથામાં ઘસવાથી વાળની ચમક વધે છે.

### ટાલ પડી હોય તો...

૧) તાંબાના વાસણમાં ૧ કપ દહીં નાખી ૩ દિવસ રહેવા દો. સવાર-સાંજ દહીં થોડું હલાવતા રહેવું. જે દિવસે દહીં લીલાશ પડતું અથવા ભુરાશ પડતું થઈ જાય ત્યારે તેને રાત્રે માથામાં ટાલવાળા ભાગમાં ઘસીને ચોપડવું, સવારે ધોઈ નાખવું. - પ્રયોગ માટેનું દહીં પૂરું થાય તે દિવસે નવું દહીં તૈયાર થઈ ગયેલું હોવું જોઈએ તે રીતે આયોજન કરવું.

૨) દહીં અને મીઠું સમાન માત્રામાં મેળવીને જ્યાં-જ્યાં ટાલ પડી હોય ત્યાં રોજ રાત્રે ૫ મિનિટ માલિશ કરવું.

૩ ) તલના ફૂલ, ગોખરુ અને સિંધવ મીઠું કોપરેલમાં અથવા મધમાં નાખીને તેનો લેપ કરવાથી ટાલનો વિસ્તાર ઘટશે...

૪) રાયની ભુક્કી દિવેલમાં મેળવીને રોજ ટાલ ઉપર ઘસવી.

૫) માથાની ટાલમાં રોજ ટર્પેન્ટાઈનનું તેલ ઘસવું.

### વાળ ખરવા માંડે ત્યારે...

૧) એકાદ ચમચી લીંબુનો રસ અને ૨ ચમચી કોપરેલ એ બંને બરાબર મિક્સ કરી રાત્રે માથામાં હળવે હાથે ઘસીને સવારે ધોઈ નાખવું. કુલ ૭ દિવસ આ મુજબ કરવાથી વાળ ખરતા અટકે છે.

૨) તલના ફૂલ, ગોખરું અને સિંધાલૂણને કોપરેલમાં નાખી તેનો લેપ માથામાં કરવો.

૩) દિવેલ ગરમ કરી વારંવાર વાળ ઉપર લગાડવું.

૪) માથા પર આમળાનો રસ ઘસવો.

૫) એરંડિયું ગરમ કરીને વાળ ઉપર હળવાશથી લગાડવું.

### અકાળે વાળ સફેદ થવા માંડે ત્યારે...

૧) ૨ચમચી વરિયાળીના ચૂર્ણમાં ૨ ચમચી દળેલી ખાંડ પાણી સાથે સવારે અને રાત્રે ફાકી જવી. આ પ્રયોગથી અકાળે થયેલા સફેદ વાળ મૂળમાંથી કાળા ઊગે છે. તેમજ આ ઉપચારથી ચશ્માંના નંબર પણ ધીરે-ધીરે ઓછા થઈ શકે છે.

૨) નીંબતેલ હળવે હાથે માથામાં ઘસીને સવારે ધોઈ નાખવું.૨-૩ માસમાં સફેદ વાળ થતા અટકે છે.

૩) આમળાં, કાળા તલ, ભાંગરો (ભૃંગરાજ) અને બ્રાહ્મી સરખે ભાગે લઈ, વાટીને પાઉડર બનાવી રોજ સવાર-સાંજ ૧ ચમચી લેવો.

૪) ૨૫૦ ગ્રામ કોપરેલમાં ૧૦૦ ગ્રામ મેંદીના પાનાં ઉકાળવા. તે તેલ રોજ ચોળીને માથામાં લગાડવું.

૫) રોજ આમળાનું ચૂર્ણ, ભાંગરાનું ચૂર્ણ અને મૂલતાની માટી સરખા ભાગે ભેગા કરીને છાશમાં મિલાવીને વાળમાં નાંખી ચોળીને સ્નાન કરવાથી વાળ કાળા થાય છે.



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ટીમ મેં કુછ તો ગરબડ હૈ...

## ઘરઆંગણેનો ટેસ્ટ પરાજય પુજારાને પચતો નથી...તે કહે છે કે ઈન્ડિયા-એ પણ સાઉથ આફ્રિકાને હરાવી શકી હોત



કોલકાતાઃ ઈડન ગાર્ડન્સમાં દક્ષિણ આફ્રિકા સામે રમાયેલી પહેલી ટેસ્ટ મેચમાં ભારતીય ટીમની શરમજનક હાર થઇ, મેચ પૂરા ત્રણ દિવસ પણ ન ચાલી શકી. બીજી ઇનિંગમાં ૧૨૪ રન ચેઝ કરવા ઉતરેલી ભારતીય ટીમ માત્ર ૯૩માં જ ઓલ આઉટ થઇ ગઈ અને ૩૦ રનથી મેચ હારી ગઈ હતી. આ હાર બાદ સોશ્યલ મીડિયા પર ટીમની ભારે ટીકા કરવામાં આવી રહી છે, એવામાં ટીમના પૂર્વ દિગ્ગજ બેટર ચેતેશ્વર પુજારાએ ટીમમાં કંઇક ગડબડ હોવાની શંકા વ્યક્ત કરી છે.

પૂજારાએ દલીલ કરી હતી કે ટીમને ફરથી તૈયાર કરવા દરમિયાન વિદેશી ધરતી પર હાર સમજી શકાય છે પરંતુ ઘરઆંગણે હાર અસ્વીકાર્ય છે, ખાસ કરીને એવી ટીમ સાથે જેમાં એવા ખેલાડીઓનો સમાવેશ થાય છે જેમણે પોતાને ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં સાબિત કર્યા છે. પૂજારાએ યશસ્વી જયસ્વાલ, લોકેશ રાહુલ, વોશિંગ્ટન સુંદર અને શુભમન ગિલ જેવા ખેલાડીઓનો ઉલ્લેખ કર્યો હતો. તેણે વધુમાં કહ્યું હતું કે ઈન્ડિયા-એ ટીમ પણ આ સાઉથ આફ્રિકન ટીમને હરાવી શકી હોત.

નોંધનીય છે કે તાજેતરમાં ભારતીય ટીમના દિગ્ગજ ખેલાડીઓ રવિચંદ્રન અશ્વિન, વિરાટ કોહલી, રોહિત શર્મા અને ચેતેશ્વર પુજારાએ એક પછી નિવૃત્તિની જાહેરાત કરી હતી. સિનિયર ખેલાડીઓની ગેરહાજરીમાં ભારતીય ટીમ ટ્રાન્ઝિશન ફેઝ(પરિવર્તનનો ગાળો)માંથી પસાર થઈ રહી છે. તાજેતરમાં શુભમન ગિલને ટેસ્ટ ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો.

પુજારાએ કહ્યું કે ભારતીય ટીમમાં એકથી વધીને એક પ્રતિભાશાળી ખેલાડીઓ છે. ભારતીય ટીમે ઘરઆંગણે તો મેચ ના જ હારવી જોઈએ. પુજારાએ કહ્યું, '' પરિવર્તનને કારણે ભારતીય ટીમ આપણા દેશમાં હારે તે હકીકત પચે એવી નથી.''

પુજારાએ કહ્યું, ''ટ્રાન્ઝિશન ફેઝને કારણે ટીમ ઇંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન હારી ગઈ, જે કદાચ સ્વીકારી શકીએ, પરંતુ ભારતીય ટીમમાં રહેલી પ્રતિભા અને ક્ષમતા જુઓ. ભારત અ ટીમને દક્ષિણ આફ્રિકાની મુખ્ય ટીમ સામે મેદાનમાં ઉતારશો, તો એ પણ જીતી હશે. યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ, વોશિંગ્ટન સુંદર અને શુભમન ગિલના ફર્સ્ટ-ક્લાસ રેકોર્ડ્સ જુઓ. આ રેકોર્ડ્સ હોવા છતાં, જો આપણે ભારતમાં જ હારી જઈએ, તો તેનો અર્થ એ કે ગરબડ છે.'' ■

# 'RIP ટેસ્ટ ક્રિકેટ'

## હાર બાદ કોલકાતાની પિચ પર ભડકેલા હરભજન સિંહે કહ્યું



નવી દિલ્હીઃ ભૂતપૂર્વ ભારતીય સ્પિનર હરભજન સિંહે ઈડન ગાર્ડન્સ જેવી બોલરો માટે અનુકુળ પિચને ''ટેસ્ટ ક્રિકેટ માટે વિનાશ'' ગણાવીને કહ્યું હતું કે આ પ્રકારની સ્થિતિ ખેલાડીઓના વાસ્તવિક વિકાસમાં અવરોધ ઊભો કરે છે. નોંધનીય છે કે દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટમાં ૧૨૪ રનના લક્ષ્યનો પીછો કરતી વખતે ભારત ૩૦ રનથી હારી ગયું અને મેચ ત્રણ દિવસમાં જ સમાપ્ત થઈ ગઈ હતી. હરભજને પોતાની યુટ્યુબ ચેનલ પર કહ્યું હતું કે, ''તેઓએ ટેસ્ટ ક્રિકેટને સંપૂર્ણપણે બરબાદ કરી દીધું છે. ટેસ્ટ ક્રિકેટને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ.''


તેમણે કહ્યું હતું કે, ''જેમણે આ પ્રકારનું કામ કર્યું છે, જે રીતે પિચ આટલાં વર્ષોથી બનાવવામાં આવી રહી છે હું તેને જોતો આવી રહ્યો છું. કોઈ વિશે વાત નથી કરતું કારણ કે જ્યારે ટીમ જીતી રહી હોય ત્યારે બધુ યોગ્ય લાગે છે. કોઈ વિકેટ ઝડપે છે અને કોઈ વિકેટ લઈને મહાન બની રહ્યું છે. આવી સ્થિતિમાં દરેકને લાગે છે કે બધું સારું થઈ રહ્યું છે. આ ટ્રેન્ડ તાજેતરમાં શરૂ થયો નથી. આ ઘણા વર્ષોથી ચાલી રહ્યું છે અને મને લાગે છે કે તે રમવાની ખોટી રીત છે.''

૨૦૦૧માં ઓસ્ટ્રેલિયા સામેની ઐતિહાસિક જીત દરમિયાન આ મેદાન પર ૧૩ વિકેટ લેનારા હરભજને કહ્યું કે આ મુદ્દાને સંબોધવાનો સમય આવી ગયો છે કારણ કે આવી પિચો ખેલાડીઓના વિકાસમાં ફાળો આપતી નથી. તેમણે કહ્યું હતું કે, ''તમે કોઈપણ રીતે પ્રગતિ કરી રહ્યા નથી. તમે ફક્ત ઘંટી સાથે બાંધેલા બળદની જેમ ગોળ ગોળ ફરતા રહો છો. તમે જીતી રહ્યા છો, પરંતુ કોઈ વાસ્તવિક ફાયદો નથી. એક ક્રિકેટર તરીકે, તમે આગળ વધી રહ્યા નથી.''

ભારત માટે ૧૦૩ ટેસ્ટમાં ૪૧૭ વિકેટ લેનારા હરભજને કહ્યું હતું કે, ''આવી પિચો તમને ક્યાં લઈ જઈ રહી છે તે વિચારવાનો સમય આવી ગયો છે. અહીં તમારા બેટ્સમેનોને રન કેવી રીતે બનાવવા તે ખબર નથી અને એવું લાગે છે કે તેઓ બેટિંગ કેવી રીતે કરવી તે બિલકુલ જાણતા નથી.'' ■

# અન્ન માટે ય બીજા પર આધાર રાખવો પડે છે, હવે હું જીવ આપવા તૈયારઃ યોગરાજ સિંહ

ચંડીગઢઃ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટસ્ટાર યુવરાજ સિંહના પિતા અને કપિલ દેવ સાથે ભારતીય ટીમમાં રમી ચૂકનાર યોગરાજ સિંહે ફરી એક વાર વિવાદ ઊભો કર્યો છે. તેમણે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે તેમણે અન્ન માટે પણ ખોરાક માટે અજાણ્યાઓ નિર્ભર રહેવું પડે છે અને આવી સ્થિતિ કંટાળી ગયા છે તેમ જ જીવ આપવા તૈયાર થઈ ગયા છે.



હાલમાં જ એક ઈન્ટરવ્યૂ દરમિયાન તેમણે હૈયાવરાળ ઠાલવતાં કહ્યું કે તેઓ હવે એકલવાયું જીવન વિતાવી રહ્યા છે. તેમણે કહ્યું, કે હું સાંજ પડ્યે એકલો બેસું છું, ઘરમાં કોઈ નથી. જમવા માટે બીજા લોકો પર નિર્ભર છું. ક્યારેક કોઈ આપી દે, ક્યારેક કોઈ બીજું. હું કોઈને પરેશાન નથી કરતો. ભૂખ લાગે ત્યારે કોઈને કોઈ ભોજન આપે છે. ઘરમાં નોકર અને રસોઇયાં રાખ્યા હતા. તેમણે સેવા કરી અને ચાલ્યા ગયા. હું બાળકો અને પૌત્ર પૌત્રીઓને ખૂબ પ્રેમ કરું છું પણ ક્યારેય કોઈ પાસે કશું માંગતો નથી.

યોગરાજ સિંહે ભાવુક થઈને વધુમાં કહ્યું કે 'હું તો હવે મરવા માટે પણ તૈયાર છું. મારું જીવન હવે સમાપ્ત થઈ ગયું છે. ભગવાનની જ્યારે ઈચ્છા થાય ત્યારે તેમની પાસે બોલાવી શકે છે. હું આભારી છું કે હું પ્રાર્થના કરું અને ભગવાન મને આપતા રહે છે.'

નોંધનીય છે કે યોગરાજ સિંહે શબનમ કૌર સાથે પહેલા લગ્ન કર્યા હતા. પહેલા લગ્નથી તેમના બે બાળકો યુવરાજ અને જોરાવર થયા. પછી વારંવાર ઝઘડાના કારણે બંનેના છૂટાછેડા થયા. યોગરાજ સિંહે નિના બુંધેલ ( ઉર્ફે સતબીર કૌર ) સાથે લગ્ન કર્યા. બીજા લગ્નથી તેમને એક પુત્ર વિક્ટર અને એક પુત્રી અમરજોત છે. ■

# ગિલ ખૂબ દબાણમાં, દરેક ફૉર્મેટ માટે અલગ-અલગ કૅપ્ટન જરૂરીઃ મુકુંદ



નવી દિલ્હી : ભારતના ભૂતપૂર્વ ઓપનર અભિનવ મુકુંદનું માનવું છે કે શુભમન ગિલ ખૂબ દબાણમાં છે અને દક્ષિણ આફ્રિકા સામેની પહેલી ટેસ્ટમાં ભારતની હાર બાદ મુકુંદે દરેક ફોર્મેટ માટે અલગ અલગ કેપ્ટનની માગ કરી હતી. ગિલ ગરદનમાં ખેંચાણને કારણે બીજી ઇનિંગમાં રમી શક્યો નહોતો. ભારત ૧૨૪ રનના લક્ષ્યનો પીછો કરતી વખતે ૯૩ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. દક્ષિણ આફ્રિકા ત્રણ દિવસમાં ૩૦ રનથી જીત્યું, જે ૧૫ વર્ષમાં ભારતમાં તેમની પહેલી ટેસ્ટ જીત હતી.

મુકુંદ દૂરદર્શનના ''ધ ગ્રેટ ઇન્ડિયન ક્રિકેટ શો'' પર કહ્યું હતું કે, ''દરેક વ્યક્તિ અપેક્ષા રાખે છે કે ભારત ઘરઆંગણે જીતશે.'' ગિલને પહેલી ઇનિંગમાં સ્લોગ સ્વીપ રમતી વખતે ઈજા થઈ હતી.

ચાર રન કર્યા પછી તે મેદાનની બહાર જતો રહ્યો હતો અને ફરી મેદાનમાં ઊતર્યો નહોતો. તેની ગેરહાજરીએ ભારતની બેટિંગની મુશ્કેલીઓમાં વધુ વધારો કર્યો હતો. ગિલનો વધતો કાર્યભાર ચર્ચાનો વિષય રહ્યો છે.

તે આઈપીએલ પછીથી તમામ ફોર્મેટમાં સતત ક્રિકેટ રમી રહ્યો છે. તેને ટેસ્ટ કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો અને તેણે ભારતને ઇંગ્લેન્ડમાં પાંચ મેચની શ્રેણી ૨-૨થી ડ્રો કરવામાં મદદ કરી હતી.

સાત ટેસ્ટ રમી ચૂકેલા મુકુંદે કહ્યું હતું કે, ''મને લાગે છે કે શુભમનમાં બધા ફોર્મેટમાં કેપ્ટનશિપ કરવાની ક્ષમતા છે, પરંતુ મને નથી લાગતું કે ભારત પાસે હવે બધા ફોર્મેટ માટે એક જ કેપ્ટન હોવો જોઈએ.''

તેમણે ઉમેર્યું હતું કે ''અલગ અલગ કેપ્ટન રાખવા એ એક સમજદારીભર્યું પગલું છે. શુભમન ગિલને ટેસ્ટમાં કેપ્ટનશિપની જવાબદારી સોંપવામાં આવી છે અને તેના પર ઘણું દબાણ હશે.'' ■

# રણજી ટ્રોફીઃ પુડુચેરી સામે મુંબઈ મજબૂત સ્થિતિમાં, સિદ્ધેશ લાડના શાનદાર ૧૭૦ રન



મુંબઈઃ સિદ્ધેશ લાડની કરિયરની સર્વશ્રેષ્ઠ ૧૭૦ રનની ઈનિંગ બાદ કેપ્ટન શાર્દુલ ઠાકુરની ત્રણ વિકેટની મદદથી સોમવારે રણજી ટ્રોફી એલીટ ગ્રૂપ ડી મેચમાં મુંબઈ મજબૂત સ્થિતિમાં પહોંચી ગયું હતું. પાંચ વિકેટે ૬૩૦ રન પર પોતાનો પહેલો દાવ ડિક્લેર કર્યા બાદ ૪૩ રનમાં પુડુચેરીની ચાર વિકેટ ઝડપી લીધી હતી.

ઠાકુરે ૩૨ બોલમાં ૫૬ રન (રિટાયર્ડ હર્ટ)ની આક્રમક ઈનિંગ રમ્યા બાદ પુડુચેરીની ઈનિંગના પહેલા ત્રણ બોલમાં બે વિકેટ ઝડપી હતી પુડુચેરીની ટીમ મુંબઈથી ૫૭૮ રન પાછળ છે અને છ વિકેટ બાકી છે. દિવસના અંતે મોહિત કાળે (૧૩) અને કેપ્ટન સાગર ઉદેશી (૧૦) રમી રહ્યા હતા. ઠાકુરે ઇનિંગના પહેલા બોલ પર નિયન કંગાયન (૦) ને બોલ્ડ આઉટ કર્યો અને પછી ત્રીજા બોલ પર પારસ રત્નપારખેને લેગ બિફોર આઉટ કર્યો હતો. તેણે નવા બોલ સાથે શાનદાર બોલિંગ કરી, જેમાં આનંદ સિંહ બેન્સ (૫) ને કેચ આઉટ કરાવ્યો હતો.

અગાઉ લાડે તેની ૧૩મી ફર્સ્ટ ક્લાસ સદી પૂર્ણ કરી હતી. તેણે ૨૮૫ બોલમાં ૧૭૦ રનમાં ૧૯ ચોગ્ગા અને ચાર છગ્ગા ફટકાર્યા હતા, જે તેની સતત બીજી સદી હતી. વિકેટકીપર આકાશ આનંદ (૧૦૭ અણનમ) એ તેની નવમી ફર્સ્ટ ક્લાસ મેચમાં તેની ત્રીજી સદી પૂર્ણ કરી હતી. તે ૧૧૩ બોલમાં ૬૭ રન કરીને આઉટ થયો હતો. તેણે અને લાડે ચોથી વિકેટ માટે ૧૬૦ રનની ભાગીદારી કરી હતી જેનાથી મુંબઈ ૪૦૦ રનની નજીક પહોંચી ગયું હતું.

સરફરાઝના આઉટ થયા પછી લાડે આનંદ સાથે પાંચમી વિકેટ માટે ૧૧૦ રનની ભાગીદારી કરીને પુડુચેરીના બોલરોને મુશ્કેલીમાં મૂક્યા હતા. ત્યારબાદ આનંદ અને ઠાકુરે માત્ર ૬૮ બોલમાં ૧૦૦ રન ઉમેરીને મુંબઈને મજબૂત સ્થિતિમાં પહોંચાડી દીધું હતું.

જમ્મુમાં રમાઈ રહેલી અન્ય એક મેચમાં હૈદરાબાદ પર ૩૨૪ રનની લીડ મેળવીને જમ્મુ અને કાશ્મીરે પોતાની સ્થિતિ મજબૂત કરી હતી. પ્રથમ ઇનિંગમાં ૪૯ રનની લીડ મેળવ્યા બાદ જમ્મુ અને કાશ્મીરે બીજા દિવસની રમતના અંતે ચાર વિકેટે ૨૭૫ રન કર્યા હતા. ઓપનર કામરાન ઇકબાલ (૫૦), અબ્દુલ સમદ (અણનમ ૭૭) અને કન્હૈયા વાધવાન (અણનમ ૮૨) એ અડધી સદી ફટકારી હતી. રાજસમંદમાં રાજસ્થાને દિલ્હી સામે સાત વિકેટે ૫૭૦ રન પર પોતાનો પહેલો દાવ ડિક્લેર કર્યો હતો. જેમાં મહિપાલ લોમરોર (૧૨૮ અણનમ) અને કાર્તિક શર્મા (૧૨૦) ની સદીનો સમાવેશ થાય છે. મેચના પહેલા દિવસે સચિન યાદવ (૧૩૦) અને કુણાલ સિંહ રાઠોડ (૧૦૨) એ પોતાની સદી પૂરી કરી હતી. રમતના અંતે દિલ્હીએ કોઈ નુકસાન વગર આઠ રન કર્યા હતા. ■

# હૉસ્પિટલમાંથી ગિલને ડિસ્ચાર્જ, પણ બીજી ટેસ્ટ રમવા વિશે સસ્પેન્સ

કોલકાતાઃ દક્ષિણ આફ્રિકા સામેની બે ટેસ્ટ મેચની સિરીઝની પહેલી ટેસ્ટ મેચમાં ભારતની હાર થઇ છે, ભારતીય ટીમને કેપ્ટન શુભમન ગિલની ગેરહાજરીનું નુકસાન થયું, ગાળાના ભાગે ખેંચાણને કારણે તેને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. એવામાં અહેવાલ છે કે ગઈ કાલે રવિવારે સાંજે ગિલને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જોકે, ગુવાહાટીમાં બીજી ટેસ્ટમાં તે રમશે કે નહીં એ હજુ સ્પષ્ટ થયું નથી.

કોલકાતા ટેસ્ટના બીજા દિવસે ભારતની પ્રથમ ઇનિંગ દરમિયાન સાયમન હાર્મરના બોલ પર બાઉન્ડ્રી ફટકારવા ગિલ સ્લોગ-સ્લિપ શોટ રમ્યો હતો, આ દરમિયાન તેને ગળામાં ઝટકો લાગ્યો હતો. ટીમના ફિઝિયોએ તાત્કાલિક મેદાનમાં દોડી આવ્યા તેની તપાસ કરી, ગિલ માત્ર ચાર રન બનાવીને રિટાયર્ડ હર્ટ થયો અને પેવેલિયનમાં ચાલ્યો ગયો. દિવસ આગળ વધતા તેની હાલત વધુ ખરાબ થતી ગઈ. પૂર્વ ક્રિકેટર સૌરવ ગાંગુલી રવિવારે ગિલને મળવા વુડલેન્ડ્સ હૉસ્પિટલ પહોંચ્યા હતાં. બાવીસ નવેમ્બરથી આસામના ગુવાહાટીમાં શરૂ થનારી બીજી ટેસ્ટમાં ગિલ રમશે કે નહીં એ અંગે હજુ ટીમ મેનેજમેન્ટે કોઈ નિર્ણય લીધો નથી. જો ગિલ બીજી ટેસ્ટ ના રમી શકે તો દેવદત્ત પડિકલને ટીમમાં સ્થાન આપવામાં આવી શકે છે. ટીમ આવતી કાલે મંગળવારે ગુવાહાટી માટે રવાના થશે. ■

# ધ્રુવ જુરેલને લાપરવાહી ભારે પડી, પોતાનો વિક્રમ બચાવી ન શક્યો



કોલકાતાઃ ટેસ્ટનું વર્લ્ડ ચેમ્પિયન સાઉથ આફ્રિકા માત્ર અઢી દિવસની અંદર રવિવારે ભારત સામે સિરીઝની પ્રથમ ટેસ્ટ જીતી જીત્યું અને ભારતની ધરતી પર તેમણે ૧૫ વર્ષે પહેલી વાર મેળવેલા આ વિજય માટે ભારતના બેટ્સમેનોનો ફ્લોપ-શો જવાબદાર હતો એમ ચોક્કસપણે કહી શકાય, પરંતુ ધ્રુવ જુરેલની પણ એક લાપરવાહી હતી જેને લીધે તે પોતે જ પોતાનો વિક્રમીરથ અટકાવી દેવા માટે જવાબદાર કહેવાય.

ધ્રુવ જુરેલ રવિવાર પહેલાં ૨૦૨૪માં શરૂ કરેલી ટેસ્ટ કારકિર્દીની જે સાત મેચ રમ્યો હતો એ સાતેયમાં તેણે ભારતને જીતતું જોયું હતું અને તેનો એ રેકોર્ડ રવિવારની હાર સાથે તૂટી ગયો છે.

બન્યું એવું કે ૩૩ રન પર ભારતની બે જ વિકેટ પડી હતી અને ૧૨૪ રનનો લક્ષ્યાંક જરાય દૂર નહોતો. એક રનના કુલ સ્કોર પર રાહુલની બીજી વિકેટ પડી હતી ત્યાર પછી વોશિંગ્ટન સુંદર સાથે જુરેલની ૩૨ રનની ભાગીદારી પણ થઈ હતી.

જોકે સ્પિનર સાઇમન હાર્મરના બોલમાં જુરેલ ઉતાવળે ચોગ્ગો ફટકારવાના પ્રયાસમાં પુલ શોટ ફટકારી બેઠો હતો અને લેગ સાઇડ પર ડીપમાં કોર્બિન બોશ્ચે તેનો આસાન કેચ ઝીલી લીધો હતો. ત્યાર પછી ભારતીય ટીમે એક પછી એક વિકેટ ગુમાવી હતી અને છેવટે ભારત ૩૦ રનથી હારી ગયું હતું.

જુરેલે ગયા અઠવાડિયે બેંગ્લૂરુમાં સાઉથ આફ્રિકા-એ સામેની બિનસત્તાવાર ટેસ્ટના બંને દાવમાં સેન્ચુરી (અણનમ ૧૩૨ અને અણનમ ૧૨૭ રન) ફટકારી હતી એ જ પર્ફોર્મન્સ બદલ તેને કોલકાતાની ટેસ્ટમાં નીતીશ કુમાર રેડ્ડીના સ્થાને રમાડવામાં આવ્યો હતો.

જોકે તેણે આ ટેસ્ટમાં નબળા પર્ફોર્મન્સ સાથે અને ખાસ કરીને બીજા દાવમાં બેદરકારીભર્યા શોટમાં વિકેટ ગુમાવીને સાઉથ આફ્રિકાનો વિજય આસાન કરી દીધો હતો.■

# ઑક્શન પહેલા રાજસ્થાન રોયલ્સનો મોટો નિર્ણય, સંગાકારાને બનાવ્યો મુખ્ય કોચ



નવી દિલ્હીઃ ભારતના ભૂતપૂર્વ કેપ્ટન રાહુલ દ્રવિડના મુખ્ય કોચ પદેથી રાજીનામું આપ્યા બાદ રાજસ્થાન રોયલ્સે સોમવારે શ્રીલંકાના દિગ્ગજ ખેલાડી કુમાર સંગાકારાને ૨૦૨૬ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) માટે તેમના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કર્યા હતા.


દ્રવિડે આ વર્ષે ઓગસ્ટમાં ફ્રેન્ચાઇઝ છોડી દીધી હતી. સંગાકારા ૨૦૨૧થી ફ્રેન્ચાઇઝના ક્રિકેટ ડિરેક્ટર છે. તેઓ ૨૦૨૧ થી ૨૦૨૪ સુધી મુખ્ય કોચ તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. રાજસ્થાન રોયલ્સે ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યું હતું કે, ''ક્રિકેટ ડિરેક્ટર કુમાર સંગાકારા આઈપીએલ ૨૦૨૬ માટે મુખ્ય કોચ તરીકે પણ કાર્યભાર સંભાળશે.''

રાજસ્થાન રોયલ્સનું ગયા સીઝનમાં પ્રદર્શન ખરાબ રહ્યું હતું, ૧૦ ટીમોની ટૂર્નામેન્ટમાં નવમા સ્થાને રહ્યું હતું અને ૧૪ મેચમાંથી ફક્ત ચાર જીત મેળવી હતી. રાજસ્થાન રોયલ્સે ગત સીઝન સુધી તેમના કેપ્ટન રહેલા સંજુ સેમસનને ચેન્નઈ સુપર કિંગ્સ ટ્રેડ કર્યો હતો. તેના બદલામાં તેમણે રવિન્દ્ર જાડેજાને તેમની ટીમમાં સામેલ કર્યો હતો.

સંગાકારા ૨૦૨૧થી ફ્રેન્ચાઇઝના ક્રિકેટ ડિરેક્ટર છે અને હવે દ્રવિડના સ્થાન પર મુખ્ય કોચ તરીકે પણ કાર્યભાર સંભાળશે. દ્રવિડે આ વર્ષે ઓગસ્ટમાં પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું.

રાજસ્થાન રોયલ્સના મુખ્ય માલિક મનોજ બડાલેએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''કુમાર મુખ્ય કોચ તરીકે પાછા ફર્યાનો અમને આનંદ છે. આ તબક્કે ટીમને શું જોઈએ છે તે જોતાં અમને લાગ્યું કે ટીમમાં તેમનો પરિચય, તેમનું નેતૃત્વ અને રોયલ્સ સંસ્કૃતિની તેમની ઊંડી સમજણ સાતત્ય અને સ્થિરતાનું યોગ્ય સંતુલન લાવશે. કુમાર પર હંમેશા એક લીડર તરીકે અમારો સંપૂર્ણ વિશ્વાસ રહ્યો છે. તેમની સ્પષ્ટતા, શાંત સ્વભાવ અને ક્રિકેટની બુદ્ધિ ટીમને આ આગામી તબક્કામાં માર્ગદર્શન આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.'' ■

# કમિન્સ સતત ત્રીજી સીઝનમાં સંભાળશે સનરાઈઝર્સ હૈદરાબાદની કેપ્ટનશિપ



હૈદરાબાદ : ઓસ્ટ્રેલિયાના સ્ટાર ઝડપી બોલર પેટ કમિન્સને સોમવારે સતત ત્રીજી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) સીઝન માટે સનરાઈઝર્સ હૈદરાબાદે (એસઆરએચ) કેપ્ટન બનાવ્યો હતો. એસઆરએચએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર કમિન્સને કેપ્ટન બનાવવાની પુષ્ટિ કરી હતી.

કમિન્સને પીઠની ઈજાને કારણે પર્થમાં પ્રથમ એશિઝ ટેસ્ટમાંથી સત્તાવાર રીતે બહાર કરવામાં આવ્યો છે, પરંતુ બ્રિસ્બેનમાં બીજી મેચ માટે તે તૈયાર રહે તેવી અપેક્ષા છે.

સ્ટીવ સ્મિથ ૨૧ નવેમ્બરથી શરૂ થનારી ઇંગ્લેન્ડ સામેની પહેલી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાની કેપ્ટનશિપ કરશે. બ્રિસ્બેનમાં બીજી ટેસ્ટ ૪ ડિસેમ્બરથી શરૂ થશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ અને ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયાની સફળતા બાદ ૨૦૨૪માં આઈપીએલ ખેલાડીઓની હરાજીમાં ફ્રેન્ચાઇઝી દ્વારા ૨૦.૫૦ કરોડ રૂપિયામાં ખરીદ્યા બાદ કમિન્સે ૨૦૨૪માં દક્ષિણ આફ્રિકાના એડન માર્કરામ પાસેથી હૈદરાબાદની કેપ્ટનશિપ સંભાળી હતી. કમિન્સ અગાઉ આઈપીએલમાં કોલકાતા નાઈટ રાઇડર્સ અને દિલ્હી કેપિટલ્સ માટે રમી ચૂક્યો છે. ■

# સાઉથ આફ્રિકાની જીત મહત્ત્વની, પછી ભલેને કોઇએ બહાર બેસવું પડેઃ રબાડા



કોલકાતા : દક્ષિણ આફ્રિકાના ઝડપી બોલર કગીસો રબાડા પાંસળીની ઇજાને કારણે ભારત સામેની પ્રથમ ટેસ્ટમાંથી બહાર થઈ ગયો હતો. રબાડા કોઈપણ ખેલાડીની ગેરહાજરી છતાં મુશ્કેલીઓનો સામનો કરવાની અને જીતનો માર્ગ શોધવાની તેમની ટીમની ક્ષમતાથી પ્રભાવિત છે. દક્ષિણ આફ્રિકાએ રવિવારે અહીં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ભારતને ત્રણ દિવસમાં ૩૦ રનથી હરાવ્યું હતું. છેલ્લા ૧૫ વર્ષમાં ભારતની ધરતી પર દક્ષિણ આફ્રિકાનો આ પહેલો વિજય હતો, જેનાથી તેમણે બે મેચની શ્રેણીમાં ૧-૦ની અજેય લીડ મેળવી હતી.

રબાડા ક્રિકેટ સાઉથ આફ્રિકા દ્વારા શેર કરવામાં આવેલા એક વીડિયોમાં કહી રહ્યો છે કે ''તેનાથી કોઈ ફેર નથી પડતો કે કોણ બહાર બેસે છે, અમે તો પણ જીતવાનો માર્ગ શોધીશું. કેપ્ટન બાવુમા એ આપણા માટે મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે, પરંતુ તે દરેક મેચમાં રમી શક્યો નથી. હું પણ આ મેચમાં રમી શક્યો નહીં.''

પાકિસ્તાનમાં ઈજાને કારણે બે ટેસ્ટ ગુમાવ્યા બાદ બાવુમાએ પ્લેઈંગ ઈલેવનમાં વાપસી કરી હતી. પાકિસ્તાન સામેની પહેલી મેચ હાર્યા બાદ દક્ષિણ આફ્રિકાએ શાનદાર વાપસી કરી અને શ્રેણી ૧-૧થી બરાબર કરી હતી. રબાડાએ કહ્યું હતું કે, ''તેનાથી કોઈ ફેર પડતો નથી, જે પણ મેદાનમાં ઊતરે છે, અમારું માનવું છે કે તેઓ પોતાની ભૂમિકા સારી રીતે ભજવી શકે છે.''

દક્ષિણ આફ્રિકા અહીં પિચ પર અસમાન ઉછાળો અને ટર્ન પર જીત મેળવવામાં સફળ રહ્યું. રબાડાએ દક્ષિણ આફ્રિકાના ખેલાડીઓના વ્યક્તિગત પ્રદર્શનની પ્રશંસા કરી જેમાં કેપ્ટન બાવુમાના બીજા દાવમાં ૫૫ રનનો સમાવેશ થાય છે. રબાડાએ કહ્યું હતું કે, ''એડન (માર્કરામ) અને (રિયાન) રિકેલ્ટને અમને પ્રથમ દાવમાં સારી શરૂઆત અપાવી હતી. માર્કો (યાનસેન) સારી રીતે રમ્યો. બધાએ યોગદાન આપ્યું છે અને તે જ આ ટીમની ઓળખ છે.'' રબાડા ૨૨ નવેમ્બરથી ગુવાહાટીમાં શરૂ થનારી બીજી ટેસ્ટમાં રમી શકશે કે નહીં તે હજુ સુધી નિશ્ચિત નથી. ■

# સીએનજી ભંગાણ — ઓટો-રિક્ષાચાલકોની હાલત કફોડી, પ્રવાસીઓ રઝળ્યાઃ ગેસ વગર ગૃહિણીઓ પરેશાન

## આજે બપોર સુધીમાં પુરવઠો સામાન્ય થઈ જવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહાનગર ગેસ લિ. (એમજીએલ)ની સીએનજી ગેસ પાઈપલાઈનમાં રવિવારે પડેલા ભંગાણની ગંભીર અસરો સોમવારે આખા મુંબઈમાં જોવા મળી હતી. સીએનજી પર ચાલનારી ટેક્સી-ઓટો અને બસને ઈંધણ માટે લાંબો સમય ઈંતઝાર કરવો પડ્યો હતો અને જેને પરિણામે નાગરિકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અધુરામાં પૂરું રાંધણગેસનો પુરવઠો પણ સવારે ૧૧ વાગ્યા બાદ અનેક વિસ્તારોમાં બંધ થઈ જતાં ગૃહિણીઓમાં હાહાકાર ફેલાઈ ગયો હતો. જોકે, એમજીએલ દ્વારા એવી ખાતરી આપવામાં આવી હતી કે મંગળવારે બપોર સુધીમાં ગેસનો પુરવઠો

(જુઓ પાનું ૪) ▸▸





### ટેક્સી અને રિક્ષા ચાલકોએ લૂંટ ચલાવી

રિક્ષા અને ટેક્સી સેવાઓ ૪૦ ટકા બંધ પડી ગઈ હોવાથી, આ વિનાશક સમયગાળામાં, શેરિંગ રિક્ષા અને ટેક્સી થોડા સમય માટે ચાલુ રહી હતી. ચાલી રહેલી રિક્ષા-ટેક્સીએ મનમાની કારભાર ચલાવ્યો હતો અને બમણાંથી ત્રણગણાં ભાડાં વસૂલવાનું ચાલુ કરી દીધું હતું. સાંજ સુધીમાં, ૮૦ ટકા રિક્ષા અને ટેક્સી સેવાઓ બંધ થઈ ગઈ હતી. સીએનજીનો પુરવઠો શરૂ થયા પછી, સીએનજી પંપો પર લાંબી કતારો લાગશે. આના કારણે, મુંબઈમાં દરેક રિક્ષા અને ટેક્સીને સીએનજી મળવામાં ભારે વિલંબ થવાની સંભાવના હોવાથી આના પરિણામો મંગળવારે પણ જોવા મળશે એવું માનવામાં આવી રહ્યું છે.■

### અનેકના ઘરમાંચૂલા સળગ્યા નહીં

શનિવારે, મહાનગર ગેસે રહેણાંક સંકુલોને એક નોટિસ મોકલીને તેમને જાણ કરી હતી કે સોમવારે સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી ગેસ પુરવઠો બંધ રહેશે. આમ આખો દિવસ ગેસનો પુરવઠો બંધ હોવાથી ગૃહિણીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.■

### શું થયું હતું?

વડાલાના આરસીએફ વિસ્તારમાં આવેલી ગેસ પાઇપલાઇનમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. આ ખામી સુધારવાનું કામ ચાલી રહ્યું હોવાથી, સીએનજી સપ્લાય ક્યારે પુનઃસ્થાપિત થશે તે અંગે શંકા છે.

હાલમાં રસ્તા પર દોડતા રિક્ષા, ટેક્સી અને કેબ ડ્રાઇવરોના વાહનોમાં સીએનજી ખતમ થઈ ગયો છે. સીએનજીના અભાવે, રિક્ષા અને ટેક્સી રસ્તાની બાજુમાં પાર્ક કરવામાં આવે છે. ઉપરાંત, ઘણા ખાનગી વાહન માલિકોએ તેમના સીએનજી વાહનો ઘરોમાંથી બહાર કાઢ્યા નથી. ■

# સેલ્ફ-રિડેવલપમેન્ટ હાઉસિંગ પ્રોજેક્ટ્સ પર કન્સલ્ટન્સી ફીનો બોજ?

## આજે પ્રધાનમંડળની બેઠકમાં લેવાશે નિર્ણય

મુંબઈઃ ભાજપના નેતા પ્રવીણ દરેકરની અધ્યક્ષતાવાળી સેલ્ફ-રિડેવલપમેન્ટ ઑથોરિટીને રૂ. ૫૦૦ કરોડનું ફંડ આપવાનો બૅન્કે ઇનકાર કર્યા બાદ, હવે આ ઑથોરિટીનો બોજ સેલ્ફ-રિડેવલપમેન્ટ કરતા હાઉસિંગ પ્રોજેક્ટ્સ પર નાખવાની હિલચાલ ચાલી રહી છે. આ ઑથોરિટીને દરેક હાઉસિંગ પ્રોજેક્ટના કુલ ખર્ચના એક ટકા રકમ કન્સલ્ટન્સી ફી તરીકે લેવાની છૂટ આપવામાં આવશે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ, આ અંગેનો પ્રસ્તાવ રાજ્ય પ્રધાનમંડળની મંગળવારે

(જુઓ પાનું ૪) ▸▸

### અનામત સંદર્ભે સુપ્રીમ કોર્ટની લાલ આંખ

# ૫૦ ટકા મર્યાદાનું ઉલ્લંઘન કર્યું તો ચૂંટણી સ્થગિત

મુંબઈઃ સુપ્રીમ કોર્ટે સોમવારે મહારાષ્ટ્ર સરકારને આગામી મહિને યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ૫૦ ટકાથી વધુ અનામત ન આપવા જણાવ્યું હતું અને ચેતવણી આપી હતી કે જો અનામતની મર્યાદાનું ઉલ્લંઘન કરવામાં આવશે તો ચૂંટણી પર રોક લગાવવામાં આવશે.

ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચીની ખંડપીઠે જણાવ્યું હતું કે રાજ્યમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી ૨૦૨૨ના બાંઠિયા આયોગના અહેવાલ પહેલા પ્રવર્તમાન પરિસ્થિતિ અનુસાર જ યોજી શકાય છે. એ અહેવાલમાં અન્ય પછાત વર્ગ

(જુઓ પાનું ૪) ▸▸

### સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં ભુજબળને ફટકો

# યેવલામાં શિંદે સેનાનું શરદ પવારની એનસીપી (એસપી) સાથે જોડાણ

મુંબઈઃ રાજ્યની મહાયુતિમાં ચાલી રહેલી રસાકસીનો એક ઉત્કૃષ્ટ દાખલો નાશિકના યેવલાની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીમાં જોવા મળ્યો હતો, જેમાં સત્તાધારી ગઠબંધનમાં હોવા છતાં શિંદેની સેનાએ વિપક્ષી ગઠબંધનના મોટા ઘટકપક્ષ એનસીપી (એસપી) સાથે હાથ મિલાવવાનો નિર્ણય લીધો છે. યેવલા રાજ્યના પ્રધાન અને એનસીપીના નેતા છગન ભુજબળનો વિસ્તાર છે.

આ નવું ગઠબંધન ભારતીય જનતા પાર્ટી અને અજિત પવારની એનસીપી સામે ટકરાશે.

એનસીપીના નેતા સમીર ભુજબળે જણાવ્યું હતું કે ભાજપ સાથે બેઠકોની વહેંચણી વ્યવસ્થાના ભાગ રૂપે મ્યુનિસિપલ કાઉન્સિલ પ્રમુખનું પદ તેમના પક્ષને ફાળવવામાં આવ્યું છે.

જ્યારે ભાજપ વતી રાજેન્દ્ર લોણારીએ મ્યુનિસિપલ કાઉન્સિલ પ્રમુખ પદ માટે ઉમેદવારી નોંધાવી ત્યારે ભાજપ અને એનસીપીના વરિષ્ઠ પદાધિકારીઓ હાજર હતા. તે યેવલામાં બંને મહાયુતિ ઘટકો દ્વારા સંયુક્ત ઝુંબેશની ઔપચારિક શરૂઆત પણ દર્શાવે છે.

મહાયુતિમાં ભાજપ, શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનો સમાવેશ થાય છે, જ્યારે વિપક્ષી મહા વિકાસ આઘાડીમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી), શરદ પવારની એનસીપી (એસપી) અને કોંગ્રેસનો સમાવેશ થાય છે.

બીજી ડિસેમ્બરે ૨૪૬ નગર પરિષદો અને ૪૨ નગર પંચાયતોની ચૂંટણી યોજાવાની છે. ■

# ઉદ્ધવ - રાજ ફરી સાથે — બાળ ઠાકરેના સ્મારક પર ૧૧ વર્ષ પછી ભેગા થયા



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેનાના વડા સ્વ. બાળ ઠાકરેની ૧૩મી પુણ્યતિથિ પર શિવસેના પક્ષના વડા ઉદ્ધવ ઠાકરે અને મનસે પ્રમુખ રાજ ઠાકરે શિવાજી પાર્ક ખાતે સ્મારક પર એકસાથે જોવા મળ્યા હતા. ૧૧ વર્ષ પછી, રાજ ઠાકરેએ સ્મારક પર હાજરી આપી અને બાળ ઠાકરેને શ્રદ્ધાંજલિ અર્પી હતી. બંને ભાઈઓએ ૧૫થી ૨૦ મિનિટ સુધી ચર્ચા કરી હતી. મ્યુનિસિપલ ચૂંટણીઓની પૃષ્ઠભૂમિમાં મનસે અને શિવસેના (ઠાકરે) વચ્ચેના જોડાણની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, તેમ છતાં રાજ ઠાકરેની હાજરી રાજકીય રીતે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

શિવસેનાના સ્થાપકનું ૧૭ નવેમ્બર, ૨૦૧૨ના રોજ મુંબઈ સ્થિત તેમના નિવાસસ્થાન 'માતોશ્રી' ખાતે લાંબી માંદગી બાદ અવસાન થયું હતું.

બાળ ઠાકરેની પુણ્યતિથિ પર મોટી સંખ્યામાં શિવસૈનિકો શિવાજી પાર્ક ખાતે હાજર રહ્યા હતા અને બાળ ઠાકરેને શ્રદ્ધાંજલિ આપી હતી. ઉદ્ધવ ઠાકરે, રશ્મિ ઠાકરે અને આદિત્ય ઠાકરે પણ ૧૧.૩૦

(જુઓ પાનું ૪) ▸▸

# હાઈ કોર્ટે ગેરકાયદે હોર્ડિંગ્સ - બેનરો વિરુદ્ધ નોંધાયેલી એફઆઈઆર અને દંડ વસૂલીની જાણકારી પાલિકા પાસે માગી

મુંબઈઃ જાહેર માર્ગ પર મૂકવામાં આવેલા ગેરકાયદે હોર્ડિંગ્સ અને બેનરો વિરુદ્ધ નોંધવામાં આવેલી એફઆઈઆર તેમજ એ સંદર્ભે વસૂલ કરવામાં આવેલી દંડની રકમ સંદર્ભે સર્વ જાણકારી આપવા બોમ્બે હાઈ કોર્ટે રાજ્યની સર્વ મહાનગરપાલિકાને સોમવારે જણાવ્યું છે. ન્યાયમૂર્તિ રેવતી મોહિતે ડેરે અને ન્યાયમૂર્તિ સંદેશ પાટિલની ખંડપીઠ દંડની રકમ વસૂલવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન અને જિલ્લા પરિષદોએ શું કાર્યવાહી કરી છે એ જાણવા માગે છે એવી સ્પષ્ટતા કરવામાં આવી છે. જાહેર રસ્તાઓ અને ફૂટપાથ પર બેસાડવામાં આવેલા ગેરકાયદે હોર્ડિંગ્સ, બેનરો અને પોસ્ટરો વિરુદ્ધ અરજીઓની સુનાવણી અદાલત કરી રહી હતી. આવું કરવાથી પબ્લિક પ્રોપર્ટીના સૌંદર્યને હાનિ પહોંચી હોવાનો દાવો અરજીમાં કરવામાં આવ્યો હતો. છેલ્લા ઘણા વર્ષોથી ગેરકાયદે બેનરો અને હોર્ડિંગ્સ સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી હાઈ કોર્ટે આવો પ્રયાસ નહીં કરવામાં આવે એવી બાંયધરી આપવા તમામ રાજકીય પક્ષોને આદેશ આપ્યો હતો. ભાજપ, કોંગ્રેસ, શિવસેના, એનસીપી અને મનસે દ્વારા તે સમયે બાંયધરી આપવામાં આવી હતી.

ગેરકાયદે હોર્ડિંગ્સ વિરુદ્ધ લેવામાં આવેલી કાર્યવાહી, એફઆઈઆર નોંધવા અને સંબંધિત વ્યક્તિઓ વિરુદ્ધ લેવામાં આવેલી કાર્યવાહી અંગે સોગંદનામું દાખલ ન કરવા બદલ ખંડપીઠે થાણા મ્યુનિસિપલ કોર્પોરેશન (ટીએમસી)ની ટીકા કરી હતી. ■

# છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાના અનાવરણ પ્રકરણે અમિત ઠાકરે ને ૭૦ કાર્યકરો સામે કેસ

નવી મુંબઈઃ નેરળમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાના અનાવરણ બાદ એક નવો વિવાદ ઉભો થયો છે. નેરળ પોલીસે અમિત ઠાકરે સહિત ૭૦ મનસે કાર્યકરો સામે કેસ નોંધતાની સાથે જ મનસેના શહેર પ્રમુખ અને પ્રવક્તા ગજાનન કાલેએ સરકારની ભૂમિકા પર સીધો સવાલ ઊઠાવ્યો છે. આનાથી નવી મુંબઈમાં રાજકીય વાતાવરણ ગરમાય એવી શક્યતા છે.

રવિવારે નેરળ સેક્ટર-૧ સ્થિત શિવાજીના સ્મારક ખાતે અમિત ઠાકરે દ્વારા મહારાજની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યા બાદ નેરળ પોલીસે અમિત ઠાકરે અને ૭૦ મનસે કાર્યકરો સામે કેસ નોંધ્યો. નેરળ પોલીસ દ્વારા પ્રતિબંધ હોવા છતાં કર્ફ્યુનું ઉલ્લંઘન કરીને પરવાનગી વિના પ્રતિમાના અનાવરણ બદલ આ કેસ નોંધવામાં આવ્યો હતો.

જોકે આ કાર્ય પરવાનગી વિના કરવામાં આવ્યું હોવાથી મહાનગરપાલિકાએ તેને અનધિકૃત જાહેર

(જુઓ પાનું ૪) ▸▸

# બાંદ્રામાં ફ્રેન્ચ મહિલાનો વિનયભંગઃ યુવકની ધરપકડ

મુંબઈઃ મુંબઇમાં પોતાના દેશના કોન્સ્યુલેટમાં શિક્ષિકા તરીકે કામ કરતી ૨૭ વર્ષની ફ્રેન્ચ મહિલાનો વિનયભંગ કરવા બદલ પોલીસે પચીસ વર્ષના યુવકની ધરપકડ કરી હતી. યુવકની ઓળખ સુનીલ વાઘેલા તરીકે થઇ હોઇ તે ભંગારનો વેપારી છે અને ધારાવી વિસ્તારમાં રહે છે. પોલીસે સુનીલનું સ્કૂટર પણ જપ્ત કર્યું હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર ફ્રેન્બાંદ્રા વિસ્તારમાં રહેતી ફ્રેન્ચ મહિલા ૭ નવેમ્બરે રાતે તે બાંદ્રાના પાલી હિલ ખાતે મિત્રને મળવા માટે ગઇ હતી. ત્યાંથી મોડી રાતે

(જુઓ પાનું ૪) ▸▸

# સાધુ હત્યાકાંડના કાશીનાથ ચૌધરીનો ભાજપ પ્રવેશ અને વિવાદ

## ૨૪ કલાકમાં પ્રવેશ મુલતવી રાખવાની પડી ફરજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દહાણુ તાલુકામાં એનસીપી (એસપી)ને મોટો ફટકો આપવાના ઈરાદાથી ભૂતપૂર્વ જિલ્લા પરિષદના અધ્યક્ષ કાશીનાથ ચૌધરીને ભાજપમાં પ્રવેશ તો આપવામાં આવ્યો, પરંતુ તેમના પ્રવેશ બાદ સર્જાયેલા વિવાદ અને પાલઘરમાં થયેલા સાધુ હત્યાકાંડ સાથે તેમની સંલગ્નતા બહાર આવ્યા બાદ માત્ર ૨૪ કલાકમાં પ્રદેશ પ્રમુખ દ્વારા આ પ્રવેશને મુલતવી રાખવામાં આવ્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા રવીન્દ્ર ચવ્હાણે તાત્કાલિક રાજ્ય સ્તરથી ભાજપના પાલઘર જિલ્લા પ્રમુખ ભરત રાજપૂતને પત્ર મોકલીને આ નિર્ણયની જાણ કરી છે. આનાથી સ્થાનિક ભાજપ નેતૃત્વ અને કામગીરી પર સવાલો ઉભા થયા છે.

શરદ પવારની પાર્ટી એનસીપી (એસપી)ના ભૂતપૂર્વ તાલુકા પ્રમુખ કાશીનાથ ચૌધરી ૧૬ નવેમ્બરે તેમના વફાદાર કાર્યકરો સાથે ભાજપમાં જોડાયા હતા. જિલ્લા પ્રમુખ ભરત રાજપૂત, સાંસદ હેમંત સાવરા અને પ્રકાશ નિકમે આ માટે ખાસ પ્રયાસો કર્યા હતા. ગ્રામીણ વિસ્તારોમાં એનસીપીના ચહેરા તરીકે જાણીતા ચૌધરીના પ્રવેશથી દહાણુમાં એનસીપી (શરદ પવાર) જૂથને મોટો ઝટકો લાગ્યો હોવાની ચર્ચા હતી. કાશીનાથ ચૌધરી સાધુ હત્યાકાંડ વખતે સ્થળ પર હાજર હોવાથી તેમની આ કેસ સાથે સંલગ્નતાની ચર્ચા હતી. ભાજપના જ નેતાઓએ તેમનો ઉલ્લેખ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ઘણી વખત કર્યો હતો. ભાજપમાં પ્રવેશ બાદ, મીડિયા અને સોશિયલ મીડિયામાં ચૌધરીની પાલઘર સાધુ હત્યા કેસમાં કથિત સંડોવણી અંગે ફરી ચર્ચાઓ શરૂ થઈ હતી. ઉપરાંત, કોંગ્રેસના યુવા પાલઘર જિલ્લા પ્રમુખ સત્યમ ઠાકુર અને એનસીપી (એસપી)ના રોહિત પવારે સોશિયલ મીડિયા પર પ્રશ્નો ઉઠાવ્યા હોવાથી, ભાજપ નેતૃત્વે આ મુદ્દાની તાત્કાલિક નોંધ લેવી પડી હતી. ■

### શું છે સાધુ હત્યાકાંડ કેસ

૧૬ એપ્રિલ, ૨૦૨૦ના રોજ, પાલઘર જિલ્લાના ગઢચિંચલે ગામમાં એક ટોળકી દ્વારા બે સાધુઓ અને તેમના ડ્રાઇવરની હત્યા કરવામાં આવી હતી, જેઓ ગુજરાત જઈ રહ્યા હતા. આ ક્રૂર અને કમનસીબ ઘટનાને સાધુ હત્યાકાંડ કહેવામાં આવે છે. સુરતના બીજા એક વરિષ્ઠ સાધુ મહારાજના અંતિમ સંસ્કારમાં જઈ રહેલા સાધુ ચિકને મહારાજ કલ્પવૃક્ષગિરિ (૭૦), સુશીલગિરિ મહારાજ (૩૫) અને તેમના ડ્રાઇવર નિલેશ તેલંગડે (૩૦)ને દાદરા નગર હવેલીના પ્રવેશદ્વાર પર રોકવામાં આવ્યા હતા કારણ કે તેમની પાસે કોરોના સમયગાળા દરમિયાન જિલ્લા અને રાજ્યને પાર કરવા માટે જરૂરી પરમિટ નહોતી. જવાહર તરફ પાછા ફરતી વખતે, તેમને ગઢચિંચલેમાં વન વિભાગની ચોકી પર રોકવામાં આવ્યા હતા. ગામડાઓમાં અફવા ફેલાઈ હતી કે બાળ અપહરણકારોની ટોળકી પકડાઈ ગઈ છે અને ઘટનાસ્થળે મોટી ભીડ એકઠી થઈ ગઈ હતી. ■

# ઘાટકોપરમાં સ્કૂલમાં સમોસા ખાધા બાદ પાંચ વિદ્યાર્થીઓને ખોરાકી ઝેરની અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપર વિસ્તારમાં સ્કૂલની કેન્ટીનમાં સમોસા ખાધા બાદ પાંચ વિદ્યાર્થીઓને ખોરાકી ઝેરની અસર થતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

ઘાટકોપર પશ્ચિમના ઇન્દિરાનગરમાં સાઇનાથ નગર રોડ પર આવેલી ખાનગી સ્કૂલમાં સોમવારે બપોરે આ ઘટના બની હતી. પાંચમાંથી ત્રણ વિદ્યાર્થીને સારવાર બાદ ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. પાંચેય વિદ્યાર્થીની ઓળખ ઇકરા જફર નિયાઝ સૈયદ (૧૧), વૈજા ગુલામ હુસેન (૧૦), રજીક ખાન (૧૧),

(જુઓ પાનું ૪) ▸▸

# એમપીએસસી પાસ કરનારા ઉમેદવારોને પરિણામ જાહેર થયાના ચાર દિવસમાં નિમણૂક પત્ર મળી શકે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારની ભરતી પરીક્ષા (એમપીએસસી) પાસ કરનારા ઉમેદવારોને પરિણામ જાહેર થયાના ચાર જ દિવસમાં નિમણૂક પત્ર મળી શકે છે, એવા નિર્દેશ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે જારી કર્યા હતા.

ફડણવીસે એક બેઠકમાં વહીવટી સુધારાઓની સમીક્ષા કરી હતી અને વિભાગોને દર વર્ષે જાન્યુઆરીના અંત સુધીમાં સરકારી કર્મચારીઓ માટે બાકી રહેલા ૭૫ ટકા પ્રમોશન પૂર્ણ કરવા સૂચના આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે સરકાર શાસનને નાગરી-કેન્દ્રિત, જવાબદાર અને કાર્યક્ષમ બનાવવા માટે મોટા પાયે વહીવટી સુધારાઓ હાથ ધરી રહી છે. બધા વિભાગોએ આ સુધારાઓમાં સક્રિયપણે ભાગ લેવો જોઈએ અને દેખીતી પ્રગતિ જોવા મળે એવા પ્રયાસો કરવા જોઈએ. ફડણવીસે જણાવ્યું હતું કે, સરકારી

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ એરપોર્ટ પર બે કરોડ રૂપિયાનો ગાંજો જપ્તઃ વલસાડની બ્યુટિશિયનની ધરપકડ

મુંબઈઃ કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ મુંબઈ એરપોટ બે કરોડ રૂપિયાનો ઉચ્ચ ગુણવત્તાનો ગાંજો જપ્ત કર્યો હતો અને આ પ્રકરણે વલસાડની બ્યુટિશિયનની ધરપકડ કરી હતી.

બેંગકોકથી સોમવારે ફ્લાઇટમાં મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવી પહોંચેલી પૂનમ મિસ્ત્રી (૪૦) નામની મહિલાને એર ઇન્ટેલિજન્સ યુનિટ (એઆઇયુ)ના અધિકારીઓએ શંકાને આધારે આંતરી હતી. મહિલાના સામાનની તલાશી લેવામાં આવતાં અમુક કપડાં અને ચોકલેટ્સની સાથે બે પારદર્શક સીલ પૅકેટ્સ મળી આવ્યાં હતાં, જેમાં લીલા રંગના તીવ્ર ગંધવાળો આ પદાર્થ મળી આવ્યો હતો, જે ગાંજો હોવાનું જાણવા મળ્યું હતું.

બે કિલો ઉચ્ચ ગુણવત્તાનો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો, જેની કિંમત બે કરોડ રૂપિયા થાય છે. પોલીસે ગાંજો જપ્ત કર્યા બાદ પૂનમ મિસ્ત્રીનું નિવેદન નોંધ્યું હતું અને બાદમાં ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી. વલસાડમાં રહેતી મહિલાએ ગાંજો બેંગકોકમાં કોની પાસેથી મેળવ્યો હતો અને તે મુંબઈમાં તે કઇ વ્યક્તિ સુધી પહોંચાડવાની હતી, તેની તપાસ કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

# ગોરેગાંવ-મુલુંડ લિંક રોડ માટે વૃક્ષો કાપવાની શરતી મંજૂરી

## કાપવામાં આવેલા વૃક્ષોની ક્ષતિને ભરી કાઢવા માટે વળતરરૂપ વનીકરણ હાથ ધરવાની તાકીદ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સોમવારે ટ્રી ઓથોરિટીને ગોરેગાંવ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટ માટે મુંબઈમાં વધુ વૃક્ષો કાપવા માટે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની નવી અરજી પર નિર્ણય લેવાની મંજૂરી આપી હતી, જો કે આના વળતરરૂપે વનીકરણ કરીને વૃક્ષોની ભરપાઈ કરવાની રહેશે.

૨૯ જુલાઈએ સર્વોચ્ચ અદાલતે આ પ્રોજેક્ટ માટે મુંબઈના ફિલ્મ સિટીમાં ૯૫ વૃક્ષો કાપવાની મંજૂરી આપી હતી. જોકે, ૨૭ ઓક્ટોબરે મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈની અધ્યક્ષતાવાળી બેન્ચે, મુંબઈમાં વળતરરૂપે વનીકરણના નબળા અમલની ગંભીર નોંધ લીધી હતી અને મહારાષ્ટ્ર સરકારને ચેતવણી આપી કે તે મુંબઈ મેટ્રો રેલ અને ગોરેગાંવ-મુલુંડ લિંક રોડ (જીએમએલઆર) પ્રોજેક્ટ જેવા પ્રોજેક્ટ માટે વૃક્ષો કાપવા માટેની અગાઉની તમામ પરવાનગીઓ રદ કરશે.

તેમણે મહારાષ્ટ્રના મુખ્ય સચિવને તમામ હિસ્સેદારો સાથે બેઠક યોજવા અને 'વળતરરૂપે કરવાના વનીકરણ'ને અક્ષરશઃ હાથ ધરવામાં આવે તે

(જુઓ પાનું ૪) ▸▸

# કેમિકલનું ટેન્કર વૃક્ષ સાથે ટકરાયું

થાણેઃ થાણેમાં ક્રોસિંગ નજીક કેમિકલ ભરેલું ટેન્કર વૃક્ષ સાથે ભટકાતાં રિક્ષા તેમ જ વીજળીના થાંભલાને નુકસાન થયું હતું. રવિવારે રાતના ૧૧.૩૧ વાગ્યાની આસપાસ થયેલા આ અકસ્માતને કોઇને ઇજા થઇ નહોતી, પણ તેને કારણે કલાક સુધી ટ્રાફિક જૅમ સર્જાયો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસિન તડવીએ જણાવ્યું હતું કે ગુજરાતના દહેજથી ટેન્કર થાણેના વાગલે એસ્ટેટ વિસ્તારમાં આવી રહ્યું હતું ત્યારે તીન હાથ નાકા નજીક ડ્રાઇવરે કાબૂ ગુમાવતાં ટેન્કર રસ્તાને કિનારે વૃક્ષ સાથે અથડાયું હતું. ■

# સેન્સેક્સમાં ૩૮૮ પોઇન્ટનો ઉછાળો, નિફ્ટીએ ૨૬,૦૦૦ની સપાટી ફરી હાંસલ કરી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકા તરફથી ૨૦૦ કૃષિ ઉત્પાદનોમાં ટેરિફમાં કરેલા ઘટાડાને કારણે ભારત સાથેની ટ્રેડ ડીલ સાનુકૂળ રહેવાની આશા તેમ જ મજબૂત ત્રિમાસિક નાણાકીય પરિણામો વચ્ચે સાર્વત્રિક લેવાલીના માહોલમાં સતત છઠ્ઠા દિવસની આગેકૂચમાં સેન્સેક્સ ૩૮૮ પોઇન્ટ ઊછળ્યો હતો અને નિફ્ટીએ ૨૬,૦૦૦ની સપાટી ફરી હાંસલ કરી હતી.

સેન્સેક્સ ૩૮૮.૧૭ પોઇન્ટ અથવા તો ૦.૪૬ ટકાના સુધારા સાથે ૮૪,૯૫૦.૯૫ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી ૧૦૩.૪૦ પોઇન્ટ અથવા તો ૦.૪૦ ટકાના સુધારા સાથે ૨૬,૦૧૩.૪૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. ઇટર્નલ, મારુતિ સુઝુકી ઇન્ડિયા, કોટક મહિન્દ્રા બેન્ક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ટેક મહિન્દ્રા, ટાઇટન, એચડીએફસી બેન્ક, પાવરગ્રીડ, બજાજ ફિનસર્વ, એચસીએલ ટેકનોલોજી, બજાજ ફાઇનાન્સ અને લાર્સન એન્ડ ટૂબ્રો ટોપ ગેઇનર્સ હતા.

ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ, એશિયન પેઇન્ટસ, અલ્ટ્રાટેક સિમેન્ટ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, ટાટા સ્ટીલ, અદાણી પોર્ટ, હિંદુસ્તાન યુનિલીવર, આઇટીસી, ટાટા કન્સ્લ્ટન્સી સર્વિસીસ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ટોપ લુઝર શેરોમાં સામેલ હતા. રોકાણકારોની નજર અમેરિકા સાથેના વ્યાપાર સોદા પર છે, પરંતુ ખાસ કરીને હાલ રિસ્ક-રિવોર્ડ રેશિયો અનુકૂળ છે. મિડકેપ કંપનીઓના બીજા ક્વાર્ટરના પરિણામ અપેક્ષા કરતા સારા આવ્યા હોવાથી ઇન્વેસ્ટર્સનો બજાર પર વિશ્વાસ વધ્યો છે.

તેજસ કાર્ગો ઈન્ડિયા લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા છ મહિના માટે તેના અનઓડિટેડ સંકલિત નાણાકીય પરિણામમાં ૧૯.૯૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૩૦૬.૦૦ કરોડની કુલ આવક, ૪૪.૧૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૧૨.૬૦ કરોડનો ચોખ્ખો નફો અને ૪.૮૭ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૪૭.૭૮ કરોડનો એબિટા નોંધાવ્યો છે. એનબીસીસી લિમિટેડને ઝારખંડમાં ટાઉનશીપ બનાવવા માટે દામોદર વેલી કોર્પોરેશન પાસેથી લગભગ રૂ. ૫૦૦ કરોડનો કોન્ટ્રાક્ટ મળ્યો છે. યુનિહેલ્થ કન્સલ્ટન્સી લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા છ મહિનાના સંકલિત નાણાકીય પરિણામમાં ૫૫.૧૪ ટકા વૃદ્ધિ સાથે રૂ.૬૯.૫૬ કરોડની કુલ આવક, ૧૦૫.૦૬ ટકા વૃદ્ધિ સાથે રૂ.૩૪.૬૨ કરોડનો એબીટા અને ૧૯૪.૮૦ ટકા વૃદ્ધિ સાથે રૂ.૧૫.૧૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. જ્યારે એનએચએઆઇ પાસેથી રૂ. ૯૨૭૦ કરોડનો પ્રોજેકટ મળ્યાની ચર્ચાએ આઇઆરબી ઇન્ફ્રામાં સાત ટકા સુધીનો ઉછાળો હતો.

પાવર ગ્રીડ કોર્પોરેશને બોન્ડના પ્રાઇવેટ પ્લેસમેન્ટ મારફત રૂ. ૩૮૦૦ કરોડ એકત્ર કરવાની યોજના બનાવી છે. શ્રી કેશવ સિમેન્ટ એન્ડ ઇન્ફ્રા લિમિટેડે ૨૦૨૬ના બીજા ક્વાર્ટરના નાણાકીય પરિણામમાં ૪૨.૮૧ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૩૬.૨૨ કરોડની કુલ આવક, ૧૭૫.૧૧ ટકા વૃદ્ધિ સાથે રૂ.૮.૩૮ કરોડનો એબિટા, ૨૩.૬૫ ટકા એબિટા માર્જિન નોંધાવ્યું છે, જે વાર્ષિક ધોરણે ૧૧૨૨ બેસિસ પોઇન્ટનો વધારો દર્શાવે છે. ઇન્ફોસિસે ગ્લોબલ કેપેબિલિટી સેન્ટરને ઇનોવેશન હબમાં ફેરવવા એઆઇ ફર્સ્ટ જીસીસી મોડલ લોન્ચ કર્યું છે. ઇન્ડોવિન્ડ એનર્જી લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ મહિનાના કોન્સોલિટેડેડ પરિણામમાં ૨૫.૮૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૯.૨૯ કરોડની કુલ આવક, ૩૦.૮૮ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૫.૭૩ કરોડનો એબિટા અને ૧૭.૬૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૭.૧૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. મ્યુચ્યુઅલ ફંડે ઓક્ટોબરમાં ૧૦ આઇપીઓમાં રૂ. ૧૩,૦૦૦ કરોડનું રોકાણ કર્યું છે.

ટ્રોમ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા છ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં ૧૨.૦૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૪૦.૭૩ કરોડની કુલ આવક, ૧૬.૨૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૬.૯૮ કરોડનો એબિટા અને ૬.૧૪ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૪.૩૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. જ્યારે સ્ટોનક્રાફ્ટ તેલંગણામાં રૂ. ૩૦૦ કરોડનું રોકાણ કરશે. સુપ્રીમ પાવર ઇક્વિપમેન્ટ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા છ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં ૨૮.૫૮ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૭૫.૩૬ કરોડની કુલ આવક, ૧૮.૬૩ ટકા વૃદ્ધિ સાથે રૂ.૧૪.૨૭ કરોડનો એબિટા અને ૩૧.૯૮ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૯.૪૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

સાત મ્યુચ્યુઅલ ફંડે ઓક્ટોબરમાં ૧૯ શેરમાં ઓક્પપોઝર ઘટાડ્યું છે. ચંદન હેલ્થકેર લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા છ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં ૨૩.૩૮ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૧૩૭.૪૯ કરોડની કુલ આવક ૪૩.૯૮ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૯.૯૮ કરોડનો એબિટા અને ૪૬.૫૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૧૫.૬૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ફિઝિક્સવાલાના શેરનું આજે લિસ્ટિંગ થશે. આ કંપનીનો રૂ. ૩૪૮૦ કરોડનો આઇપીઓ ૧૩ તારીખે બંધ થયો હતો.




બલ્કકોર્પ ઇન્ટરનેશનલ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ મહિનાના અનઓડિટેડ પરિણામમાં ૨૭.૬૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૩૮૦.૪૭ લાખની કુલ આવક, ૨૩.૨૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૩૫૬.૬૪ લાખનો એબિટા અને ૨૯.૫૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૧૮૦.૨૧ લાખનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. નિફ્ટી બેંક ઇન્ડેક્સ ૫૯,૦૦૧.૫૫ પોઇન્ટની નવી રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચ્યા પછી ૦.૭૬ ટકા વધીને ૫૮,૯૬૨.૭૦ પર બંધ થયો છે. ટૌરિયન એમપીએસ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા છ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં કુલ આવક રૂ. ૩૨.૨૯ કરોડ, એબિટા રૂ. ૬.૭૭ કરોડ, એબિટા માર્જિન ૨૦.૯૬ ટકા અને રૂ. ૩.૬૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ચોખ્ખા નફાનું માર્જિન ૧૧.૩૬ ટકા અને શેરદીઠ કમાણી રૂ.૫.૬૫ રહી છે.

વ્યાપક સૂચકાંકોએ મુખ્ય સૂચકાંકો કરતાં વધુ સારો દેખાવ કર્યો છે, જેમાં નિફ્ટી મિડકેપ ૬૧,૨૧૧.૦૫ પોઇન્ટની નવી રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચ્યો છે, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ઇન્ડેક્સ ૦.૫૨ ટકા વધ્યો છે. નિફ્ટીમાં બજાજ ઓટો, ટાટા કન્ઝ્યુમર, આઇશર મોટર્સ, મેક્સ હેલ્થકેર, મારુતિ સુઝુકી મુખ્ય વધ્યા હતા, જ્યારે ઝખ્ડ્ટ, અદાણી એન્ટરપ્રાઇઝ, જિયો ફાઇનાન્શિયલ, ઇન્ટરગ્લોબ એવિએશન, અલ્ટ્રાટેક સિમેન્ટ ઘટ્યા હતા. ઓટો, બેંક, રિયલ્ટી, કેપિટલ ગુડ્સ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, પીએસયુ બેંક એકાદ ટકા સુધી વધ્યા હતા.

સ્ટોક-સ્પેસિફિક એક્શનમાં, ટ્રુઆલ્ટ બાયોએનર્જીના શેર બે ટકા વધ્યા હતા, જ્યારે વેબસોલ એનર્જી સિસ્ટમના શેર ચાર ટકા ઘટ્યા હતા, બીજા ક્વાર્ટરના નફામાં ૮૩ ટકાનો ઘટાડો જાહેર થયા પછી અશોકા બિલ્ડકોનના શેર પાંચ ટકા તૂટ્યો હતો. જીએમઆર પાવરના શેરના ભાવમાં સાત ટકાનો વધારો થયો હતો, નારાયણ હૃદયાલાના શેર ૧૫ ટકા ઊછળ્યો હતો. આઇઆરબી ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપર્સના શેર લગભગ ચાર ટકા વધ્યા, સ્ટોક સ્પ્લિટની ચર્ચા વચ્ચે કોટક મહિન્દ્રા બેંકના શેરમાં ૧.૨ ટકાનો વધારો થયો હતો.

બીએસઇ પર ૧૭૦થી વધુ શેર તેમના બાવન સપ્તાહના ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યા હતા, જેમાં હીરો મોટોકોર્પ, મેરિકો, સિટી યુનિયન બેંક, કેનેરા બેંક, ઇન્ડિયન બેંક, અસાહી ઇન્ડિયા, લૌરસ લેબ્સ, પીએનબી, યુપીએલ, બીપીસીએલ, એમસીએક્સ ઇન્ડિયા, બેંક ઓફ ઇન્ડિયા, એસબીઆઈ, કેન ફિન હોમ્સ, મુથૂટ ફાઇનાન્સ, નવીન ફ્લોરિન, સ્ટાર હેલ્થ, એશિયન પેઇન્ટ્સ, વગેરેનો સમાવેશ હતો. બીજી બાજુ, ૧૮૦થી વધુ શેર બાવન સપ્તાહના નીચલા સ્તરે પહોંચ્યા હતા, જેમાં કોહાન્સ લાઇફ, જેનેસિસ ઇન્ટરનેશનલ, ફિશર મેડિકલ વેન્ચર, કેએનઆર કન્સ્ટ્રક્શન, બાટા ઇન્ડિયા, ગણેશા ઇકોસ્ફિયર, વેસ્ટલાઇફ ફૂડવર્લ્ડ, સેઇન્સિસ ટેક વગેરેનો સમાવેશ થાય છે.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ઈટર્નલ ૧.૯૪ ટકા, મારુતિ ૧.૩૪ ટકા, કોટક બેન્ક ૧.૨૬ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૧૧ ટકા, ટેક મહિન્દ્ર ૧.૦૬ ટકા, ટાઈટન ૦.૯૪ ટકા, લાર્સન ૦.૮૨ ટકા, એચડીએફસી બેન્ક ૦.૮૦ ટકા, એચસીએલ ટેક્નોલોજી ૦.૭૮ ટકા, પાવર ગ્રીડ ૦.૭૭ ટકા અને બજાજ ફિનસર્વ ૦.૭૨ ટકા વધ્યા હતા, જ્યારે ટાટા મોટર્સ પેસેન્જર ૪.૮૩ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૭૦ ટકા, એશિયન પેઈન્ટ ૦.૬૭ ટકા, બીઈએલ ૦.૫૭ ટકા, તાતા સ્ટીલ ૦.૪૩ ટકા અને અદાણી પોર્ટ્સ ૦.૨૩ ટકા ઘટ્યા હતા.

વિશ્વબજારમાં નરમાઇ છતાં સ્થાનિક સ્તેર સાર્વત્રિક લેવાલી વચ્ચે શેરબજારના માર્કેટ કેપમાં રૂ. ૩.૨૦ લાખ કરોડનો વધારો નોંધાયો હતો. ઓટો અને પાવર શેરોની આગેવાનીએ બધા સેક્ટરલ ઈન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હતો. સોમવારના સત્રમાં સેન્સેક્સ ગત શુક્રવારના ૮૪,૫૬૨.૭૮ના બંધથી ૩૮૮.૧૭ પોઈન્ટ્સ (૦.૪૬ ટકા) વધ્યો હતો.

સેન્સેક્સની ૨૦ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૦ સ્ક્રિપ ઘટી હતી.બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૬૬ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૫૯ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૨૫ ટકા વધ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૨૬ ટકા ઘટ્યો હતો. સત્ર દરમિયાન સેન્સેક્સ ૮૪,૭૦૦.૫૦ ખૂલી ઊંચામાં ૮૪,૯૮૮.૦૯ સુધી અને નીચામાં ૮૪,૫૮૧.૦૮ સુધી જઈ ૮૪,૯૫૦.૯૫ બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૭૩.૯૪ લાખ કરોડથી રૂ. ૩.૨ લાખ કરોડ વધીને રૂ. ૪૭૭.૧૪ લાખ કરોડ રહ્યું હતું. બધા સેક્ટરલ ઈન્ડાયસીસ વધ્યા હતા, જેમાં મુખ્યત્વે બીએસઈ ઓટો ૦.૮૬ ટકા, પાવર ૦.૮૩ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૭૮ ટકા, બેન્કેક્સ ૦.૭૭ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૭ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૬ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૫૯ ટકા, હેલ્થકેર ૦.૫૭ ટકા, યુટિલિટીઝ ૦.૫૪ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૫૩ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૪૬ ટકા, રિયલ્ટી ૦.૪૪ ટકા, ટેક ૦.૩૫ ટકા અને એનર્જી ૦.૩૪ ટકા વધ્યા હતા. એક્સચેન્જમાં ૪,૪૯૭ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૦૮૨ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૨૧૧ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૨૦૪ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૭૭ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૯૧ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૬ સ્ટોક્સને ઉપલી જ્યારે ૭ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૫૯.૧૮ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૮૦૪ સોદામાં ૯૩૪ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૨,૪૧,૩૮૯ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા.

# આરંભિક નરમાઈ ખંખેરીને ડૉલર સામે રૂપિયામાં પાંચ પૈસાનો સુધારો

મુંબઈઃ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે આરંભિક સત્ર દરમિયાન એક તબક્કે ડૉલર સામે રૂપિયો ૧૦ પૈસા નબળો પડ્યો હતો. જોકે, ત્યાર બાદ વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈનું વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે આરંભિક નરમાઈ ખંખેરીને ડૉલર સામે રૂપિયો ત્રણ પૈસાના સુધારા સાથે ૮૮.૬૧ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યાના સંકેતોને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સપ્તાહના આરંભે ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૮.૬૬ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૮.૭૦ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૭૩ અને ઉપરમાં ૮૮.૫૬ની રેન્જમાં અથડાઈને અંતે સાધારણ પાંચ પૈસાના સુધારા સાથે ૮૮.૬૧ના મથાળે બંધ રહ્યો હતો.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૮૧ ટકા ઘટીને બેરલદીઠ ૬૩.૮૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૮૮.૧૭ પૉઈન્ટનો અને ૧૦૩.૪૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૨૯ ટકા વધીને ૯૯.૨૯ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૪૯૬૮.૨૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હતો. આજે જાહેર થયેલા સરકારી ડેટાઓમાં ગત ઑક્ટોબર મહિનામાં દેશની નિકાસ ૧૧.૮ ટકા ઘટીને ૩૪.૩૮ અબજ ડૉલર અને આયાત ૧૬.૬૩ ટકા વધીને ૭૬.૦૬ અબજ ડૉલરની સપાટીએ રહેતા વેપાર ખાધ ૪૧.૬૮ અબજ ડૉલરના સ્તરે રહી હોવાના અહેવાલોને ધ્યાનમાં લેતા પણ રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ડૉલરની મજબૂતી સાથે વૈશ્વિક સોનામાં ઘટ્યા મથાળેથી ટકેલું વલણ સ્થાનિક સોનામાં ₹ ૧૮૭૦નો અને ચાંદીમાં ₹ ૪૪૩૪નો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત શુક્રવારે ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવમાં બે ટકા જેટલો કડાકો બોલાઈ ગયા બાદ આજે લંડન ખાતે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું અને વાયદામાં ૦.૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, ચાંદીના ભાવમાઢ઼ ઘટ્યા મથાળેથી ૦.૮ ટકાનો સુધારો દર્શાવાઈ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં ગત શુક્રવારના વૈશ્વિક નિરુત્સાહી અહેવાલોને ધ્યાનમાં લેતા સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૮૬૨થી ૧૮૭૦નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૪૩૪નો કડાકો બોલાઈ ગયો હતો.



આજે ગત શુક્રવારના વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે ૯૯૯ ટચ ચાંદીના ભાવમાં ઘટાડો આગળ ધપ્યો હતો. તેમ જ વધુ ભાવઘટાડાના આશાવાદે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારોની માગ છૂટીછવાઈ જળવાઈ રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૪૪૩૪ના ઘટાડા સાથે રૂ. ૧,૫૪,૯૩૩ના મથાળે રહ્યા હતા. વધુમાં સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ભાવમાં નરમાઈનું વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૮૬૨ ઘટીને રૂ. ૧,૨૨,૪૩૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૮૭૦ ઘટીને રૂ. ૧,૨૨,૯૨૪ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ઘટયા મથાળેથી જોવા મળેલી રોકાણકારોની છૂટીછવાઈ માગને બાદ કરતાં સ્ટોકિસ્ટો, જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ગત શુક્રવારે ન્યૂયોર્ક ખાતે સોનાના ભાવમાં બે ટકા કરતાં વધુ માત્રામાં ઘટાડો જોવા મળ્યા બાદ આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૭૯.૪૮ ડૉલર આસપાસ ટકેલા રહ્યા હતા, જ્યારે ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૦.૩ ટકા ઘટીને ૪૦૮૧.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૫૦.૯૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ગત સપ્તાહે બજારની અનિશ્ચિતતાના માહોલમાં સોનામાં રોકાણકારોની હેજરૂપી માગ જોવા મળી હતી, પરંતુ અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ડિસેમ્બર મહિનાની બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા ધૂંધળી થવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી ભાવમાં ટકેલું વલણ જોવા મળ્યું હોવાનું સ્વિસક્વૉટના વિશ્લેષક કાર્લો અલ્બર્ટો ડે કાસાએ જણાવતાં ઉમેર્યું હતું કે સતત બીજા સત્રમાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહેતાં સોનાની પડતરોમાં વધારો થવાને કારણે પણ સોનામાં માગ રૂંધાઈ હતી.

હાલના તબક્કે રોકાણકારોની નજર આગામી ગુરુવારે જાહેર થનારા અમેરિકાના ગત સપ્ટેમ્બર મહિનાના નોન ફાર્મ પે રૉલ ડેટા પર સ્થિર થઈ હોવાથી બજારમાં અમુક અંશે સાવચેતીનો અભિગમ પણ જોવા મળ્યો હતો. જોકે, હવે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો આગામી ડિસેમ્બર મહિનાની ફેડરલ રિઝર્વની બેઠકમાં વ્યાજદરમાં કપાતની શક્યતા જે ગત સપ્તાહે ૬૨ ટકા સુધીની વ્યક્ત થઈ રહી હતી તે હવે ઘટીને માત્ર ૪૪ ટકા થઈ રહી છે.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં નરમાઈ, મિડિયમમાં સુધારો મહારાષ્ટ્રની ૧૭૦ ખાંડ મિલોએ પિલાણ શરૂ કર્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે માલની ગુણવત્તા અને માગને ધ્યાનમાં લેતા મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ચારથી છનો સુધારો આવ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર ગત ઑક્ટોબરથી શરૂ થયેલી વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬ની ખાંડ મોસમ માટે મહારાષ્ટ્રની ૧૭૦ ખાંડ મિલોએ શેરડીનું પિલાણ શરૂ કર્યું છે અને ૪૦ ખાંડ મિલો પિલાણ શરૂ કરવા માટેના લાઈસન્સ મળવાની રાહ જોઈ રહી છે.

વધુમાં સરકારે વર્તમાન ખાંડ મોસમ માટે જાહેર કરેલા ૧૫ લાખ ટન ખાંડના નિકાસ ક્વૉટાની ફાળવણી કરી છે. જેમાં કુલ ૧૫ લાખ ટનનાં નિકાસ ક્વૉટા પૈકી ઉત્તર પ્રદેશને ૪૦.૫ ટકાના હિસ્સા સાથે ૬,૦૦,૮૦૬ ટનની, મહારાષ્ટ્રને ૩૦.૩૩ ટકાના હિસ્સા સાથે ૪,૫૪,૮૭૬ ટનની અને કર્ણાટકને ૧૫.૮૫ ટકાના હિસ્સા સાથે ૨,૩૭,૭૩૨ ટનની ફાળવણી કરી છે. આ સિવાય અન્ય રાજ્યોમાં બિહારને ૩૪,૭૪૪ ટન (૨.૩૨ ટકા), ગુજરાતને ૩૩,૬૩૪ ટન (૨.૨૪ ટકા), હરિયાણાને ૨૯,૩૪૪ ટન (૧.૯૬ ટકા), પંજાબને ૨૪,૫૨૯ ટન (૧.૬૪ ટકા), તમિળનાડુને ૨૩,૯૫૭ ટન (૧.૬૦ ટકા), ઉત્તરાખંડને ૧૯,૪૬૭ ટન (૧.૩૦ ટકા), મધ્ય પ્રદેશને ૧૮,૦૧૮ ટન (૧.૨૦ ટકા), આંધ્ર પ્રદેશને ૭૬૮૫ ટન (૦.૫૧ ટકા), તેલંગણાને ૭૧૩૪ ટન (૦.૪૮ ટકા), છત્તીસગઢને ૪૯૪૧ ટન (૦.૩૩ ટકા) અને ઓરિસ્સા તથા રાજસ્થાનને ૧૮૫૩ ટન (૦.૧૨ ટકા)ની ફાળવણી કરી છે.

દરમિયાન આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નિરસ માગ તેમ જ અમુક માલની ગુણવત્તા નબળી રહેતાં તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૯૬થી ૩૯૬૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડમાં માગને ટેકે વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચાર અને ઉપલા મથાળેથી રૂ. છના સુધારા સાથે રૂ. ૩૯૬૬થી ૪૦૮૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૩૮૨૦થી ૩૮૬૦માં અને રૂ. ૩૮૫૦થી ૩૯૦૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# પાંખાં કામકાજે વિશ્વ બજારથી વિપરીત આયાતી તેલમાં નરમાઈ મથકો પાછળ સિંગતેલમાં ₹ ૧૫નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં સાધારણ છ રિંગિટનો સુધારો આવ્યાના પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી આયાતી તેલના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું,

જેમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડ અને આરબીડી પામોલિનમાં અનુક્રમે રૂ. ૧૦ અને રૂ. પાંચ ઘટી આવ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરો અને સ્ટોકિસ્ટોની માગ નિરસ રહેતાં તેલિયા ટીનમાં ૧૫ કિલોદીઠ રૂ. ૪૦નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫નો ભાવઘટાડો આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિકમાં સિંગતેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ ઘટી આવ્યા હતા. આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા સંકલિત કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૧૫ નવેમ્બર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા ઑક્ટોબર મહિનાના સમાનગાળાના ૮,૬૨,૭૨૪ ટન સામે ૧૫.૫૦ ટકા ઘટીને ૭,૨૮,૯૯૫ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું. દરમિયાન આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૫, ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૨૫ અને રૂ. ૧૨૩૮, રિલાયન્સ કન્ઝ્યુમરનાં સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૮૦ અને રૂ. ૧૪૮૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૦, જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૨૬ અને રૂ. ૧૨૪૪ તથા પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૬૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોતા. ગુજરાતમાં ગોંડલ મથકે આજે ૬૦,૦૦૦ ગૂણીની અને ગત શનિવારની શેષ ૭૦,૦૦૦ ગૂણી મળી કુલ ૧.૩ લાખ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૩૦૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે આજે નવી કોઈ આવક નહોતી પરંતુ અગાઉની શેષ ૫૨,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૩૩૦માં થયાના અહેવાલ હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૭૦, સિંગતેલના રૂ. ૧૫૨૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૫૫૦ના મથાળે રહ્યા હતા. જ્યારે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૭૫માં થયાના અહેવાલ હતા.

## કચ્છમાં ગાત્રો થીજવતી ઠંડી પડવાની શરૂઆત, નલિયામાં ૧૦ ડિગ્રી જ્યારે ભુજમાં ૧૫ ડિગ્રી લઘુતમ તાપમાન

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ કચ્છમાં કોલ્ડવેવની પરિસ્થિતિ શરૂ થવાનું જાણે કાઉન્ટડાઉન શરૂ થયું હોય તેમ આજે અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં લઘુતમ તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાતાં શહેરભરમાં કર્ફ્યુ જેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે.

જિલ્લામથક ભુજમાં ન્યુનતમ તાપમાનનો પારો ૧૫ ડિગ્રી સેલ્સિયસ પર રહ્યો હતો. કંડલા પોર્ટ ખાતે ૧૬ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. ઉત્તરના બર્ફિલા હિમપવનોએ ઠારની ધારને વધુ ડંખીલી બનાવી છે. પરિણામે, ભરબપોરે પણ ઠંડી પડી રહી છે. ઠારના લીધે દિવસનું મહત્તમ તાપમાન પણ ગગડીને ૨૭-૨૯ ડિગ્રી નજીક પહોંચી ગયું છે. લઘુતમ તાપમાનમાં કચ્છની જેમ રાજ્યના મોટાભાગના શહેરોમાં પારો ગગડીને ૧૦ ડિગ્રી આસપાસ ઉતર્યો હતો.

હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં પારો વધુ ત્રણેક ડિગ્રી સુધી નીચે ઉતરવા સાથે હાડ થીજાવતી ઠંડીની આણ યથાવત રહેવાનો વર્તારો વ્યક્ત કર્યો હતો. ■

## રાપરમાં અન્યની માલિકીની જમીન પચાવી પાડવા બદલ એકસાથે ૧૯ જણ લેન્ડ ગ્રેબિંગમાં ફીટ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: કચ્છના રાપર તાલુકાના સુદાણા વાંઢ પાસે અન્યની માલિકીની જમીનને પચાવી પાડવા બદલ એકસાથે ૧૯ જેટલા શખ્સો પર લેન્ડ ગ્રેબિંગ એક્ટ તળે ફોજદારી ફરિયાદ દાખલ થતાં વાગડ પંથકમાં ચકચાર પ્રસરી જવા પામી હતી.

આ અંગે ગાંધીધામમાં રહેતા ૪૨ વર્ષિય ધારાશાસ્ત્રી રાજેરા નારણ ગઢવીએ રાપર પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, રવ ગામની નજીકની સુદાણા વાઢના સીમ વિસ્તારમાં સર્વે નંબર ૬૧ પૈકી ૦૧ની ૪ હેક્ટર ૪૮ આરે ૧૭ ચોરસ મીટર જમીન તથા સર્વે નંબર ૬૨/૫ની ૫ હેક્ટર ૭૯ આરે ૭૨ ચો.મી. જમીન તેમની વડીલોપાર્જીત મિલકત છે.

તેઓ ભૂકંપ બાદ ગાંધીધામમાં સ્થાયી થવાં હોઈ જમીનની દેખભાળ રાખી શક્તા નહોતા. તેમની ગેરહાજરીનો લાભ લઈને નજીકની ચકુવાઢના કોલી પરિવારના ૧૯ માથાભારે સભ્યોએ તેમની જમીન પર નળીયા વાળા મકાનો બનાવી, ખેતી કરીને પચાવી પાડી છે. વારંવાર વિનંતી કરવા છતાં તેઓ જમીન ખાલી કરતા નથી. જિલ્લા સમાહર્તાની અધ્યક્ષતાવાળી સમિતિએ રાજેશ ગઢવીને લેન્ડગ્રેબિંગ એક્ટ તળે ફરિયાદ નોંધાવવા હુકમ કરતા તેઓએ (૧) રાયમલ ભુશ કોલી (૨) લાડુબેન રાયમલ કોલી (૩) દેવશી રાયમલ કોલી (૪) ઈશ્વર રાયમલ કોલી (૫) ભાભુ ભુરા કોલી (૫) વિનોદ ભાભુ કોલી (૭) રામજી ભુરા કોલી (૮) કાનજી ભુરા કોલી (૯) ગોકળ ચકુ કોલી (૧૦) ધના ગોકળ કોલી (૧૧) ભીખા ગોકળ કોલી (૧૨) સામા ગોકળ કોલી (૧૩) મનજી કાયડ કોલી (૧૪) ખેતા કાથડ કોલી (૧૫) રામા કાપડ કોલી (૧૬) પોપટ ધીંગા કોલી (૧૭) માદેવા ધીંગા કોલી (૧૮) દાદુભાઈ નરસિંહભાઈ કોલી અને રાવઘણ નરશી કોલી વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદની નાયબ પોલીસ અધીક્ષકે તપાસ હાથ ધરી છે. ■



રાજકોટમાં કાતિલ ઠંડીથી જનજીવન ઠુઠવાઈ રહ્યું છે. ઠંડીના કારણે શહેરમાં ગરમ કપડાની ખરીદી વધી છે. બજારમાં ગરમ કપડા લેવા લોકો ઊમટી પડ્યા હતા. (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

## અંજારમાંથી ૪૫ હજારના ગાંજા સાથે બે 'જેન-ઝી' ડ્રગ્સ પેડલરો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: જિલ્લા કચ્છમાં નશાખોરીનું દૂષણ સતત વધી રહ્યું છે તેવામાં પૂર્વ કચ્છના અંજાર શહેરમાંથી સ્થાનિક પોલીસે બે કિશોર વયના ડ્રગ્સ પેડલરોને દબોચી લઈને તેમની પાસેથી રૂ. ૪૪,૯૦૦નો માદક પદાર્થ ગાંજાનો જથ્થો જપ્ત કર્યો હતો અને આ ગાંજાને કિશોરોને આપનારા અંજારના ઇમરાન ઉર્ફે સમીર ઉર્ફે ગબ્બર રમજુ ખલીફાની પોલીસે ધરપકડ કરી લીધી હતી.

પૂર્વ બાતમીના આધારે અંજાર પોલીસે શહેરના વિજયનગર ખાતેની શાળા નંબર ૧૩ પાસે વોચ ગોઠવી હતી. આ વેળાએ બાતમી મુજબનું સ્કૂટર પસાર થતાં પોલીસે તેને અટકાવ્યું હતું. ડેકીમાં તપાસ કરતાં તેમાંથી લીલા રંગના વનસ્પતિજન્ય પાંદડાં, ફૂલ, બી સાથે ડાળખા મળી આવ્યા હતા. વાહન ચલાવનાર મોટા થરાવડાનો ૧૬ વર્ષીય કિશોર તથા પાછળ બેઠેલા ૧૫ વર્ષીય કિશોરને અટકમાં લીધા હતા.

કાયદાના સંઘર્ષમાં આવેલા બંને કિશોરની પૂછપરછ કરાતાં ભુજમાં રહેનાર તેમના મિત્ર ઇમરાન સુમરાએ સુઝુકી એક્સેસ સ્કૂટર આપ્યું હતું અને અંજાર જઇ સમીર ઉર્ફે ગબ્બર પાસેથી ગાંજો લઇ આવવાનું જણાવ્યું હતું. તેમણે સમીર પાસેથી ગાંજો લઇ અને પરત ભુજ જઇ રહ્યા હતા ત્યારે તેઓ ઝડપાઇ ગયા હતા. પોલીસે ઇમરાન ઉર્ફે સમીર ઉર્ફે ગબ્બર રમજુ ખલીફા (અંજાર)ને ઝડપી લીધો છે. આ બંને કિશોર પાસેથી પોલીસે રૂ. ૪૪,૯૦૦નો ૮૯૮ ગ્રામ ગાંજો, વાહન, મોબાઇલ વગેરે મળીને કુલ રૂ.૧,૦૪,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ■




(તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

રાષ્ટ્રની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીની નિમિત્તે રાજકોટ જિલ્લા કક્ષાની તિરંગા અને દેશભક્તિના રંગે રંગાતી પદયાત્રા યોજાઈ હતી.

## માધાપરમાં ₹ ત્રણ લાખથી વધુના બિયરના જથ્થા સાથે એલસીબીએ ત્રણ શખ્સને ઝડપી પાડ્યા

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ આગામી 'થર્ટી ફર્સ્ટ'ની પાર્ટી માટે અત્યારથી જ થનગની રહેલા નશાખોરો પર તવાઈ બોલાવવા માટે સતર્ક બનેલી કચ્છ પોલીસે રાજસ્થાનથી જીપકારમાં બિયરના જથ્થા સાથે માધાપર આવેલા ત્રણ શખ્સોને રૂ.૩,૦૦,૯૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડીને વધુ એક ખેપને નિષ્ફળ બનાવી હતી.

આ અંગે સ્થાનિક ગુન્હાશોધક શાખાના ઈન્ચાર્જ પી.આઈ એચ.આર. જેઠીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, કાંતિ ઉર્ફે કાનજી રામજી કોલી (રહે. ચંચળવાળા હનુમાન મંદિર પાસે જૂનાવાસ-માધાપર) અને તેના બે સાગરીત સાથે રાજસ્થાનથી બે સ્કોર્પિયો જીપકારમાં આલ્કોહોલ મિશ્રિત બિયરના જથ્થા સાથે આવ્યો હોવા અંગે મળેલી પૂર્વ બાતમીના આધારે દરોડો પાડીને બે સ્કોર્પિયો જીપકારને જપ્ત કરી લીધી હતી. તલાશી લેતાં અંદરથી બિયરના ટીન નંગ ૧૩૬૮ કિં.રૂ. ૩,૦૦,૯૬૦ અને ૧૫૦૦૦ રૂપિયાના ત્રણ મોબાઈલ ફોન, બે જીપકાર કિં. રૂ. ૪ લાખ સહીત કુલ રૂ. ૭,૧૫,૯૬૦ના મુદ્દામાલ સાથે કાંતિ ઉર્ફે કાનજી ઉપરાંત કિશોર રમેશ કોલી (રહે. ચંચળવાળા હનુમાન મંદિર પાસે, જૂનાવાસ, માધાપર) તેમજ વાલજી માવજી કોલી (રહે. ત્રંબો, તા. ભુજ)ને ઝડપી લીધા હતા. બિયરના જથ્થાને આપનાર સતીશ (રહે. સાંચોર, રાજસ્થાન) સહીત ચારેય આરોપીઓ વિરુદ્ધ માધાપર પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે તેમ પી.આઈ. એચ. આર.જેઠીએ ઉમેર્યું હતું. ■

## માંડવીના માપરમાં ખેડૂતના તૈયાર મગફળીના પાકને અજ્ઞાત લોકો દ્વારા આગ ચાંપી દેવાઈ

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ કચ્છના માંડવી તાલુકાના માપર ગામ ખાતે છ એકર જમીન પર વાવવામાં આવેલા તૈયાર મગફળીના પાકના ઢગલાને કોઈ અજ્ઞાત શખ્સો દ્વારા આગ ચાંપી દઈને ખેડૂતને ત્રણ લાખથી વધુનું આર્થિક નુકસાન પહોચાડ્યું હોવાનો ચોંકાવનારો બનાવ બહાર આવતાં ચકચાર પ્રસરી હતી.

માપર ગામના રાહુલ માવજી ડુંગરખિયાએ ગઢશીશા પોલીસ સમક્ષ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, જમાયતી વાવણી માટે લીધેલાં માપર ગામના સર્વે નં. ૯૦-૯૧ નંબરના ઠામોમાં ચોમાસાની ઋતુ દરમ્યાન તેઓએ મગફળીની વાવણી કરી હતી. આ પાક તૈયાર થતાં તેને જમીનમાંથી કાઢી અને ખેતરની વચ્ચે ઢગલો કરીને રાખ્યો હતો. તેઓ થ્રેસર મશીનને લઈને ઢગલાને કાઢવા ખેતરે પહોંચ્યા ત્યારે મગફળીને બદલે રાખનો ઢગલો જોવા મળ્યો હતો. ગઢશીશા પોલીસે ખેડૂતના તૈયાર પાકમાં આગ ચાંપી દેનારા અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી, તેમને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દિવાળી બાદ અરબી સમુદ્રમાં સર્જાયેલી મોસમી ગડબડીને પગલે ગુજરાતમાં વરસેલા કમોસમી માવઠાએ ખેડૂતોને મોટું આર્થિક નુકશાન પહોંચાડ્યું છે. તૈયાર પાકને આગને હવાલે કરી દેવાના આ બનાવથી ભોગ બનેલા ખેડૂત પરિવાર પર પડ્યા પર પાટુ જેવો તાલ સર્જાયો છે. ■

## દિવાળી ટાંકણે ભચાઉ નજીક સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં પતિ-પુત્રના મોત બાદ સારવાર હેઠળ રહેલાં પત્નીનું પણ મોત

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ ગત ઓક્ટોબરના અંતિમ સપ્તાહમાં પૂર્વ કચ્છના ભચાઉ શહેર નજીક ધોરીમાર્ગ પર આગળ જઈ રહેલા ભારે વાહનની પાછળ ટકરાયેલી કારમાં સવાર પતિ અને પુત્રના ગંભીર ઇજાઓને પગલે મોત નીપજ્યાં હતાં. આ દુર્ઘટનામાં સારવાર હેઠળ રહેલી ઈજાગ્રસ્ત પત્નીએ પણ અંતિમ શ્વાસ લેતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી જવા પામી હતી.

કરુણાંતિકા અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, ભચાઉ તાલુકાના નાની ચીરઈ ગામમાં રહેનાર વિજય ચંદુભાઈ ગોહિલ (ઉ.વ.૩૭) નામનો યુવક તેની પત્ની અને પુત્ર- પુત્રી કાવ્યા સાથે લલિયાણા ગામ મધ્યે આવેલા તેના સાસરિયે સ્વીફ્ટ કારમાં ગયો હતો.

ગત તા. ૨૬-૧૦ના બપોરના આ પરિવાર પરત પોતાના ઘરે નાની ચીરઇ આવી રહ્યો હતો એ દરમ્યાન ભચાઉથી ચાર કિ.મી. દૂર આગળ જતાં કોઈ અજાણ્યાં વાહનમાં આ કાર ભટકાતાં ગંભીર ઈજાઓના પગલે વિજય અને તેમના પુત્ર દીપનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે દુર્ઘટનામાં ઘાયલ થયેલા ભાવનાબેન અને પુત્રી કાવ્યાને વધુ સારવાર અર્થે ગાંધીધામની ખાનગી હોસ્પિટલ લઈ જવાયા હતા જ્યાંથી ભાવનાબેનને વધુ સારવાર અર્થે મહેસાણા રીફર કરવામાં આવ્યાં હતાં, જ્યાં તેમણે સારવાર દરમ્યાન છેલ્લા શ્વાસ લેતાં આ અકસ્માતમાં મોતનો આંકડો ત્રણ પર પહોંચ્યો છે. ■

## અંજારના વરસામેડીમાં બંધ ઘરમાંથી ૧.૦૯ લાખની માલમતાની ચોરીથી રહેવાસીઓમાં ફફડાટ

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજ: કચ્છમાં આ વર્ષે શિયાળાની શરૂઆતમાં જ પડી રહેલી કાશ્મીર જેવી કડકડતી ઠંડીને કારણે લદાઈ જતી સ્વયંભૂ સંચાર બંધીનો ગેરલાભ લઇને લાખોની મતાની ચોરીઓને અંજામ આપી રહેલી તસ્કર ટોળકીએ અંજાર તાલુકાના વરસામેડી ગામ ખાતે આવેલી બાગેશ્રી-ત્રણ સોસાયટીમાં સ્થિત બંધ એક મકાનને નિશાન બનાવીને રોકડ રૂપિયા, દાગીના મળીને કુલ રૂ. ૧,૦૯,૫૦૦ની મતાની તસ્કરીને અંજામ આપતાં રહેવાસીઓમાં ફફડાટ પ્રસર્યો હતો. ઘરફોડ અંગે બાગેશ્રી નગર-૩ના મકાન નંબર ૭૯-એમાં રહેતા ફરિયાદી રૂપાબેન અનિલ ચૌધરીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના માતાનું અવસાન થતાં તેઓ પતિ અને પુત્રી સાથે ગત તા. ૨-૧૧ના રોજ ઘરને તાળા મારીને કર્ણાટક જવા નીકળ્યાં હતાં. તેમનો પરિવાર ગત તા. ૧૪-૧૧ના પરત આવતાં ઘરના મુખ્ય દરવાજાના તાળાં તૂટેલાં જણાયાં હતાં. અંદર તપાસ કરતાં સરસામાન વેરવિખેર પડયો હતો. બાઉન્ડરી વોલ કૂદીને ઘરમાં પ્રવેશેલા તસ્કરોએ કબાટમાંથી રોકડ રૂ. ૫૦૦૦ તથા સોનાની વીંટી, સોનાના બુટિયા નંગ-બે, સોનાની ત્રણ નથડી, ચાંદીના સાંકળાં નંગ-બે, હાથમાં પહેરવાના ચાંદીના પંજા નંગ-બે, પગમાં પહેરવાની ચાંદીની વીંટી નંગ-૪, ચાંદીના ૧૬ સિક્કા, ચાંદીનું ૫૦ ગ્રામનું બિસ્કિટ, બે મોબાઈલ ફોન, ૫૦ સાડી, ૫૦ કૂર્તિ, પાન કાર્ડ જેવાં અન્ય ઓળખપત્રો વગેરે મળીને કુલ રૂ.૧,૦૯,૫૦૦ની મતાની તસ્કરીને અંજામ આપ્યો હતો. અંજાર પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે. ■

## સામખિયાળીમાંથી ૨૦ દિવસ અગાઉ ભેદી સંજોગોમાં ગુમ થયેલા વૃધ્ધનો મૃતદેહ મળતાં ચકચાર

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાના સામખિયાળી ગામમાંથી થોડા દિવસો અગાઉ ભેદી સંજોગોમાં ગુમશુદા થયેલા ખીમગર વેલગર ગુંસાઇ (ઉ.વ.૬૬)નો મૃતદેહ મળી આવતાં પંથકમાં ચકચાર પ્રસરી જવા પામી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, સામખિયાળીના અબડાવાસ ખાતે રહેતા ખીમગર ગુસાઇ નામના વૃદ્ધ વીસેક દિવસ અગાઉ પોતાના ઘરેથી બહાર ગયા હતા જે પરત ન આવતાં તેમના પરિવારજનોએ તેમની શોધખોળ હાથ ધરી હતી. આ દરમ્યાન જતેશ્વર સીમ વિસ્તારમાં સ્થિત ગેલન્ટ કંપનીની આસપાસના વિસ્તારમાંથી તેમનો ડી-કમ્પોઝ થઇ ગયેલો મૃતદેહ મળી આવ્યો હતો.

હાલ સ્થાનિક પોલીસે હતભાગીના મૃત્યુનું કારણ જાણવા માટે મૃતદેહને જામનગર ખાતે મોકલી, વિશેરા લેવામાં આવ્યા હતા તેમ આ કેસના તપાસકર્તા પી.એસ.આઇ.એ જણાવ્યું હતું. ■

## ભાવનગર તળાજામાં પાંચ સંતાનોના પિતાએ વ્યાજખોરના ત્રાસથી ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગરઃ જિલ્લાના તળાજાની મેમણ કોલોનીમાં રહેતા અને છૂટક મજૂરી કામ કરીને જીવનનો નિર્વાહ ચલાવતા પાંચ સંતાનોના પિતાએ તળાજાના જ પાંચ વ્યક્તિ વિરુદ્ધ ભાવનગર હોસ્પિટલના બિછાનેથી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીનો આરોપ છે કે બે વ્યક્તિ પાસે થી ધંધો કરવા વ્યાજે રૂપિયા લીધા હતા. જેટલા લીધા હતા તેનાથી બમણા આપી દીધા છતાંય ધાકધમકી આપતા હોય,પત્નીને પણ અપશબ્દો કહ્યા હતા. તેને પગલે જંતુનાશક દવાની દુકાનેથી દવા પી લઇ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.

ગેસ રિપેરિંગનો ધંધો કરતા ઈરફાન રજાકભાઈ પોપટીયા ઉં.વ.૩૬ તળાજામા રહેતા અસ્લમ ઉર્ફે બાબા અબ્દુલભાઈ કાચલીયા,વસીમ અસ્લમભાઈ કાચલીયા,ઈરફાન વલીભાઈ મલાડા,અબુભાઈ વલીભાઈ મલાડા,ફજલ અબુભાઈ મલાડા વિરુદ્ધ હૉસ્પિટલમાં સારવાર દરમિયાન ગઈકાલ મોડી રાત્રે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદીનો આરોપ છે કે ભંગારના ધંધા માટે દોઢ વર્ષ પહેલાં અસ્લમભાઈ પાસેથી એક લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. દરરોજ ના બે હજાર લેખે પરત કરવાના હતા. ત્રણ મહિના સુધી શરત મુજબ બે હજાર આપ્યા હતા.તેમ છતાંય બીજા નેવું હજાર દેવાના તેમ કહી અસ્લમભાઈ અને તેના દીકરા વસીમ ઉઘરાણી કરતા હતા.સુરત રહેવા જતા રહ્યા હોય ત્યાં પણ ફોન કરી ધમકાવતા હતા.દિવાળી બાદ અહીં તળાજા રહેવા આવતા બાપ દીકરા એ ઘરે આવી ધોલ થપાટ કરેલ.મહિલા વર્ગને પણ અપશબ્દો કહ્યા હતા.મારી નાખવાની ધમકી આપી હતી.

એ ઉપરાંત ઈરફાન વલીભાઈ પાસે થી ત્રણ વર્ષ પહેલાં પોણા ત્રણ લાખ દરોજના ત્રણ હજાર આપવા ની શરતે વ્યાજે લીધા હતા.તેઓને વ્યાજ સહિત પોણા પાંચ લાખ આપ્યા હતા.તેમ છતાંય બાકી રૂપિયા છે તેની ધાક ધમકી આપી ઉઘરાણી કરતા હોય જેના કારણે ખરાબ વિચાર આવતા જંતુ નાશક દવાની બોટલમાંથી થોડી ઝેરી દવા પીધી હતી.પોલીસે ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત અધિનિયમ કલમ મુજબ ગુન્હો નોંધ્યો હતો.

પી.આઈ ગોહિલે જણાવ્યું હતુ કે અરનેસ કુમારના જજમેન્ટ મુજબ આ કામે આરોપીઓને હાજર થવા માટે નોટિસ આપવામાં આવશે. ઉલ્લેખનીય છેકે ફરિયાદીની તબિયત હાલ સુધારા પર છે. ■

## મનપાની સંકલન બેઠકમાં ટ્રાફિકને મુદ્દે થઈ ચર્ચા, ૧૦ વર્ષ પૂર્વેનાં રિપોર્ટની અમલવારી કરવા સૂચના

અમદાવાદઃ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તાજેતરમાં સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે યોજાયેલી સંકલનની બેઠકમાં શહેરીજનોને માટે અતિ ત્રાસદાયક ટ્રાફિકનો પ્રશ્ન ગૂંજ્યો હતો. પ્રશ્નને ઉકેલવા માટે રસ્તા પહોળા કરવા સહિતની રજૂઆતો કરવામાં આવી હતી. સાંસદ રામભાઈ મોકરિયા અને ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ જનતાને થતા સૌથી મોટા ત્રાસ, એટલે કે ભારે ટ્રાફિકજામ અને અવ્યવસ્થાના મુદ્દા પર ધ્યાન દોર્યું હતું.

શહેરના રસ્તાઓ સાંકડા હોવાથી શહેરના હજારો વાહનચાલકો પરેશાન છે અને સાથે સાથે ઇંધણનો પણ બગાડ થઈ રહ્યો છે. જેથી નાગરિકોના મૂલ્યવાન સમય અને શ્રમની બચત થાય તે માટે તાત્કાલિક પગલાં લેવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. ભવિષ્યમાં ટ્રાફિકની સમસ્યામાંથી કાયમી મુક્તિ મળે તે માટે પણ રજૂઆતો કરવામાં આવી હતી. જાહેર હિતને સર્વોપરી ગણી જ્યાં જરૂરી હોય ત્યાંના દબાણો અને ટીપી સ્કીમ્સના કારણે રસ્તા પર રહી ગયેલી કમ્પાઉન્ડ વોલને હટાવીને તાત્કાલિક રસ્તાઓ પહોળા કરવા માટે માગણી કરવામાં આવી હતી.

ધારાસભ્ય દર્શિતાબેન શાહે પણ નાગરિકોને સ્પર્શતા અન્ય મહત્વના મુદ્દાઓ પર ભાર મૂક્યો હતો. દર્શિતાબેને બાંધકામ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને ગાર્ડન શાખાના પ્રશ્નો ઉઠાવ્યા હતા. આ સાથે બાકી રહેલા લોકાર્પણ-ખાતમુહૂર્ત અને વિકાસ કામોને વેગ મળવાથી શહેરીજનોને તૈયાર થયેલી સુવિધાઓ, જેમ કે ગાર્ડન, કોમ્યુનિટી હોલ કે નવા રસ્તાઓનો લાભ સમયસર મળી શકે તે માટે પણ અવાજ ઉઠાવ્યો હતો. આ બેઠકમાં ખાસ કરીને મનપાના ઓનલાઈન પોર્ટલ/ડેશબોર્ડનો ઉપયોગ કરીને પ્રશ્નોનું નિરાકરણ લાવવાની નવીન પદ્ધતિ અપનાવવામાં આવી હતી.

ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા રજૂ કરાયેલા તમામ પ્રશ્નો, ખાસ કરીને ટ્રાફિક અને દબાણ હટાવવા સંબંધિત પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવવામાં આવે તે માટે મનપા કમિશનર તુષાર સુમેરાએ તમામ અધિકારીઓને સ્પષ્ટપણે સૂચના આપી હતી. રાજકોટ શહેરના નાગરિકોને સુખાકારીનો અનુભવ થાય અને તેઓ એક આધુનિક, વ્યવસ્થિત અને ટ્રાફિકમુક્ત શહેરના લાભો મેળવી શકે તે માટે કામગીરી કરવા માટે પણ આદેશ આપવામાં આવ્યો હતો. ■

## ભાવનગરમાંથી કૂટણખાનું ઝડપાયુંઃ ત્રણ મહિલાઓની ધરપકડ

ભાવનગરઃ શહેરના કાળાનાળા વિસ્તારમાં આવેલી ટ્રેડ સેન્ટરની અંદર સિટી સ્પા વેલનેસ નામે ચાલતા સ્પા સેન્ટરમાં મસાજની આડમાં કૂટણખાનું ચાલતું હોવાની બાતમીને પગલે પોલીસે દરોડો પાડતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. બાતમીની પુષ્ટિ - કરવા માટે પોલીસે ગુપ્ત રીતે એક વ્યક્તિને ગ્રાહક બનાવી સ્પામાં મોકલી રૂ. ૩,૦૦૦ લઈ અપાતી ગેરકાયદે સર્વિસની હકીકત બહાર કાઢી હતી, જેને આધારે તાત્કાલિક રેડ કરી સ્પામાંથી ત્રણ મહિલાઓને ઝડપી લેવામાં હતી.પોલીસ તપાસમાં ખુલ્યું હતું કે સિટી સ્પા વેલનેસનું સંચાલન સરીફાબેન અબ્બાસભાઈ સૈયદ અને તેનો પુત્ર સમીર અબ્બાસભાઈ સૈયદ મળીને કરતા હતાં. સરીફાબેન ચિત્રા માર્કેટિંગ યાર્ડ ગેટ નં. ૨ સામે મકાન ભાડે લઈ રહેતી અને મૂળ સિહોરના મોંઘીબા વિસ્તારમાં રહેતી હોવાનું સામે આવ્યું છે. ■